કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નખત્રાણા તાલુકાના મંજલ, નિરોણા, મંગવાણા, કલ્યાણપર, ભડલી, વિથોણ, સાયરયક્ષ (જખ), દેવપર (યક્ષ), અંગીયા, વીરાણી, વંગ, બીબર, જડોદર કોટડા, મથલ, નેત્રા, ખોંભડી, રવાપર, વિગોડી, ઉગેડી,
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ અભિનંદન, જાહેર ખબરમાં સંપર્ક કરો
-: સંપર્ક :-
ધાર્મિક ન્યુઝ પેપર એજન્સી (નખત્રાણા-કચ્છ)
લખન દેસાઈ મો.: 98794 59311

સાપ્તાહિક
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૦૮ જૂન, ૨૦૨૫ રવિવાર
કિંમત રૂા.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

◆અંક નંબર : ૦૩◆વર્ષ : ૩૨ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆GUJGUJ/2008/25151◆ સંવત ૨૦૮૧ ◆ જેઠ સુદ - ૧૨◆ગાંધીધામ મો.૯૮૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# મણિપુરમાં ફરી તણાવ: તંત્ર એલર્ટ

## મૈતેઇ સમુદાયના લીડરની ધરપકડથી સ્થિતિ વણસી : ૫ જિલ્લામાં ઈન્ટરનેટ બંધ





નવી દીલ્હી : મણિપુરમાં ફરી એકવાર સ્થિતિ તણાવપૂર્ણ બની રહી છે. અહેવાલ છે કે મૈતેઈ નેતાઓની ધરપકડ બાદ ઘણા વિસ્તારોમાં વિરોધ પ્રદર્શનો શરૂ થઈ ગયા હતા. પરિસ્થિતિને જોતા, મણિપુર સરકારે રાજ્યના ઈમ્ફાલ પશ્ચિમ, ઈમ્ફાલ પૂર્વ, થૌબલ, કાકચિંગ અને વિષ્ણુપુર એમાં પાંચ જિલ્લાઓમાં પાંચ દિવસ માટે ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે.આ સાથે જ આ જિલ્લાઓમાં વધુ લોકોને એકઠા થવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રાજ્યમાં વધતા તણાવ અને અફવાઓથી બચવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારને આશંકા છે કે કેટલાક લોકો સોશિયલ મીડિયા પર ભડકાઉ સંદેશાઓ અને ખોટા સમાચાર ફેલાવીને વાતાવરણ બગાડી શકે છે. સરકારના આદેશમાં કહેવામાં આવ્યું છે કે, 'આનાથી લોકોના જીવને જોખમ, સંપત્તિને નુકસાન

અનુસંધાન પાના નં.૪ પર

### આ ૬ જિલ્લાઓમાં પ્રતિબંધક આદેશો લાદવામાં આવ્યા છે

નવી દીલ્હી : આ ઉપરાંત, રાજ્યમાં હાલની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, ઈમ્ફાલ પશ્ચિમ, ઈમ્ફાલ પૂર્વ, થોઉબલ, કાકચિંગ અને વિષ્ણુપુર જિલ્લાના જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધક આદેશો જારી કરવામાં આવ્યા છે. આ સાથે, નાગરિકોને આ આદેશનું પાલન કરવા વિનંતી કરવામાં આવે છે. આ ઉપરાંત, ઈમ્ફાલ પશ્ચિમ, ઈમ્ફાલ પૂર્વ, થોઉબલ અને કાકચિંગ જિલ્લામાં ૪ કે તેથી વધુ વ્યક્તિઓના એકસાથે ઉભા રહેવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તે જ સમયે, બિષ્ણુપુરમાં સંપૂર્ણ કર્ફ્યુ લાદવામાં આવ્યો છે.

## રાજ્યની ૧૪૯ નગરપાલિકાઓને કુલ ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ રોડ રિપેરીંગ માટે ફાળવવા મુખ્યમંત્રીની મંજૂરી

**ચોમાસામાં દરમિયાન ભારે વરસાદને કારણે નુકસાન પામનાર રસ્તાઓના રિપેરીંગ - રિસરફેસિંગની કામગીરી વહેલી તકે શરૂ થાય તે માટેનું આગોતરું આયોજન : નગર પાલિકાઓની કેટેગરી મુજબ ૧ કરોડથી ૪૦ લાખ રૂપિયા સુધીની ગ્રાન્ટ ફાળવાશે**



ગાંધીનગર :મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચાલુ વર્ષે ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ભારે નુકસાન થાય તો રિસરફેસ અને રિપેરીંગ કામગીરી તાકીદે શરૂ થઈ શકે તેવું આગોતરું આયોજન કર્યું છે. આ હેતુસર, મુખ્યમંત્રી એ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી રાજ્યની ૧૪૯ નાગરપાલિકાઓને કુલ ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદને પરિણામે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ભારે નુકસાન થવું સંભવિત છે. નુકસાન પામેલા આવા રસ્તાઓનું વહેલી તકે રિસરફેસિંગ અને રિપેરીંગ કરીને નગરોમાં વધુ માર્ગ સલામતી તથા સારા રસ્તાની સુવિધા મળી રહે તેવો જનહિત અભિગમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે. એટલું જ નહિં, જે નગરોમાં રસ્તાઓની પ્રવર્તમાન

અનુસંધાન પાના નં.૪ પર

## ચૂંટણી પ્રચાર માટે ભાજપના સિનિયર નેતાઓ અને મંત્રીઓના વિસાવદરમાં ધામા

**ચૂંટણી પ્રચારમાં ભાજપનું "વિસાવદર છે મક્કમ ભાજપ સાથે અડીખમ" નું સૂત્ર ગુંજતું થયું : ભાજપ ના મંત્રીઓ પ્રદેશ નેતાઓ વિસાવદર ના ગામડાઓમાં જાહેર સભાઓ ગજવી રહ્યા છે : કોંગ્રેસે પણ સિનિયર નેતાઓને ચૂંટણી પ્રચારના મેદાનમાં ઉતાર્યા : વિસાવદર બેઠક પર ભાજપ કોંગ્રેસ અને આપ વચ્ચે ચૂંટણી પ્રચારમાં ખરાખરી નો જંગ**

ગાંધીનગર : પ્રતિષ્ઠાનો જંગ બનેલી વિસાવદર બેઠક પર ભાજપ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણી પ્રચારમાં ખરાખરીનો જંગ જામ્યો છે. ભાજપ આમ આદમી પાર્ટી ઉપર પ્રહાર કરી રહ્યું છે તો આમ આદમી પાર્ટી ભાજપ પર પ્રહાર કરી રહ્યું છે. બંને પાર્ટીઓ આક્રમક રીતે ચૂંટણી પ્રચાર કરીને પોતાના ઉમેદવારને જીતાડવા માટેના પ્રયાસ કરી રહ્યા છે. વિસાવદર બેઠક છેલ્લા ઘણા સમયથી ભાજપ જીતી શક્યું નથી ત્યારે આ વખતે ખાલી પડેલી વિસાવદર વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ભાજપ એ આ બેઠક જીતવા માટે એડી ચોટી નું જોર ચુંટણી પ્રચારમાં લગાવી દીધું છે. વિસાવદર બેઠક પર ભાજપે જૂનાગઢ જિલ્લાના પૂર્વ પ્રમુખ કિરીટ પટેલને ઉમેદવાર તરીકે ચૂંટણી જંગના મેદાનમાં ઉતાર્યા છે જ્યારે આમ આદમી પાર્ટી એ ગોપાલ ઈટાલીયા ને મેદાનમાં ઉતાર્યા છે અને કોંગ્રેસે નિતીન રાણપરીયા ને મેદાનમાં ઉતાર્યા છે.વિસાવદર બેઠક પર ભાજપ આપ અને કોંગ્રેસ વચ્ચે ખરા-ખરીનો જંગ જામ્યો છે. વિસાવદર બેઠક જીતવા માટે આ વખતે ભાજપે પ્રદેશ સંગઠનના સિનિયર નેતાઓ ઉપરાંત રાજ્ય સરકારના સિનિયર મંત્રીઓને ચૂંટણી પ્રચાર જંગના મેદાનમાં ઉતારતા રાજ્ય સરકારના સિનિયર મંત્રીઓ અને પ્રદેશના સિનિયર આગેવાનોએ વિસાવદરમાં ધામા નાખીને દરેક

અનુસંધાન પાના નં.૪ પર

## ૮મા પગાર પંચમાં પેન્શનરોને ખુશખબર: પેન્શનમાં જંગી વધારાની સંભાવના!

નવી દીલ્હી: કેન્દ્ર સરકારના પેન્શનરો માટે સારા સમાચાર છે. ૭મા પગાર પંચનો સમયગાળો ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થઈ રહ્યો છે, અને તે પછી ૮મા પગાર પંચનો અમલ થવાની પ્રબળ સંભાવના છે. જો સરકાર ૧.૯૨ અથવા ૨.૨૮ ના ફિટમેન્ટ ફેક્ટરને મંજૂરી આપે છે, તો પેન્શનમાં નોંધપાત્ર વધારો જોવા મળશે, ખાસ કરીને જૂના પગાર ગ્રેડમાં નિવૃત્ત થયેલા પેન્શનરોને સીધો લાભ થશે.કેન્દ્ર સરકારના લાખો પેન્શનરો માટે રાહતના સમાચાર આવી રહ્યા છે. ૭મા પગાર પંચનો કાર્યકાળ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ પૂર્ણ થઈ રહ્યો છે, અને તે પછી ૮મા પગાર પંચનો અમલ થવાની શક્યતાઓ છે.

## ભરતી માટે સ્પોર્ટ ઓથોરિટી ઓફ ગુજરાત ટૂંકમાં ભરતીની જાહેરાત બહાર પાડશે

**સ્પોટ્ર્સ ઓથોરિટી ઓફ ગુજરાત ડિસ્ટ્રિક્ટ કોચ સહિત વહીવટી અધિકારીઓની ૧૬૩ જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરશે : રમત ગમત વિભાગે વહીવટી અધિકારીઓ સહિત રમતગમત અધિકારી અને જિલ્લા કોચની જગ્યાઓ મંજૂર કરી**

ગાંધીનગર : રાજ્યના તમામ જિલ્લાઓમાં રમતગમત ક્ષેત્રે યુવા ખેલાડીઓને દરેક રમતમાં તાલીમ મળી રહે તે માટે રાજ્યમાં જિલ્લા કોચની જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે અને રાજ્ય સરકારના રમતગમત અને સેવા અને સાંસ્કૃતિક વિભાગે ગુજરાત સ્પોટ્ર્સ ઓથોરિટી ને વહીવટી અધિકારીઓની તેમજ રમતગમત અધિકારીઓની જિલ્લા કોચોની જગયાઓ ની મંજૂરી આપી છે. આ માટે વિભાગ દ્વારા જરૂરી જગ્યાઓની વહીવટી મંજૂરી આપતા હવે આગામી ટૂંક સમયમાં ગુજરાત સ્પોર્ટસ ઓથોરિટી દ્વારા જાહેરાત બહાર પાડીને ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.રાજ્યના રમતગમત સેવા અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા ગુજરાત સ્પોટ્ર્સ ઓથોરિટીમાં નાયબ નિયામક ઝોનલ રમત ગમત, વહીવટી અધિકારી આસિસ્ટન્ટ

અનુસંધાન પાના નં.૪ પર

## '૩૦ વર્ષમાં ભાજપ કાટવાળું થઈ ગયું છે!' : શંકરસિંહ વાઘેલા



ગાંધીનગર : પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના વડા અને રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ ગુજરાત પેટા ચૂંટણીઓ અંગે ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે લોકોને ભાજપને મત ન આપવા અપીલ કરી છે. પીટીઆઈને આપેલા નિવેદનમાં તેમણે કહ્યું, 'ભાજપ ૩૦ વર્ષથી સત્તામાં છે, આ સમય દરમિયાન લોખંડ પણ કાટ ખાઈ જાય છે અને ધૂળમાં ફેરવાઈ

અનુસંધાન પાના નં.૪ પર

## ભાજપના આગામી રાષ્ટ્રીય અધ્યક્ષ કોણ હશે : ક્યારે થશે જાહેરાત? 3 દાવેદારો પર બધાની નજર

**જૂનના અંત સુધીમાં નવા પ્રમુખની જાહેરાત થઈ શકે : ભાજપ પ્રમુખની ચૂંટણી માટેની સૌથી મોટી શરત થઈ ગઈ છે પુરી**

નવી દીલ્હી : ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી ઘણા સમયથી મુલતવી રાખવામાં આવી છે, પરંતુ હવે એવા સમાચાર છે કે તેની જાહેરાત ટૂંક સમયમાં થઈ શકે છે. જોકે પાર્ટીએ હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરી નથી, અહેવાલો દાવો કરી રહ્યા છે કે નવા પ્રમુખ માટે આંતરિક ચર્ચાઓ ચાલી રહી છે અને ઔપચારિક પ્રક્રિયા (ભાજપ પ્રમુખ ચૂંટણી) જૂનના મધ્ય સુધીમાં શરૂ થઈ શકે છે.

ખાનગી પોર્ટલના અહેવાલ મુજબ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ મોટાભાગના રાજ્યોમાં સંગઠનાત્મક ચૂંટણીઓ પૂર્ણ કરી લીધી છે, જે આગામી રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી પહેલા પાર્ટી બંધારણ હેઠળ જરૂરી શરત છે. ઉત્તર પ્રદેશમાં ૭૦ જિલ્લા પ્રમુખોની તાજેતરની જાહેરાતથી એવી અટકળોને વેગ મળ્યો છે કે કેન્દ્રીય નેતૃત્વ ટૂંક સમયમાં ભાજપ પ્રમુખ પદ અંગે નિર્ણય લઈ શકે છે. જો કે, એવું કહેવામાં આવી રહ્યું છે કે ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાને કારણે આ પ્રક્રિયા મુલતવી રાખવામાં આવી હતી.

અહેવાલ મુજબ, પક્ષના સૂત્રોએ સંકેત આપ્યો છે કે ભારતીય જનતા પાર્ટી રાષ્ટ્રીય સ્તરે પક્ષ પ્રમુખની નિમણૂક પહેલાં ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને ઉત્તરાખંડ સહિતના મુખ્ય રાજ્યોમાં નવા રાજ્ય એકમના પ્રમુખોને અંતિમ સ્વરૂપ આપી શકે છે. ઉત્તર પ્રદેશમાં જાતિ સમીકરણો મહત્વપૂર્ણ છે અને બ્રાહ્મણ ચહેરા પર વિચારણા કરવામાં આવી રહી હોવાનું કહેવાય છે. જો કે, આ દરમિયાન, પક્ષના કેટલાક વર્ગોમાં OBC નેતાની માંગ વધી રહી છે.

મધ્યપ્રદેશમાં હાલના નેતૃત્વ માળખામાં એક OBC મુખ્યમંત્રી અને એક બ્રાહ્મણ રાજ્ય પ્રમુખ છે. સૂત્રો કહે છે કે પાર્ટી હવે એક આદિવાસી નેતાને રાજ્ય પ્રમુખ તરીકે નિયુક્ત કરવાનું વિચારી રહી છે. ઉત્તરાખંડમાં, એક બ્રાહ્મણ નેતા રાજ્ય પ્રમુખ પદ માટે સૌથી આગળ હોવાનું કહેવાય છે. જોકે, પાર્ટી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.ભાજપ અધ્યક્ષ પદ માટે ત્રણ નામો ઉભરી રહ્યા છે, જેમને દાવેદાર માનવામાં આવે છે. કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, શિવરાજ સિંહ ચૌહાણ અને મનોહર લાલ ખટ્ટરના નામો પર વિચાર કરવામાં આવી રહ્યો છે. ધર્મેન્દ્ર પ્રધાન ઓડિશાના એક અગ્રણી OBC નેતા છે, જેઓ તેમના સંગઠનાત્મક કુશળતા અને કેન્દ્રીય નેતૃત્વ સાથે નિકટતા માટે જાણીતા છે. શિવરાજ સિંહ ચૌહાણ લાંબા સમયથી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી રહ્યા છે અને તેમને પાયાના સ્તરનો અનુભવ ધરાવતા જન નેતા તરીકે જોવામાં આવે છે. તે જ સમયે, મનોહર લાલ ખટ્ટર સાતત્ય અને વહીવટી અનુભવનું પ્રતિનિધિત્વ કરી શકે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાર્ટીની અંતિમ પસંદગી સંગઠનાત્મક અનુભવ, પ્રાદેશિક પ્રતિનિધિત્વ અને જાતિ સંતુલનને ધ્યાનમાં રાખીને કરી શકાય છે.

વર્તમાન રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા જાન્યુઆરી ૨૦૨૦ થી આ પદ પર છે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓમાં પાર્ટીને આગળ વધારવા માટે તેમનો કાર્યકાળ વધારવામાં આવ્યો હતો. જોકે, હવે નેતૃત્વ પરિવર્તનની વાતોએ જોર પકડ્યું છે. ચૂંટણી પ્રક્રિયાની દેખરેખ માટે એક કેન્દ્રીય ચૂંટણી સમિતિની રચના થવાની અપેક્ષા છે, જેમાં ઉમેદવારીપત્રો દાખલ કરવા, ચકાસણી અને જરૂર પડ્યે મતદાનનો સમાવેશ થશે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી કે જેપી નડ્ડાને બીજી પૂર્ણ મુદત આપવામાં આવશે કે પાર્ટી કોઈ નવો ચહેરો પસંદ કરશે.

## રશિયા ગમે ત્યારે યુક્રેન પર કરી શકે છે પરમાણુ હુમલો : બ્રિટિશ કર્નલના દાવાથી વિશ્વના દેશો ચિંતામાં

નવી દીલ્હી : બ્રિટિશ કર્નલ રિચર્ડ કેમ્પે એક ગંભીર ચેતવણી આપી છે કે રશિયા - યુક્રેન પર ટેકટિકલ પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરી શકે છે. તેમા પણ ખાસ કરીને યુક્રેનના એરફિલ્ડને ટાર્ગેટ બનાવીને આ પ્રકારનો હુમલો કરી શકે છે. કેમ્પનું કહેવું છે કે રશિયાના રાષ્ટ્રપતિ પુતિન તેમની સત્તાનું પ્રદર્શન કરવા અને યુક્રેનના પ્રતિકારને તોડવા માટે આ પગલું ઉઠાવી શકે છે.કર્નલ કેમ્પે જણાવ્યું હતું કે આ ડરામણી હકીકત છે કે આ રણનીતિ કામ કરી શકે છે. વિશ્વના નેતાઓ યુક્રેનને લઈને પરમાણુ શસ્ત્રોનો જવાબ નહીં આપે. તેમનું માનવું છે કે પુતિન આ પ્રકારનું પગલું ઉઠાવીને તેમની તાકાત સાબિત કરવા માંગે છે. તે યુક્રેન હાર સ્વીકારી લે તે માટે તેને લાચાર બનાવવા માંગે છે.કેમ્પનું કહેવું છે કે પુતિન માટે આ જોખમી નિર્ણય હોઈ શકે છે, પરંતુ યુદ્ધમાં પોતાની સ્થિતિ મજબૂત કરવા તે આ નિર્ણય લઈ શકે છે.રશિયા-યુક્રેન

અનુસંધાન પાના નં.૪ પર

### તિકડમ !
– દેવેન વ્યાસ




## મોડી રાતે ભૂકંપના ઝટકાથી ધણધણી દિલ્હીની ધરતી : જમીનથી ફક્ત ૫ કિમી નીચે થઈ હલચલ

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : રાષ્ટ્રીય રાજધાની દિલ્હીની ધરતી ફરી એકવાર ભૂકંપના આંચકાથી ધ્રુજી ઉઠી છે. દિલ્હીમાં મોડી રાત્રે ભૂકંપ આવ્યો છે. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપ ની તીવ્રતા ૨.૩ માપવામાં આવી છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NCS) અનુસાર, દિલ્હીમાં રાત્રે ૧:૨૭:૦૧ વાગ્યે ભૂકંપના આંચકા આવ્યા છે. આ ભૂકંપ નું કેન્દ્ર અક્ષાંશ: ૨૮.૫૩ ઉત્તર, રેખાંશ: ૭૭.૩૨ પૂર્વ હતું.

ભૂકંપની ઊંડાઈ જમીનથી માત્ર ૫ કિલોમીટર નીચે હતી. તેનું કેન્દ્ર દક્ષિણ પૂર્વ દિલ્હી હતું. શનિવારે મોડી રાત્રે દિલ્હીમાં આવેલા ભૂકંપની તીવ્રતા ખૂબ ઓછી હતી. આ કારણે, કોઈ પણ પ્રકારના નુકસાનના સમાચાર નથી. દિલ્હીમાં ભૂકંપ આવ્યો ત્યારે મોટાભાગના લોકો સૂઈ રહ્યા હતા.

૨૦૨૫માં દિલ્હી અને ફ્રઝઈમાં ઘણી વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. આ વર્ષે ૧૭ ફેબ્રુઆરી મહિનામાં દિલ્હીમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેનું કેન્દ્ર દિલ્હીના ધૌલા કુઆનના ઝીલ પાર્ક વિસ્તાર નજીક હતું. આ ભૂકંપ જમીનથી ૫ કિલોમીટર નીચે આવ્યો હતો.

આ ભૂકંપ સવારે ૫:૩૬ વાગ્યે આવ્યો હતો. ૬-૭ સેકન્ડ માટે આંચકા અનુભવાયા હતા. દિલ્હીની સાથે ગુરુગ્રામ, નોઈડા, ફરીદાબાદ અને ગાઝિયાબાદમાં પણ આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ થી દિલ્હી-NCRમાં કોઈ નુકસાન થયું નથી.

## કોલંબિયાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારને માથામાં વાગી ગોળી : હાલત ગંભીર

નવી દીલ્હી : કોલંબિયાના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર મિગુએલ ઉરીબેને બોગોટામાં એક કાર્યક્રમમાં ગોળી મારી દેવામાં આવી હતી. તેઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. એક અહેવાલ અનુસાર,ઉરીબેની હાલત ગંભીર છે. ગોળીબારના સંદર્ભમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. તેમની પાર્ટી, સેન્ટ્રો ડેમોક્રેટિકો કન્ઝર્વેટિવ પાર્ટીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓ એક પ્રચાર કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા હતા ત્યારે તેમના માથામાં ગોળી વાગી હતી.બોગોટાના મેયર કાર્લોસ ફર્નાન્ડો ગાલાને પુષ્ટિ આપી હતી કે શંકાસ્પદ બંદૂકધારીને ઘટનાસ્થળેથી પકડી લેવામાં આવ્યો છે અને કહ્યું હતું કે સુરક્ષા દળોએ હુમલાખોરને ઝડપી લેવા માટે ઝડપથી કાર્યવાહી કરી હતી. સંરક્ષણ પ્રધાન પેડ્રો સાંચેઝે બાદમાં જાહેરાત કરી હતી કે આ પ્રયાસ પાછળના લોકોની ઓળખ કરનાર માહિતી આપનારને ૩ અબજ કોલમ્બિયન પૈસાનું ઈનામ આપવામાં આવશે.

FAST - RELIABLE - ON TRACK
KUTCH EXPRESS
A DEDICATED TRAIN PARCEL SERVICE FROM
BHUJ & GANDHIDHAM TO MUMBAI
BY
SHREE RAM CARGO FORWARDING
LAUNCHING FROM 9-6-2025
PRIVATELY LEASED FOR PRIORITY LOGISTICS
TIMELY, SECURE DELIVERIES
CONTACT
RAVI SHARMA
9327030432
SAURABH SHARMA
9723452633
VARUN SHARMA
9879600800

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય

**તંત્રી સ્થાનેથી....**

**જેઠ સુદ - ૧૨, તા.૦૮ જૂન, રવિવાર**

# દોસ્ત - દોસ્ત ન રહાં..!



અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને દુનિયાનાં સૌથી અમીર વ્યકિત એલોન મસ્ક વચ્ચેની મિત્રતા હેડલાઇન્સમાં રહી છે, હવે દુશ્મનીની વાતો પણ એટલી જ ફેમસ થઇ રહી છે. ટ્રમ્પ મસ્કના એકસ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર હુમલો કરી રહ્યાં છે. સ્થિતિ એ હદે પહોંચી ગઈ છે કે મસ્કે ટ્રમ્પને ઉપ કાર ભુલી જનાર કહ્યાં હતાં અને પ્રમુખપદેથી દૂર કરવા જણાવ્યું હતું, ત્યારબાદ ટ્રમ્પે મસ્કને પાગલ વ્યકિત કહ્યાં હતાં. એલોન મસ્ક હવે ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસનથી અલગ થઈ ગયાં છે અને આ સાથે જ તેઓ ખુલ્લેઆમ તેમની સામે આવી ગયાં છે. ખાસ કરીને ગુરૂવારે રાત્રે અને શુક્રવારે બંને વચ્ચે ઉગ્ર ચર્ચા થઇ હતી. મસ્ક ખાસ કરીને ટ્રમ્પના બિગ બ્યૂટીફૂલ બિલથી નારાજ છે.તેમણે આ વાતને નકામી ગણાવી હતી અને કહ્યું હતું કે, ટ્રમ્પને પદ પરથી હટાવી દેવા જોઇએ અને તેમની જગ્યાએ વાઇસ પ્રેસિડન્ટ જે.ડી.વેન્સને પ્રેસિડન્ટ બનાવવા જોઇએ. જો કે વેન્સ હજુ પણ ટ્રમ્પ સાથે જોવા મળી રહ્યાં છે. બંને વચ્ચે વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે ગુરૂવારે રાત્રે ટ્રમ્પને બિગ બ્યૂટી બિલ પર મસ્કના વલણ વિશે પૂછવામાં આવ્યું. ટ્રમ્પે કહ્યું કે, ‘‘આ બિલ શાનદાર છે. ‘‘તે દેશના ઈતિહાસમાં સૌથી મોટો કટ છે, જેણે અમેરિકાને ફરીથી મહાન બનાવ્યું છે!‘‘ તેમણે કહ્યું કે મસ્કને પહેલાથી જ બિલની જાણ હતી પરંતુ જ્યારે તેમને ખબર પડી કે ઈલેક્ટ્રિક વાહન પર રાહત ઘટાડવામાં આવશે ત્યારે તેમને વાંધો આવ્યો. સાથે જ મસ્કે કહ્યું કે મને ટેકસ અને ખર્ચ બિલ બિલ વિશે કંઇ ખબર નથી. આ રીતે ચાલ્યું વાકયુદ્ધટ્રમ્પ અને મસ્ક વચ્ચે-વચ્ચે વિવિધ મુદ્દાઓ પર મતભેદ હતાં, પરંતુ ૫ અને ૬ જૂને બંને વચ્ચેનું વાકયુદ્ધ ચરમસીમાએ પહોંચ્યું હતું. ઈવી સબસિડી નાબૂદ થવાથી ગુસ્સે ભરાયેલા મસ્કે ટ્રમ્પના બિલની ટીકા કરી હતી, ત્યારબાદ ટ્રમ્પે પણ વળતો જવાબ આપ્યો હતો. આ પછી, બંનેએ એકબીજાને ઘણું બધું કહ્યું હતું. અહેસાન ફરામોશ. ટ્રમ્પને હટાવો, જે.ડી.વેન્સને લાવો. અમે નાસા માટે ડ્રેગન અવકાશયાનને ડી-કમિશન કરવા જઈ રહ્યાં છીએ. જો કે થોડા સમય બાદ મસ્કે કહ્યું કે ડ્રેગન ડી કમિશન નહિ થાય.

## ચિત્રોડમાં ઘાતક હથિયારો વડે સામ સામે મારામારી

રાપર : તાલુકાના નવા ચિત્રોડ રોડ પર પાસે આવેલ હનુમાન મંદિરની બાજુમાં ઘાતક હથિયારો વડે મારામારી થઈ હતી. ફરિયાદી સોહિલભાઈ રમજુભાઈ રાઉમાના જણાવ્યા મુજબ આરોપી ચંદુ ઉર્ફે દિલીપ સુરાભાઈ કોલી, મુકેશ સુરાભાઈ ગોહિલ, બકુલ દિનેશ ગોહિલ, મુકેશનો બનેવી હરેશ સામળિયાએ ઝઘડો કરી છરી વડે ઈજાઓ પહોંચાડવા સાથે મુઢ માર માર્યો હતો. જ્યારે સામે પક્ષે ચંદુભાઈએ ફરિયાદમાં જણાવ્યું કે, આરોપી સોહિલ તેમજ સદામ રમજુ રાઉમા, ઉમેશ હિરા ગોહિલ, કિરણ હીરા ગોહિલે છરા-ધારિયા વડે મારવાનો પ્રયાસ કરી પથ્થરનો ઘા કરતા ઈજાઓ થવા પામી હતી. જેથી ગાગોદર પોલીસે સામ સામે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ભુજની કુંભારવાળી મસ્જિદ ખાતે ઈદ નમાજ અદા કરાઈ



ભુજ : શહેરની મસ્જીદે રોશન એ મુસ્તફા - વાગડીયા કુંભાર વાળી મસ્જિદ ખાતે ભાઈઓએ ઈદ નમાઝ અદા કરાઈ હતી. ખૂતબો મોલાના ઉસ્માન ગનીએ હઝરત ઈબ્રાહીમ અલૈહિસ્સલામ અને હઝરત ઈસ્માઈલ અલૈહિસ્સલામની કુરબાનીના વાકિયાને યાદ કરી કુરબાનીનું મહત્વ સમજાવ્યું હતું. ભાઈઓએ એકબીજાને ગળે મળી ઈદ મુબારક બાદી પાઠવી હતી. ઈદના પવિત્ર દિવસે મુસ્લિમ બિરાદરોએ ભાઈચારા, પ્રેમ અને એકતાની ભાવના સાથે ઉજવણી કરી જે ઈસ્લામનો સુંદર સંદેશ છે. સમગ્ર લખુરાઈ વિસ્તાર ના મુસ્લિમ બિરાદરોએ ઈદ નમાઝ અદા કરી હતી. તેવુ હાજી અલી નવાઝીએ જણાવ્યું હતું.



વિથોણ ખાતે મુસ્લિમ સમાજ દ્વારા ઈદ ઉલ અદહાની ઉજવણી કરી હતી. નમાઝ અને ખુતબો મોલના સાજીદ સાટીએ પઢાવી હતી. મુસ્લિમ બિરાદરોએ એકબીજાને ભેટીને ઈદની શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે આગેવાનો કુંભાર સધીક ચાકી હુસેન, ચાકી સતાર, કુંભાર સધીક, લુહાર કાસમ, લાલા ખત્રી, સમેજા જાવેદ, રાજા હનીફ, કાસમ રાયમા, ઈસાભા નોડે વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.



નખત્રાણા મુસ્લિમ બિરાદરોએ નવાનગર ઈદગાહ મધ્યે નમાજ પડી ભાઈચારાની પ્રાર્થના કરી હતી. મૌલાના અબ્દુલ સતાર દ્વારા નમાજ અદા પર કરાવી હતી. મુતવલી સુલેમાન લુહાર, હાજી ઈબ્રાહીમ રાયમા, હાજી હારૂ લુહાર, હાજી મુસા કુંભાર, હજી અનવર ચાકી, હાજી સુલેમાન કુંભાર, ખમીસા ખત્રી, કાસમ ખલીફા, મોહમ્મદ હુસેન નોડે, મહેમુદુ સુમરા સહિતના હાજર રહ્યા હતા.

# સાંસદ ક્રિકેટ ટૂર્નામેન્ટમાં મહિલા ટીમો વચ્ચે જંગ



**કચ્છના સાંસદ વિનોદ ચાવડાના હસ્તે કરાયો પ્રારંભ : ૧૬ મહિલા ટીમો વચ્ચે ખેલાશે સીઝન-૩નો ખિતાબી જંગ**



ભુજ : કચ્છ જિલ્લામાં ક્રિકેટની રમત ખાસ આકર્ષણ ધરાવે છે. ભુજમાં જ્યુબિલી ગ્રાઉન્ડ ખાતે દર વર્ષે કચ્છ લોકસભા પરિવારના ઉપક્રમે સમાજ નવનિર્માણ ટ્રસ્ટના સૌજન્યથી સાંસદ ડે-નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન કરાય છે. છેલ્લા ૩ મહિનાથી ચાલછી રહેલી આ સ્પર્ધામાં કચ્છની ૬૦૦ જેટલી ટીમો ભાગ લઈ રહી છે. જિલ્લાની સૌથી મોટી ડે-નાઈટ ક્રિકેટ સ્પર્ધામાં હવે મહિલા ટીમો વચ્ચે જંગ શરૂ થયો છે. શનિવારે સાંજે કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડાના હસ્તે સાંસદ મહિલા ક્રિકેટ ટૂર્નામેન્ટ સીઝન-૩નો પ્રારંભ કરાયો હતો, જેમાં ૧૬ મહિલા ટીમો વચ્ચે ખિતાબી જંગ રમાશે. સાંસદ વિનોદભાઈ ચાવડાએ તમામ મહિલા ટીમના ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

## વિશ્વ પર્યાવરણ દિવસે ભચાઉ લાયન્સ કલબ દ્વારા વૃક્ષારોપણ



ભચાઉ : વિશ્વ પર્યાવરણ દિવસ અને સેક્રેટરી યુધિષ્ઠિરભાઈ મહેશ્વરીના ૭૫મા જન્મદિવસ નિમિતે રવજી લાલજી છાડવા વિશા ઓશવાળ જૈન બોર્ડિંગમાં ૭૫ વૃક્ષનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. લાયન્સ કલબ ભચાઉના પ્રમુખ ડો. ધર્મેન્દ્ર પરમાર, સેક્રેટરી યુધિષ્ઠિરભાઈ માહેશ્વરી, પ્રોજેક્ટ ચેરમેન જયેન્દ્રભાઈ શાહ, આચાર્ય હરેશભાઈ દરજી, જીતેન્દ્રભાઈ જોશી, ઈશ્વરભાઇ જોશી અને જૈન બોર્ડનીના સ્ટાફ હાજર રહ્યો હતો. જૈન બોડીના આચાર્ય હરેશભાઈ દરજીએ જણાવ્યું કે, વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે તે દરેક છોડ યોગ્ય માવજત કરવામાં આવશે.

# ભુજની હોટેલને રાષ્ટ્રીય સ્તર પર ‘બેસ્ટ ફૂડ’નો એવોડ પ્રાપ્ત

ભુજ : મુંબઈના નેસ્કો સેન્ટર મધ્યે હાલમાં ફૂડ કોનોઈઝર્સ (ફૂડ કોનોઇઝર્સ) દ્વારા ૨૦૦૦ જેટલા એટેન્ડીસ વચ્ચે ભુજના ટાઈમ સ્કવેર કલબ એન્ડ સ્પા ના ‘નમક’ રેસ્ટોરન્ટને બેસ્ટ ફૂડ કેટેગરીનો એવોર્ડ આપી સન્માનિત કરાયા હતા. આ આયોજન રાષ્ટ્રીય સ્તરે કરવામાં આવે છે.

હાલમાં જ ૫ સ્ટાર કેટેગરી મેળવનાર આ કલબે ભારતના વેસ્ટ ઈન્ડિયાના ફૂડ એન્ડ બેવરેજીસ કન્વેન્શનમાં ભાગ લીધો હતો, જેમાં માત્ર કવોલિટી અને સર્વિસને ધ્યાનમાં રાખી એવોર્ડ અપાયા હતા. આ સન્માન ભારતના વિખ્યાત શેફ અને સ્પર્ધાના જ્યુરી એવા એવા હેમંત ઓબેરોય, દેવીન્દરકુમાર, હરપાલસિંઘ શોખી, કૃણાલ વિજયકર, શત્ભી બાસુ, અમનીંદર સંધુ, મિશેલ સ્વામી, અજીત બાલ્ગી, અનન્યા બેનર્જી, શેરી મહેતાની પસંદગી બાદ આપવામાં આવ્યું હતું.નમકને મળેલી આ સિદ્ધિ વિશે જણાવતા ઓમ ભદ્રેશભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, શરૂઆતમાં ભારતના શ્રેષ્ઠ શેફને કચ્છ સુધી લઈ આવવામાં ખૂબજ તકલીફ થતી હતી કારણ કે, તેમના માટે આ તદ્દન નવો વિસ્તાર હતો. આ કલ્ચર કચ્છમાં સ્થાપિત જ ન હતું, પરતુ અમે આ ફાઈન ડાઈન રેસ્ટોરન્ટ માટે પસંદગી કરાયેલા અને ઉત્કૃષ્ટ સ્વાદ આપી શકે તેવા શેફને બોલાવ્યા અને કચ્છના લોકોને તેમના સ્વાદનો અનુભવ કરાવ્યો અને હવે કચ્છીઓના સ્વાદ અને શેફના અનુભવને જોડોને વધુને વધુ સ્વાદપ્રિય વ્યંજનો પીરસવામાં આવે છે, જેને સરાહના મળતા ખૂબજ આનંદ થાય છે.





**ફૂડ કોનોઈઝર્સ આયોજીત ભારતના સૌથી મોટા ફૂટ એન્ડ બેવરેજીસ કન્વેન્શનમાં ટાઈમ સ્કવેર કલબ, રિસોર્ટ એન્ડ સ્પા ને ‘શ્રેષ્ઠ મલ્ટી કુઝીન રેસ્ટોરન્ટ અને શ્રેષ્ઠ લકઝરી ડાઈનિંગ‘નો પ્રથમ એવોર્ડ એનાયત કરાયો**

ફાઈવ સ્ટાર પ્રોપટીના રેસ્ટોરન્ય તરીકે દરેક ધોરણે ઉતિર્ણ થયેલા રેસ્ટોરન્ટના નામ વિશે જણાવતા કહ્યું હતું કે, જે રીતે દરેક વાનગીમાં નમકની જરૂર પડે એ જ રીતે અમારા મહેમાનોના દરેક અવસરને દિપાવવા એમની સેવામાં ‘નમક’ તત્પર રહેશે.

## ધમડકા પાસે બોલેરો હડફેટે બાઈક પર જતા બે યુવક ઘવાયા

ભુજ : ભુજ-ભચાઉ હાઈવે રોડ પર ધમડકા ગામ પાસે બોલેરો હડફેટે બાઈક પર જતા બે યુવક ઘવાયા હતા. ફરિયાદી ગણેશભાઈ વશરામભાઈ ગરવાના જણાવ્યા પ્રમાણે તેઓ બાઈક લઈને રસ્તા પર ચડતા હતા એ દરમિયાન આરોપી મહિન્દ્રા પીકઅપ ગાડી નં. જીજે૧૨ - બીડબ્લ્યુ - ૨૦૧૧ ના ચાલકે પૂર ઝડપે ગાડી ચલાવી ટક્કર મારતા ફરિયાદી અને બાઈક ચાલક યશ ગરવાને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતા દુધઈ પોલીસમાં ગુનો દાખલ કરાયો હતો.

## ગાંધીધામમાં મોટર બંધ કરવા મુદ્દે શ્રમિકની હત્યા કરનાર આરોપીને ઝડપી લેવાયો



ગાંધીધામ : તાલુકાના પડાણામાં સુધીર એન્ડ સન્સ ઈમ્પોર્ટ કંપની ખાતે આવેલી ઓરડીમાં રહેતા માણસો વચ્ચે પાણીની મોટર બંધ કરવા જેવી સામાન્ય બાબતે ઝઘડામાં સંજયકુમાર ચૌધરીને લાકડાની પટ્ટી વડે માથાના ભાગે માર મારવામાં આવતા ગંભીર ઈજાઓ થવાના કારણે સારવાર દરમિયાન મોત થતા મામલો હત્યામાં ફેરવાયો હતો. જે અંગે બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ થયા બાદ પોલીસે આરોપી બિહારના ગુરુદેવકુમાર પ્રમોદ શર્માને ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## મુંબઈ- કચ્છ તેજસ એક્સપ્રેસ ટ્રેનને ડેઈલી કરો

ભચાઉ : કચ્છ માટે અઠવાડિયામાં ૧ દિવસ ચાલતી તેજસ એક્સપ્રેસ ડેઈલી ચાલું કરવા માંગ કરી છે. જો તેજસ એક્સપ્રેસ દરરોજ શરૂ થઈ જાય તો મુંબઈથી કચ્છ આવનારા અને જનારાઓને મોટી રાહત થઈ શકે છે. હાલે સયાજીનગરી અને કચ્છ એક્સપ્રેસમાં રોજ ટિકિટના પ્રોબ્લેમ થાય છે મોટેભાગે રીઝર્વેશન મળતું જ નથી, જેના કારણે લોકો હેરાન થવું પડે છે. ટીકીટ ન મળતી હોવાના કારણે લોકોએ ભૂજ સુધી બસમાં જવું પડે છે. સમય સાંજે ૫ વાગ્યાની આસપાસ હોય તો લોકો પોતાનું દિવસભરનું કામકાજ પતાવીને સાંજે ટ્રેનમાં બેસી જાય અને સવારે કચ્છ પહોંચી જાય તેવું ભરત શાહે એક યાદીમાં જણાવ્યું છે.

## વસાવાંઢમાં બંદૂક સાથે યુવકની અટકાયત



રાપર : તાલુકાના વસાવાંઢ ડાભુંડા ગામેથી હાથ બનાવટની દેશી બંદૂક સાથે યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો. ઘરની પાછળ વાડામાં બંદૂક છુપાવવામાં આવી હતી. જે કબજે કરી ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસે રાજુ નિલાભાઈ કોલી પાસેથી ૫ હજારની બંદૂક કબજે કરી હથિયારધારાના ભંગ બદલ કાર્યવાહી કરી છે.

## નખત્રાણામાં ચોરાઉ બાઈક સાથે યુવકને ઝડપી લેવાયો

ભુજ : નખત્રાણામાં વિશ્વકર્મા માર્કેટ પાસે શંકાસ્પદ બાઈક લઈને ઊભેલા નાના કાદિયા ગામના મનોજ લખમશી પાયણને અટકાવી તેના કબજામાં રહેલી બાઈક બાબતે આધાર-પુરાવા માંગતા મળી આવ્યા ન હતા. બાઈક કોની પાસેથી લીધી તે બાબતે પુછપરછ કરતા તેના મામા વરમસેડાના વેલજીભાઈ જેપાર પાસેથી લીધી હોવાની કબૂલાત આપી હતી. જોકે, આધાર-પુરાવા ન હોવાથી પોલીસે બાઈક કબજે કરી નખત્રાણા પોલીસને હવાલે કર્યો હતો.



# ભુજની ભાગોળે નવનિર્મિત યોગેશ્વર મહાદેવ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

**ત્રિ-દિવસીય ધર્મોત્સવ નિમિતે વિવિધ ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા : કચ્છના સાંસદ વિનોદ ચાવડા સહિત સામાજિક - રાજકીય ક્ષેત્રના મહાનુભાવોએ દર્શનનો લીધો લાભ : સહયોગી દાતાઓ અને આગેવાનોનું સમિતિ દ્વારા કરાયું સન્માન**





ભુજ : શહેરની ભાગોળે એમઈએચ રોડ પર આવેલા યોગેશ્વરધામ ખાતે નવનિર્મિત યોગેશ્વર મહાદેવ મંદિરનો ત્રિ-દિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. જેઠ સુદ ૧૧ ભીમ અગિયારસથી ત્રિ-દિવસીય મહોત્સવનો પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે ગણપતિ પૂજન, મંડપ પ્રવેશ, વાસ્તુ આદિ દેવતાનું પૂજન, જલયાત્રા ઉપરાંત રાત્રે કુમારી દેવાંશી સોમપુરા દ્વારા સાંસ્કૃતિક પ્રસ્તુતિ અને દાંડિયારાસના કાર્યક્રમ યોજાયા હતા. દ્વિતિય દિવસે શોભાયાત્રા, પ્રતિષ્ઠા હોમ, સંતવાણી - ડાયરો અને તૃતિય દિવસે પ્રાણ પ્રતિષ્ઠા હોમ, આરતી, થાળ, દાતા અને મહાનુભાવોના સન્માન સાથે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના આચાર્ય પદે દુર્ગેશભાઈ શાસ્ત્રી (સુખપર)એ ભૂદેવો સાથે પ્રતિષ્ઠા યજ્ઞ મહોત્સવ સંપન્ન કરાવ્યો હતો. મુખ્ય દાતા તરીકે સ્વ. રમીલાબેન નેમચંદભાઈ મહેતા તથા સ્વ. નેમચંદભાઈ કપુરચંદ મહેતા હસ્તે વિપુલ નેમચંદ મહેતા, અતુલ નેમચંદ મહેતા પરિવાર રહ્યો હતો. મહાપ્રસાદના દાતા તરીકે દીપ કનુભાઈ ઠક્કર, સુરેશભાઈ મારવાડા, ફરાળી પ્રસાદના દાતા તરીકે વિનોદભાઈ પુરૂષોત્તમ સોલંકી રહ્યા હતા. ત્રિ-દિવસીય મહોત્સવ પ્રસંગે કચ્છના સાંસદ વિનોદ ચાવડા સહિતના સામાજિક અને રાજકીય ક્ષેત્રના આગેવાનોએ દર્શન, પૂજનનો લાભ લીધો હતો. નિર્માણ કાર્યમાં ઈજનેર તરીકે પ્રશાંતભાઈ સોમપુરાએ સહયોગ આપ્યો હતો. યોગેશ્વર મહાદેવ મંદિર સમિતિના હરીશભાઈ ભાટિયા, સુરેશભાઈ મારવાડા, વિનોદ ચૌહાણ, સુધીર ઠક્કર, વિનોદ ઠક્કર, અનિલગર ગુંસાઈ, કનુભાઈ ઠક્કર, જયસુખ માણેક, જયેશ પટેલ, બલભદ્રસિંહ જાડેજા, નિહાર ગુંસાઈ, અશોક દરજી, હરિલાલ યાદવ, સીમાબેન મહેતા, દીપભાઈ ચંદે સહિત સમિતિના સભ્યો, મહિલા અને યુવા સ્વયંસેવકો, યોગેશ્વરધામ સોસાયટીના રહેવાસીઓએ આયોજન અને વ્યવસ્થા સંભાળી હતી.

## ગાંધીધામના ગણેશનગરમાં આધેડને ચોર સમજી આડેધડ માર મરાયો

ગાંધીધામ : શહેરના ગણેશનગરમાં આધેડને ચોર સમજી આડેધડ માર મારવામાં આવતા ફરિયાદ નોંધાઈ છે. ફરિયાદી ભરતભાઈ કન્નરના જણાવ્યા મુજબ તેઓ નાગશીભાઈ ધેડાના ઘર પાસે ઊભા હતા ત્યારે આરોપી નાગશીભાઈ ધેડા તેમજ દર્શનભાઈ નાગશીભાઈ ધેડા અને એક અજાણ્યા માણસે ચોર સમજી લાકડાના ધોકા, પ્લાસ્ટિકની પાઈપ વડે ઢોર માર મારી ઈજાઓ પહોંચાડતા ગાંધીધામ બી-ડિવિઝન પોલીસમાં વિવિધ ગંભીર કલમો તળે ગુનો દાખલ કરાયો હતો.

## રાપરમાં જુગાર રમતા ચાર ખેલી પકડાયા

રાપર : શહેરમાં માર્કેટયાર્ડની બાજુમાં આવેલ નદીના વોકળામાં જુગાર રમતા ચાર ખેલી પકડાયા હતા. જેમાં કિશોરગર દામોદરગર ગુંસાઈ, બાબુભાઈ જેસાભાઈ કોલી, આમીન હમીરભાઈ ઘાંચી અને સાજીદ હાસમભાઈ ટાંકને પકડી રોકડા રૂા.૧૦,૮૦૦ અને ૧૫ હજારના ૩ મોબાઈલ કબજે કરવામાં આવ્યા હતા.

## લોકશાહી જાગૃતિ માટે મંતવ્ય ન્યુઝ દ્વારા સાઈક્લોથોન અને વોકથોનનું આયોજન

**મંતવ્ય ન્યુઝ અને ગુજરાતની પ્રજાનું સિલેકશન, વન નેશન, વન ઈલેકશન**

ગાંધીધામ : દેશમાં લોકશાહી જાગૃતિ લાવવાના હેતુથી વિશાળ સાઈક્લોથોન અને વૉકથોનનું રાજ્યની ૧૦૦ જગ્યાએ મંતવ્ય ન્યુઝ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાતના હજારો નાગરિકોએ ભાગ લેશે અને દેશભરમાં એકસાથે ચૂંટણી યોજવાની વિચારધારાને સમર્થન આપી રહ્યા છે. ચૂંટણી પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ, ખર્ચ અસરકારક અને જનતાની સહાયરૂપ બનાવવી તે આ આયોજનનો મુખ્ય હેતુ છે. વન નેશન , વન ઈલેકશનના અભિયાનમાં મંતવ્ય ન્યુઝ દ્વારા તા. ૧૫ જુન-૨૦૨૫ના ૧૦૦ જગ્યાએ આ અભિયાનનમાં લોકો જોડાશે.

વન નેશન, વન ઈલેકશન અંગે ગંભીર વિચારોના અનુસંધાનમાં ભારત સરકાર દ્વારા પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિ રચવામાં આવી હતી. સમિતિએ વિભિન્ન રાજ્યોના મુખ્યમંત્રીઓ, સંસદીય દળો, બંધારણ વિશારદો તથા ચૂંટણીપંચના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરીને મહત્વપૂર્ણ સૂચનો રજૂ કર્યા છે. સાયક્લોથોન અને વૉકથોનનો હેતુ માત્ર પ્રવૃત્તિનો નહીં, પરંતુ એક વિચારના પ્રચાર-પ્રસારનો છે. વન નેશન, વન ઈલેકશન એ માત્ર એક બંધારણીય ઠરાવ નથી, તે દેશની એકતા, સામૂહિક કામગીરી અને જનહિતના વિચારોની શરૂઆત છે.

મંતવ્ય ન્યુઝના સીએમડી શ્રી જિજ્ઞેશભાઈ પટેલે જણાવ્યુ કે, આ સાયકલોથોન અને વોકથોનનો હેતુ માત્ર પ્રવૃત્તિનો નહી, પરંતુ એક વિચારના પ્રચાર - પ્રસારનો છે. વન નેશન, વન ઈલેકશન એ માત્ર એક બંધારણીય ઠરાવ નથી, તે દેશની એકતા, સામુહિક કામગીરી અને જનહિતના વિચારોની શરૂઆત છે.

અંગદાનની પહેલનું અભિયાન ૨૦૨૩માં હાથ ધરવામાં આવ્યું હતું. આજે અંગદાન ગુજરાતમાં બહુ મોટું અભિયાન બની ચૂક્યું છે. અંગદાનમાં ગુજરાતીઓ અગ્રેસર હોવાનું મનાય છે. તેથી વન નેશન,વન ઈલેકશનની પણ ઝુંબેશ મંતવ્ય ન્યુઝએ ઉપાડી છે. અંગદાનની ઝુંબેશની જેમ આ ઝુંબેશને જબરદસ્ત પ્રતિસાદ મળ્યો છે.

**પાસપોર્ટ ગુમ થયેલ છે**

હું, Jhala Jaydeepsinh Mahavirsinh, ધરાવતો પાસપોર્ટ નં. N1025247, જે Ahmedabad થી જારી થયો હતો, તે મારાથી મે મહિનાના ત્રીજા સપ્તાહ દરમ્યાન શક્તિનગર થી ઝીરો પોઈન્ટની વચ્ચે માં ગુમ થઇ ગયો છે. જે કોઈને ઉપરોક્ત પાસપોર્ટ અંગે કોઈ માહિતી મળી હોય તો કૃપા કરીને નીચે આપેલા નંબર પર સંપર્ક કરવા વિનંતી છે.

આ જાહેરનામું પોલીસ ફરિયાદ (FIR) નોંધાવા માટે આપવામાં આવે છે.

સંપર્ક : 6351577377

**જાહેર ખબર**

હું જાનીબેન વીરજી પટેલ રહેવાસી : શિવમ બિલ્ડીંગ,ગાંધીધામ-આદિપુર રોડ ગાંધીધામ કચ્છ જાહેર જનતાને જાણ કરૂ છું કે મારા પતિદેવ વીરજી મુલજી પટેલ ગણા સમય થી મગજ ની તકલીફ છે. તેમજ સુગર, બીપીની તકલીફ છે મેડિસીન ચાલું છે આથી જાહેર જનતાને જાણ કરૂ છું મારા પતિ વીરજી મુલજી પટેલ સાથે ધંધાકીય, તેમજ પૈસાની લેતી દેતી કરવી નહીં. જો કોઈએ મારા પતિદેવ સાથે વ્યવહાર કરશે તો તેમની જવાબદારી તેના સિરે રહેશે. મારા કે મારા પરિવારની રહેશે નહીં.
લી.
જાનીબેન વીરજી પટેલ

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

## નંગા નહાયેગા ક્યા, નીચોળેગા ક્યાં? બહુરૂપીયો શખ્સ પણ આવો જ છે.!

# ગાંધીધામ-કંડલા સંકુલની પ્રજા માટે રાજકોટનો વિવાદીત સમુહલગ્ન

## લાલબત્તીરૂપ : અહી પણ ૧ ઠગભગત-દુષ્કર્મી લુંટારૂ છે સક્રીય...!

## બહુરૂપીયો-દુષ્કર્મની ફરીયાદનો આરોપી-૪૨૦ આચરનારથી બચજો

**ગાંધીધામ સંકુલમાં પણ બહુરૂપીયો, દુષ્કર્મના કેસમાં જેની સામે ફરીયાદ થયેલી છે તેવો ૪૨૦ કલમનો આરોપી પણ નિરાધાર દિકરીઓના આધાર બનવાના નામે માત્ર અને માત્ર ખુદના જ ઘરનું રાશન ભરી રહ્યો છે, એકની એક દીકરીના ફોટાઓ લગાડી સંકુલના જાણીતા વેપારીઓ-ઉદ્યોગપતિઓ-સેવાભાવીઓ પાસેથી સમુહલગ્નના નામે મોટી રકમોના ઉઘરાણાઓ કરતો ફરી રહ્યો છે, વરસોથી આવા આયોજનોના નામે લાખોના ઉઘરાણાઓ કરનાર આ ઠગભગત પણ વહેલુ મોડું રાજકોટવાળી જ કરવાનો છે : જાણકારોની લાલબત્તી**

**ગાંધીધામમાં નિરાધર બહેનોના ઉદ્ધાર માટે જો લગ્નનું આયોજન કરે છે તો સમુહલગ્નની સમીતી હોવી જોઈએ, આવક-જાવકના હિસાબો બધાય સમક્ષ મુકવા જોઈએ, લગ્નની કંકોતરી-કાર્ડ પ્રસિદ્ધ કરવા જોઈએ, યુગલોના તેમાં ફોટાઓ મુકવા જોઈએ, પરંતુ આ ઠગભગત-બહુરૂપીયો ન તો લગ્ન સમીતી બનાવી રહ્ય છે કે ન તો કોઈને હિસાબ-કિતાબ આપી રહ્યો છે, દસ વરસ પહેલાની નિરાધર બહેનનો જ ફોટો ફરી ફરીને દેખાડી અને ગામમાથી મોટી રકમના ઉઘરાણાઓ કરતો જ ફરી રહ્યો છે, રાજકોટ સમુહલગ્ન સમીતીનો જેમ એક પછી એક વિવાદ સામે આવી રહ્યા છે તેવી જ રીતે ગાંધીધામના આ બની બેઠેલા બહુરૂપીયાને પણ ઓળખી લેવો બને છે સમયનો તકાજો**

**રાજકોટના સમુહલગ્નમાં દીકરીઓને કરીયાવરમાં ધાતુના ઘરેણા અપાયા હોવાની ફરીયાદ : સમુહલગ્નના નામે નાણા ઉઘરાવી નાસી છુટેલા સુત્રધાર અઢી મહીને પણ છે ફરાર : ૫૦૦થી વધુ યુગલો અને તેના પરીવારજનો સાથે થઈ છેતરપીંડી**

ગાંધીધામ : રાજકોટમાં ફરી એક વખત સમુહલગ્ન વિવાદમાં આવવા પામ્યા છે. અઢી માસ પહેલા રાજકોટમાં એક સમુહલગ્નનુ આયોજન કરાયુ હતુ જેમાં આયોજકો ઉઘરાણાઓ કરી બરાબર લગ્નના દીવસે જ નો દો ગ્યારાહ થઈ જતા કઈક જાન છેતરાઈ જવા પામી હતી અને લીલા તોરણે માંડવેથી પરત ફરી વળી હતી. જે બાદ પોલીસતંત્રએ આ ઘટનાને સમજી માનવતા દર્શાવી અને તે વખતે યુગલોને પ્રભુતામાં પગલા પડાવ્યા હતા.

હજુ તો આ ઘટનાના અહેવાલો સમ્યા જ નથી ત્યાં ફરીથી રાજકોટમાં વધુ એક સમુહલગ્નનો મોટો વિવાદ અને જાનૈયાઓ-યજમાનોની સાથે મોટી મજાક-ઠઠ્ઠા મશ્કરી કરાઈ હોય તેવી છેતરપીંડીની વાત સપાટી પર આવવા પામી રહી છે. રાજકોટમાં આયોજીત આ સમુહ લગ્નમાં ૫૦૦થી વધુ યુગલો જોડાયેલા હતા પરંતુ આ યુગલોને કરીયાવરમાં જે વસ્તુઓ આપવામાં આવી છે તેમાં સોના-ચાંદીની વસ્તુઓ કહી અને ધાતુની ડુપ્લીકેટ વસ્તુઓ પેણાવી દેવામા આવી હોવાનુ સામે આવી રહ્યું છે. કહેવાયુ છે કે, કરીયાવરમાં અહી નવદંપત્તીઓને ઘરવખરી સાથે ચાંદીની વીટી, પંચધાતુઓ, સીક્કો, ચાંદીનો સિક્કો, ચાંદીના વીંછીયા, સોનાની ચુંક અપાઈ હોવાનુ કહેવાયુ હતુ પરંતુ આ બધી જ વસ્તુઓ ધાતુની નીકળવા પામી છે. એટલુ માત્ર જ નહીપરંતુ આ બાબતે યજમાન પૈકીના જાગૃત લોકોએ પોલીસ ફરીયાદ પણ આયોજકો સામે કરી દીધી હોવાનુ સામે આવી રહ્યું છે. આ ઘટનાઓ જયારે ઉપરાછાપરી બહરા આવવા પામી રહી છે ત્યારે પૂર્વ કચ્છનો પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે કે, ગાંધીધામ સંકુલમાં પણ પાછલા અમુક વર્ષથી આ જ રીતે નિરાધાર બહેનોનો આધાર બનવાના નાટકો આચરી, એક બહુરૂપીયો ઠગભગત- ન માત્ર લુંટારુ પરંતુ દુષ્કમની ફરીયાદનો આરોપી શખ્સ અહી પણ ધતીંગો આચરી જ રહ્ય છે. આ શખ્સથી પણ સૌએ ચેતવાની જરૂર છે. સમુહલગ્ન દર વરસે યોજવાના નામે ખોટા ત્રાગાઓ કરી અને ગામના પ્રતિષ્ઠીત વેપારીઓ, સંકુલના અગ્રણી ઉદ્યોગપતિઓ સહિતનાઓની પાસેથી મોટી રકમના ઉઘરાણા આ શખ્સ કરતો ફરી રહ્યો છે. સમુહલગ્નમાં કોઈ જ પ્રકારની કયાંય પારદર્શિતા આ ઠગભગતના આયોજનમાં જોવા મળતી જ નથી. જાણકારા કહી રહ્યા છે કે, ખુદને નિરાધાર બહેનોનો આધાર આ ઠગ દેખાડે છે પરંતુ તેના ખુદ પર જ દુષ્કર્મની ફરીયાદ થયેલી છે, જે શખ્સ આટલો હલકટ અને નીચ કૃત્ય આચરનારો હોય તે અન્યની બહેનો-નિરાધાર બહેનોનો શું ઉદ્ધાર કરવાનો હતો? સમુહલગ્નના નામે માત્ર અને માત્ર ખુદના ઘરના વાર્ષિક રાશન જ આ બહુરૂપીયો ઠગભગત ભેગું કરતો ફરી રહ્યો છે. રાજકાટેમાં સમુહલગ્ન યોજાયા તેની સામે પણ ભોગગ્રસ્તોએ સીધો જ આરોપ લગાવ્યો છે કે, આવા આયોજકો સમુહ લગ્નના નામે માત્ર ધંધો જ કરી રહ્યા છે, ધંધો પણ પ્રમાણિકતા સાથે નહી, લગ્નમાં જોડાનારાઓને ખોટા નકલી દાગીના પધરાવી અને આ સમુહલગ્નના આયોજકો ભુગર્ભમાં જ ઉતરી જવા પામ્યા છે. ત્યારે અહી પણ કહેવાઈ રહ્યુ છે કે, આ બહુરૂચીયો પણ સમુહલગ્નના નામે સંકુલમાં પોતાનો ધંધો જ આચરી રહ્યો છે. આ શખ્સને પોતાનો કોઈ ધંધો રોજગાર તો છે નહી. નવરી બજાર બનીને બેઠો છે. એટલે સમુહલગ્નના નામે નાટકો કરી ગામમાંથી મોટી રકમોના ઉઘરાણા કરી રહ્યો છે. નંગા ન્હાયેગા કયા અને નીંચોળે ગા કયા..! ગમે તે સમયે આ બહુરૂપીયો દુષ્કર્મી પણ કંઈક આવું જ કરી જાય તો નવી નવાઈ નહી. કારણ કે, નિયમ અને નેતિકાતાઓની અપેક્ષા તો આ દુષ્કર્મના આરોપી સામે થઈ શકે જ નહી? એટલે સમુહલગ્ન તો દર વરસે તે યોજે છે પરંતુ તેને સમુહલગ્નની સમીતી કયારે બનાવી નથી, આવક અને જાવકનો હિસાબ પણ કયારે કોઈને આપતો જ નથી, સમુહલગ્નના કાર્ડ છપાવતો હોય તેવુ પણ દેખાતુ નથી અને કાર્ડ છપાવે તો તેમાં નવદંપત્તીઓ-યુગલોના ફોટાઓ પર પ્રસિદ્ધ કરાવતો નથી? આ બધુ કરે કયાંથી? જુના પાંચ-સાત વરસ પહેલાના દંપત્તી-એકાદ નિરાધાર બહેનનો જ ફોટો આગળ ધરીને ગામમાથી આ બહુરૂપીયો-લેભાગુ-ઠગભગત ઉઘરાણાના કીમીયા અજમાવતો ફરે છે? રાજકોટમાં જયારે ફરી ફરીને સમુહલગ્નના નામે ધંધો જ કરનારા આયોજકોની ફરીયાદ પોલીસ ચોપડે ચડી રહી છે ત્યારે પાછલા કેટલાક સમયથી ગાંધીધામ સંકુલમાં પણ સમુહલગ્નના નામે પોતાની જ ફિલમ ચલાવતો અને ગર ભરતા બહુરૂચીયાથી પણ સૌ કોઈ સાવચેત રહે તે સમયની માંગ બની રહી છે. કારણ કે આજે નહી તો કાલે આ બહુરૂપીયા ઠગભગત શખ્સની સામે પણ ગાધીધામમાંથી પણ કોઈને કોઈ ફરીયાદ સમુહલગ્નને લઈને ઉભી તો થવાની જ છે, આવુ એટલા માટે પણ કહેવાઈ રહ્યુ છે કે, આ બહુરૂપીયો શખ્સ ખુદ આ બધુ સારી રીતે જાણે છે, અને એટલે જ તો તે પૂર્વ કચ્છના કેટલાક પોલીસ અધિકારીઓની સાથે પણ ફોટા પડાવતો ફરી રહ્યો છે, ગમે ત્યારે જેલમાં જવુ પડે તો જેની સાથે ફોટા પડાવ્યા છે તેની મદદ લઈ શકાય. સંકુલન વેપારી વર્ગ, ઉદ્યોગપતિ, પોલીસ અધિકારીઓએ । બહુરૂપીયા શખ્સની સાથે ઉભા રહી અને ફોટાઓ પડાવી રહ્યા છે તેઓને પણ ચેતવાની જરૂર છે કે, જયારે આ શખ્સના ધંધાઓ ખુલ્લા પડી જશે ત્યારે શહેરના જાણીતા લોકો-પોલીસ અધિકારીઓના ફોટા પણ ફરીથી વાયરલ થશે જ કે જોઈ લ્યો, આવા દુષ્કર્મના ફરીયાદી, સમુહલગ્નના નામે નાટકો રચી લોકોના નાણા ચાઉ કરીનાર સાથે ફોટા પડાવાનારા આ છે આપણા સંકુલના બની બેઠલા આગેવાનો, અને અધિકારીઓ..! એટલે ચેતતો નર સદા સુખીની ઉકિત સૌ કોઈ હવે અપનાવે તે જ હિતાવહ બની રહેશે તેવી આલબેલ જાણકારો પોકારી રહ્યા છે.

## રાજકોટ સમુહલગ્નનો ચીટ્ટર ચંદ્રેશ છત્રોલા ઝડપાયો :

### ગાંધીધામ ના આવા જ ઠગભગત-લેભાગુ પર ગાજ ક્યારે?

**નિરાધર બહેનોના નામે દાતાઓ પાસેથી લાખોનું દાન ઉઘરાવી, છેતરપીંડી આચરનારો ગાંધીધામનો ઠગભગતનો પણ ભ્રષ્ટ-ચીટ્ટર ચહેરો ગમે ત્યારે ખુલ્લો પડવાની ગણાઈ રહી છે ઘડીઓ..!**



ગાંધીધામ : રાજકોટમાં ઋષિવંશ સમાજના સમુહલગ્નના નામે ૨૦થી વધુ દંપત્તીઓને રજડતા છોડી, દાતાઓના લાખોની દાનની રકમો ઉસેડી અને રફુચક્કર થઈ ગયેલ નાટકીયો-ચીટ્ટર ચંદ્રેશ છત્રોલાની પોલીસે ધરપકડ કરી લીધી છે. અંતે તેને પકડી પાડવામા આવ્યો છે ત્યારે હવે પૂર્વ કચ્છના ગાંધીધામ સંકુલમાં પણ જાણકાર વર્ગ કહી રહ્યો છે કે, અહી પણ આવો જ એક ચીટ્ટર શખ્સ નીરાધાર બહેનોનો આધાર બનવાનાનામે ખુદના ગજવા જ ગરમ કરતો ફરી રહ્યો છે, તેની સામે પણ ૪૨૦ની છેતરપીંડીની ફરીયાદ થવા પામી ચુકી છે, ખુદ દુષ્કર્મ કેસનો આરોપી-તહોમતદાર રહેલો છે, તેની પણ ભ્રષ્ટ અને ચીટીંગપૂર્વકના આદરાતા કૃત્યો મામલે ગમે તે સમયે ગાજ ગરજી શકે તેમ મનાય છે. જાણકારો કહીરહ્યા છે કે, ગાધીધામમાં પણ આ ચીટ્ટર અને લેભાગુની સામે ધોંષ બોલાવશે તો તેની સાથે અન્ય કોણ કોણ સંડોવાયેલા છે, તેણે કોની કોની પાસેથી કેટલાના ઉઘરાણા કેટલા વરસથી કર્યા, અને કેટલા સમુહલગ્નના નામે વાપર્યા અને કેટલા ખુદના ગજવા ગરમ કરવા રાખી લીધા? ઉપરાંત વરસોથી એકના એક યુગલ દેખાડીને સમુહલગ્નના જે નાટકો કરી રહ્યો છે તેને લઈને પણ ઘણા બધા ખુલાસાઓ થવા પામી જાય તેવી વકી સેવાઈ રહી છે.

## ભુજમાં વન વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી





ભુજ : સેવન સ્કાય હોટેલ ખાતે વન વિભાગ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ વન વર્તુળના મુખ્ય વન સંરક્ષણ ડો. સંદિપકુમારની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં પર્યાવરણ ક્ષેત્રે ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ પ્રવૃત્તીઓની સરાહના સાથે માર્ગદર્શન અપાયું હતું.

ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલ દ્વારા સરપંચોને વન વિભાગના સહયોગ મારફતે વૃક્ષારોપણને ઝુંબેશ તરીકે અપનાવી પર્યાવરણનું સંરક્ષણ કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને ઉપસ્થિત મહાનુભાવો સાથે વૃક્ષરથને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા દ્વારા સરપંચોને હરીયાળુ કચ્છ બનાવવા અને વધુમાં વધુ વૃક્ષો વાવવા સંદેશ આપ્યો હતો. કચ્છ વિસ્તરણ વન વિભાગના નાયબ વન સંરક્ષણ જયનકુમાર પટેલે જણાવ્યું હતું કે, વન વિભાગ દ્વારા ચાલુ વર્ષે ૪૦ લાખ રોપાનું વિતરણ તથા નવ લાખ રોપાનું વાવેતર કરવામાં આવશે. જે અંતર્ગત ભુજ અને માધાપરમાં ૧૫૦૦ રોપાનું મફત વિતરણ કરવામાં આવશે.

કાર્યક્રમમાં કચ્છ પશ્ચિમ વન વિભાગના નાયબ વન સંરક્ષક હર્ષ ઠકકર, મદદનીશ વન સંરક્ષક પી.એન. વાઘેલા, ભુજ રેન્જના રે.ફો.ઓ. આર.જે. દેસાઈ, નખત્રાણા રેન્જના રે.ફો.ઓ. આઈ.જે. મહેશ્વરી, સ્થાનિક વનપાલ, વનરક્ષકો, ગ્રામ પંચાયતના ૧૦૦ જેટલા સરપંચો સહિતના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. કાર્યક્રમમાં પધારેલા લોકોને નમો વડ વન અભિયાન ૨.૦ અંતર્ગત વડ, પીપળ, જમરૂખ, જાંબુના રોપા તેમજ ચકલીઘરની ભેટ આપવામાં આવી હતી.

### ભુજની દિકરીઓએ બેસ્ટ કોલેજનો ખિતાબ મેળવ્યો





ભુજ : સ્વામિનારાયણ મંદિર પ્રાયોજીત સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટયૂટ ભુજની ૨૫ દીકરીઓ ૧૦ દિવસના સીએટીસી-૫૦૪ કેમ્પમાં ભાગ લીધેલ હતો, જેમાં વોલીબોલ અને કલ્ચરમાં પ્રથમ અને ટગ ઓફ વોરમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી બેસ્ટ કોલેજ ખિતાબ મેળવીને સંસ્થા તેમજ મંદિરનું ગૌરવ વધાર્યું છે. સ્વામિનારાયણ મંદિરના પુજ્ય મહંત સ્વામી, સમસ્ત સંતમંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ સહ સમસ્ત સાંખ્યયોગી બહેનોએ આર્શિવાદ સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્થાના પ્રમુખ રામજીભાઈ વેકરીયા, મંત્રી પ્રવીણભાઈ પિંડોરિયા, સંચાલક મંડળના ટ્રસ્ટીઓ, પ્રિન્સિપાલ મનીષાબેન, સ્ટાફ પરિવાર તેમજ દેશવિદેશના હરિભક્તો દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ભારત વિકાસ પરિષદ દ્વારા ઘરના કચરાના નિકાલ અંગે સેમિનાર યોજાયો



ભુજ : વિશ્વ પર્યાવરણ દિવસ ૨૦૨૫ નિમિત્તે ભારત વિકાસ પરિષદ, ભુજ શાખા સન્માન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન તથા મેંગો ગ્લોબલ પ્રી સ્કુલના સંયુક્ત ઉપક્રમે "બીટ પ્લાસ્ટિક પોલ્યુશન" થીમ આધારે 'ઘરનો વેસ્ટ ઘર માટે જ બેસ્ટ" સેમિનાર તથા વર્કશોપનું આયોજન કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત ભારતીય સંસ્કૃતિ આધારે દીપ પ્રાગટ્ય અને મંત્રોચ્ચારથી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાષ્ટ્રપતિ એવોર્ડ સન્માનિત રાજીબેન વણકર ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે ઈશ્વરસ્ય ઈકો ફ્રેન્ડલીના સંસ્થાપક જયશ્રીબા રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા જેમણે વધતો જતો અલગ અલગ પ્રકારનો કચરો કઈ રીતે પર્યાવરણ ઉપર તથા શારીરિક, માનસિક અને આર્થિક આરોગ્ય પર નકારાત્મક અસર કરે છે ઉપરાંત ઘરમાંથી રોજિંદા જીવનમાં અલગ અલગ પ્રકારના કચરાનો કેવી રીતે નિકાલ કરવો તેના વિશે રીડ્યુસ, રીયુસ, રિસાયકલ, રિકવરના ૪આર સિદ્ધાંત આધારિત માહિતી આપી હતી. ઉપરાંત પ્રાકૃતિક ક્લીનર્સ બાયોએન્ઝાઈમ્સ તથા કમ્પોસ્ટ ખાતરની બનાવટ વિશે પણ ચર્ચા કરવામાં આવી હતી. ૪૦ જેટલા બહેનોએ હાજરી આપી હતી. ભારત વિકાસ પરિષદના મહિલા સહભાગીતા મધુબેન હર્ષ તથા કાર્યકર ખયાલીબેન ધોળકિયાના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો. માયાબેન ચૌહાણ, યામિનીબેન ભીડે, ધારાબેન જોશી, પૂર્ણિમાબેન સોલંકી, પારૂલબેન કારા, ઈન્દુબેન અજાણી, સન્માન ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના ધર્મેશભાઈ અંતાણી ઉપરાંત મેંગો ગ્લોબલ પ્રી-સ્કૂલના કેતનાબેન નાગડાનો સહયોગ મળ્યો હતો. સંચાલન તથા આભારવિધિ ખયાલીબેન ધોળકિયાએ કર્યા હતા.

## આશાપુરા પર્ફોકલે લિમિટેડ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ

ભુજ : આશાપુરા પર્ફોક્લે લિમિટેડમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. અમારી પર્યાવરણ અંગેની જાગૃતિ માટેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. કર્મચારીઓ અને તેમના બાળકોની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે રચાયેલ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. આ ઉજવણીમાં ચિત્રકલાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં બાળકો પર્યાવરણ સંરક્ષણ અંગે તેમની વિચારોને કલા દ્વારા વ્યક્ત કરી શક્યા. કર્મચારીઓએ પર્યાવરણ ક્વિઝમાં તેમનું જ્ઞાન દર્શાવ્યું હતું જેમાં પ્રથમ મંથન પંડ્યા, બીજો હેન્સી મહેતા અને ત્રીજો સોનાલી રાણા રહ્યા હતા. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (જીપીસીબી)ના સોરઠીયા મુખ્ય મહેમાન તરીકે રહ્યા હતા. કંપનીની પર્યાવરણીય પ્રતિબદ્ધતાનો એક મહત્વપૂર્ણ ભાગ વાર્ષિક વૃક્ષારોપણ ઝુંબેશ છે. જ્યાં કર્મચારીઓ સક્રિયપણે વૃક્ષારોપણમાં ભાગ લે છે. આ પહેલ પ્રકૃતિ પ્રત્યેની આપણી જવાબદારીને જાળવી રાખવાના સતત પ્રયાસ તરીકે છે. જયેશ ઠાકર, ચીફ ઓપરેશન્સ, અને ડી.એસ. ત્રિપાઠી, હેડ એચઆર એન્ડ એડમિન દ્વારા આ પ્રકારના તમામ કાર્યક્રમો માટે પ્રેરણા આપવામાં આવે છે. આ ઉજવણી દ્વારા પર્યાવરણીય ચેતનાને પ્રોત્સાહન આપવા માટેના આપણા સમર્પણને પુનઃપુષ્ટિ આપીએ છીએ.

## પ્લાસ્ટિક છોડો, વૃક્ષ વાવો, ધરતી બચાવો : દીલીપ દાદા

નખત્રાણા : વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે મોરગર અખાડા ખાતે નખત્રાણા સામાજિક વનીકરણ રેન્જ દ્વારા વૃક્ષારોપણ અને પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. ડીસીએફ જયન પટેલ અને એસીએફ પ્રદીપ વાઘેલાના માર્ગદર્શન હેઠળ નખત્રાણા વિસ્તરણ રેંજના સ્ટાફ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. મૂળચંદ કુંજલદાદા અખાડાના મહંત દિલીપ દાદાએ વૃક્ષારોપણ કરી કહ્યું કે, પ્લાસ્ટિકના કારણે જમીન બંજર બને છે અને ફળદ્રુપતા ઘટે છે. પ્લાસ્ટિકનો ત્યાગ કરી પર્યાવરણને સ્વચ્છ બનાવવું જોઈએ, ગામોગામ વૃક્ષારોપણ થવું જોઈએ, લોકો વૃક્ષોને દત્તક લે, વન વિભાગના પ્રયાસ સાથે ઝુંબેશ ચલાવવી જોઈએ, ઓક્સિજનનું પ્રમાણ વધે, રોગચાળામાંથી મુક્તિ મળે, વૃક્ષ ધરતી પરનું સ્વર્ગ છે, કુદરત રાજી થાય ત્યારે વરસાદ વરસે. જ્યાં જમીન મળે ત્યાં વ્યાપક વૃક્ષારોપણ કરવું જોઈએ, ભવિષ્યમાં વૃક્ષ બચશે તો જ જીવન બચી શકશે, કાર્બન ડાયોક્સાઈડના કારણે માનવ જીવન મુશ્કેલીમાં મુકાઈ શકે છે, ચોમાસા દરમિયાન વગડામાં ઓક્સિજન પૂરું પાડતા વૃક્ષો



**મોરઝર ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ**

રોપવા અપીલ કરી અને પ્લાસ્ટિક મુક્તિનો સંદેશ આપ્યો હતો.

મૂળચેર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં ૧૫ રોપાનું વાવેતર અને ૨૦૦ રોપાનું વિતરણ કરાયું હતું. ગામના સરપંચ કૃષ્ણાબેન રમેશદાન ગઢવી, મેકરણ દાદાનો અખાડો સત દિલીપ દાદા, સભ્ય ડાહીબેન ભીલજીભાઈ મહેશ્વરી, ગામના અગ્રણી સુરેશદાન ગઢવી, રવિદાન ગઢવી સહિત ૫૦થી વધુ ગ્રામજનો હાજર રહ્યા હતા. વિસ્તરણ અધિકારી ઈશ્વરભાઈ મહેશ્વરી, કે.કે. પરમાર વનપાલ, આર.એ. બારેજા ઈ.વનપાલ, પ્રિતી પરમાર વનરક્ષક ઉપસ્થિત રહ્યા હતા. વ્યાપક વૃક્ષારોપણમાં સહયોગી થવા માટે જનતાને અપીલ કરી હતી.

## કચ્છના સોના-ચાંદીના કારીગરો વિશ્વકર્મા યોજનાના લાભથી વંચિત

નખત્રાણા : રાજય સરકારની સૂચનાથી માર્ચ-૨૦૨૫ મા સોના-ચાંદીના કારીગરોનો વિશ્વકર્મા યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. કચ્છ જિલ્લા સોના-ચાંદી મહામંડળના સહકારથી જિલ્લાના દસેય તાલુકાઓના ૯૦૦ જેટલા સોના-ચાંદીના કારીગરોનું જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જેને ત્રણ મહિનાનો સમય વીતી જવા છતાં હજુ સુધી કચ્છના ૯૦૦ જેટલા સોના-ચાંદીના કારીગરોને વિશ્વકર્મા યોજના અંતર્ગત મળવાપાત્ર લાભ મળ્યા નથી. કચ્છ જિલ્લા સોના-ચાંદી મહામંડળે આ અંગે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને રજૂઆત કરી સત્વરે કારીગરોને યોજનાનો લાભ મળે તે સુનિશ્ચિત કરવા અનુરોધ કર્યો હતો.

કચ્છ જિલ્લા સોના-ચાંદી મહામંડળે કરેલી રજૂઆતમાં જણાવાયું હતું કે, કચ્છના ૯૦૦ જેટલા સોના-ચાંદીના કારીગરોનું જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. દરેક કારીગરોને ઓળખપત્ર અને પાંચ દિવસીય ટ્રેનિંગ આપ્યા બાદ એક લાખ રૂપિયાની લોન આપવાની આ યોજનામાં જોગવાઈ છે પરંતુ કચ્છના કારીગરોના રજિસ્ટ્રેશન થયાને ૩ મહિના થઈ ગયા છતા કારીગરોને કોઈ જ લાભ મળ્યો નથી. મહામંડળે વિશ્વકર્મા યોજના કારીગરોને ઉપયોગી થાય તેવી સરળ બનાવી યોજનાનો સત્વરે લાભ આપવા અનુરોધ કર્યો હતો.

## માધાપરમાં યોજાયેલા નેત્ર નિદાન કેમ્પમાં ૬૫ લોકોની તપાસણી કરાઈ

ભુજ : માધાપર પાટ હનુમાનજી મંદિર પ્રેરિત લાયન્સ ક્લબ ઓફ માધાપર ઓર્નેસ્ટ તેમજ અંધજન મંડળ કેસીઆરસી ભુજ દ્વારા ફ્રી આંખનો કેમ્પ યોજવામાં આવ્યો હતો, જેમાં ૬૫ લોકોએ લાભ લીધો ૮ લોકોના ઓપરેશન નક્કી કરવામાં આવ્યા હતા. ૧૫ જેટલા લોકોને રાહતદરે ચશ્મા આપવામાં આવ્યા હતા. લાયન્સ ક્લબ ઓફ માધાપર ઓનેસ્ટ ના પ્રમુખ પ્રવીણભાઈ ખોખાણી, અંધજન મંડળ કેસીઆરસીના ડોક્ટરના સ્ટાફ દ્વારા કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. દર મહિનાના પહેલા શુક્રવારે કેમ્પનું આયોજન કરવામાં આવે છે, જેમાં વધારેમાં વધારે લોકો લાભ લે તેવું પ્રમુખ દ્વારા આહવાન કર્યું હતું. કેમ્પને સફળ બનાવવા લાયન્સ ક્લબ ઓફ માધાપરના પ્રોજેક્ટ ચેરમેન પિયુષભાઈ ઓઝા, અશ્વિનભાઈ સોલંકી, હરીશભાઈ સેઘાણી, નીતિનભાઈ ઠક્કર, શીવજીભાઈ મોડ, દર્શનભાઈ જોશી, શાંતાબેન ખોખાણી જહેમત ઉઠાવી હતી.

### ખાવડામાં ઈદની ઉમંગભેર ઉજવણી



ભુજ તાલુકાના ખાવડા ગામે ઈદ ઉલ અઝહાનો તહેવાર ઉજવાયો હતો. જામા મસ્જિદ ઈદગાહ પર હાફીઝ મુઝમ્મીલ મૌલવીએ ઈદની નમાજ પઢાવી હતી. દેશમાં અમન અને પ્રગતિ માટે દુઆ માંગવામાં આવી હતી. મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો હાજર રહ્યા હતા.

# જખૌમાં દારૂ પીને પકડાયા બાદ સસ્પેન્ડ કરાયેલા હેડ કોન્સ્ટેબલે કર્યો આપઘાત



## કચ્છથી સુરત ગ્રામ્યમાં બદલી બાદ પોતાના વતન પાલનપુરમાં જઈ ભર્યું અંતિમ પગલું : મરણ ચીઠ્ઠીમાં કરેલા આક્ષેપાથી હલચલ

**નિયમાનુસારની જ કાર્યવાહી કરવામાં આવી છે, મારા પહેલાના એસપીશ્રીઓએ પણ તેમના પર કાર્યવાહી કરેલી છે, બાકીના આક્ષેપો તથ્યહિન છે : શ્રી વિકાસ સુંડા (એસપીશ્રી પશ્ચિમ કચ્છ)**

ગાંધીધામ : અગાઉ પશ્ચિમ કચ્છ પોલીસ દળમાં ફરજ બજાવતા અને હાલે સજાના ભાગરૂપે સુરત ગ્રામ્યમાં મુકાયેલા હેડ કોન્સ્ટેબલે ફાંસો ખાઈ આપઘાત કરી લેતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. હતભાગીએ આપઘાત પહેલા મરણ ચીઠ્ઠી લખી છે. જેમાં વિવિધ અધિકારીઓ સામે આક્ષેપો કરવામાં આવ્યા છે. આ બાબતે જાણવા મળતી વિગતો મુજબ બનાસકાંઠાના પાલનપુરમાં રહેતા પોલીસ હેડ કોન્સ્ટેબલ વિંદલરાજ રમેશચંદ્ર ચૌહાણે પોતાના ઘરે ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો હતો. હતભાગીએ સ્યુસાઈડ નોટમાં લખ્યું છે કે, અધિકારીઓ માનસિક ત્રાસ આપી રહ્યા છે, જેના કારણે આ પગલું ભર્યું હતું. હતભાગી વિંદલરાજ ભુજ પોલીસ હેડક્વાર્ટરમાં નોકરી કરતા હતા. પોલીસ તંત્રમાંથી પ્રાપ્ત વિગતો મુજબ જખૌ ગામે ઓધવરામ મહોત્સવ દરમિયાન બંદોબસ્તની ડ્યૂટી આપવામાં આવી હતી ત્યારે આ પોલીસ કર્મચારી નશાની હાલતમાં હતો અને પૂરપાટ અર્ટિકા ગાડી ચલાવી નલિયા તરફ જતો હતો. જેનો વીડિયો પણ વાયરલ થયો હતો. નશાની હાલતમાં ગાડી ચલાવી કોઈ અકસ્માતને અંજામ આપે તેવી ભીતિ હોવાથી નલિયામાં ઘોડાસર્કલ પાસે પહેલેથી પોલીસ ગોઠવી દેવાઈ જેથી સફેદ કલરની અર્ટિકા ગાડી નં.જીજે૨૩ - એએફ - ૫૯૦૦ નંબરની ગાડીમાં હેડ કોન્સ્ટેબલ વિંદલરાજ ચૌહાણને દારૂ પીધેલી હાલતમાં ઝડપી લેવાયા હતા. આ કેસમાં નલિયા પોલીસમાં ૩૦ એપ્રિલના ગુનો દાખલ થયો હતો. પોલીસ કર્મચારી નશાની હાલતમાં હોતા એસપી વિકાસ સુંડાએ તેને સસ્પેન્ડ કરી સુરત ગ્રામ્યમાં બદલીનો હુકમ કરવામાં આવ્યો હતો તે સુરત ગ્રામ્ય જિલ્લામાં ફરજરત હતો અને ઘરે જઈ આપઘાત કરી લીધો હતો. હતભાગીએ મરણચીઠ્ઠી પણ લખી છે અને તેમાં કેટલાક આક્ષેપો પણ કરેલા છે. તો વળી પરીવારજનોએ પોલીસ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલા ત્રાસના કારણે પગલું ભર્યુ હોવાનું પરિવારે જણાવ્યું હતું. બનાવની જાણ થતા પાલનપુરમાં પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. દરમિયાન આ બાબતે જેમની પર આક્ષેપ થયા છે તે પીઆઈનો સંપર્ક કરતા તેમણે ફોન રિસિવ કર્યો ન હતો. જ્યારે પશ્ચિમ કચ્છ એસપી વિકાસ સુંડાએ આક્ષેપને પાયાવિહોણા ગણાવતા જણાવ્યું કે, નિયમ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવી હતી.

# દારૂના ગુનામાં ૪ વર્ષથી ફરાર આરોપી પકડાયો



અંજાર : અહીં પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુના કામે છેલ્લા ૪ વર્ષથી ફરાર આરોપીને અંજાર ખાતેથી પૂર્વ કચ્છ એલસીબી દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો. રાજસ્થાનના ચીમન પુનમચંદ ચૌધરીને પકડી અંજાર પોલીસના હવાલે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# પાલારા જેલમાંથી પેરોલ રજા પર છુટેલો જામનગરનો આરોપી હાજર ન થયો

ભુજ : અહીંની ખાસ પાલારા જેલમાં સજા કાપતા જામનગરના સિક્કાના પાકા કામના કેદી કરીમ ઉર્ફે ટીચુકડો ઓસમાણ વાઘેરની ગુજરાત હાઈકોર્ટ દ્વારા ૯મી મેના હુકમથી પાંચ દિવસની પેરોલ રજા મંજૂર કરવામાં આવી હતી. ૧૫મી તારીખે તેને છુટો કરાયો અને ૨૧મી તારીખે હાજર થવાનું હતું, પરંતુ તે જેલમાં હાજર ન થયો અને ભાગી જતાં પાલારા જેલ દ્વારા બી ડિવિઝન પોલીસમાં તેની સામે ગુનો દાખલ કરાવાયો છે.

# રાપરના ગાગોદરમાં પાણીના ગેરકાયદેસર કનેકશનો દૂર કરવા રજૂઆત

રાપર : તાલુકાના ગાગોદર ગામમાં પાણીના ગેરકાયદેસર કનેકશનો દૂર કરવા ગામના જાગૃત નાગરિકો દ્વારા કાર્યપાલક ઈજનેર સમક્ષ રજૂઆત કરી હતી. ગ્રામજનોએ જણાવ્યું હતું કે, ગાગોદરથી જોધપરવાંઢ પાણીની નવી લાઈન આવેલ છે. આ લાઈનમાં અનેક ગેરકાયદેસર કનેકશનો લેવામાં આવ્યા છે, જેના દ્વારા પાણીની બેફામ ચોરી કરવામાં આવે છે. ગાગોદર ગામમાં હાલે પાણીની તંગી છે. જૈન સમાજનું ચાતુર્માસ ચાલી રહ્યું છે, ત્યારે હજારો લોકો મહારાજ સાહેબના દર્શન માટે ગાગોદરમાં આવશે. તેમજ અસહય ગરમી હોવાથી પાણીની જરૂરત રહેશે તેથી ગેરકાયદેસર કનેકશનો સત્વરે દૂર કરવા માંગ કરી હતી.

# કચ્છી તબીબ ડો. જીતેન્દ્ર અમલાણી અને ટીમની સિદ્ધિ



**કચ્છ - સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ વખત સર્જીકલ રોબોટની સુવિધાનો પ્રારંભ : રાજકોટની યુરોકેર હોસ્પિટલમાં દર્દીઓને મળશે અત્યાધુનિક સારવારનો લાભ**

ભુજ : મૂળ કચ્છના ભાનુશાલી સમાજના હાલે રાજકોટમાં પ્રેકટીસ કરતા જાણિતા તબીબ ડો. જીતેન્દ્ર અમલવાણી અને તેમની ટીમે ગૌરવશાળી સિદ્ધિ મેળવી છે. કચ્છ - સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ વખત સર્જીકલ રોબોટની સુવિધા શરૂ કરવામાં આવી છે. રાજકોટના સિનિયર યુરોલોજીસ્ટ ડો. જીતેન્દ્ર અમલાણી અને તેમની ટીમ દ્વારા રાજકોટની યુરોકેર હોસ્પિટલમાં સર્જીકલ રોબોટ લાવવામાં આવ્યું છે. કચ્છ - સૌરાષ્ટ્રના દર્દીઓને હવે કિડની, પ્રોસ્ટેટ અને મુત્રાશયને લગતી ગંભીર બિમારીઓ માટેની અત્યાધુનિક સારવાર રાજકોટની યુરોકેર હોસ્પિટલમાં મળી રહેશે. કચ્છ - સૌરાષ્ટ્રના દર્દીઓને ગંભીર પ્રકારના રોગો માટે વિશ્વ સ્તરીય સારવાર હવે રાજકોટમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

# ગાંધીધામમાં ફ્રી ટ્રેડ ઝોન પુલિયા પર ટેન્કરમાં લાગેલી આગથી ૬૫ લાખનું નુકસાન

**આગના કારણે નાઈટ્રીક એસીડને કોઈ નુકસાન ન થયાનું જણાવાયું**

ગાંધીધામ : શહેરમાં ફ્રી ટ્રેડ ઝોન પુલિયા પર છ તારીખે રાત્રે નવ વાગ્યાના અરસામાં નાઈટ્રીક એસીડ ભરેલા ટેન્કરમાં આગ લાગી હતી. જેમાં ૬૫ લાખનો નુકસાન થયું છે. અલબત્ત એસીડને કોઈ નુકસાની થઈ નથી. ગાંધીધામ બી-ડિવિઝન પોલીસમાં દાખલ થયેલી જાણવા જોગ મુજબ કંડલામાં આવેલી લેસન્સ કેમિકલ કંપનીમાંથી નાઈટ્રીક એસીડ ભરી વડોદરાના નંદેશ્વરી ખાતે આવેલી કેમિકલ કંપનીમાં માલ લઈ જવાનો હતો. ડ્રાઈવર ઓમકારલાલ ટેન્કર નં.જીજે૧૨ - બીવાય - ૫૫૯૧ લઈને ફ્રી ટ્રેડ ઝોન પુલિયા પાસે પહોંચ્યો ત્યારે ગેરેજ બોક્સની બાજુમાં આગ નીકળતા તાત્કાલીક ગાડી રોકાવી ફાયર વિભાગને જાણ કરી હતી. જેમાં આગ બુઝાયા બાદ ગણતરી કરતા ૧૮ ટાયર અને ટેન્કરનો ગોળો બળી જતા ૬૫ લાખનું નુકસાન થયું હતું. ટેન્કરમાં ભરેલ એસીડને કોઈ નુકસાન થયું નથી. શોર્ટસર્કિટના કારણે આગની લાગી હોવાનું શ્રીશિવ ટ્રાન્સપોર્ટ કંપનીના મેનેજર સુરેશકુમાર પાઠકે બી-ડિવિઝન પોલીસમાં નોંધાવેલી જાણજા જોગમાં લખાવ્યું હતું.

# રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ કાર કોન્વોય ઉભો રખાવીને બાળકોને પાસે બોલાવી આત્મીય સંવાદ કર્યો



ગાંધીનગર : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી હંમેશા સામાન્ય નાગરિકો સાથે જોડાયેલા રહે છે. જનતા જનાર્દન સાથે એક સામાન્ય માણસની માફક સંવાદ કરવાનું તેઓ ક્યારેય ચૂકતા નથી. રાજ્યપાલ કાર્યક્રમ માટે અમદાવાદ જતા હોય ત્યારે તેમનો કોન્વોય - મોટર કાફલો સાબરમતી આશ્રમથી જુના વાડજ સ્મશાન માર્ગેથી રિવરફ્રન્ટ પર વળાંક લે ત્યાં તેઓ હંમેશાં બાળકોને ઉભેલા જોતા હોય છે. બાળકો નિર્દોષ ભાવે મોટરના કાફલા તરફ હાથ હલાવીને મહાનુભાવોનું અભિવાદન કરતા હોય છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ગુજરાત વિદ્યાપીઠમાં એનએસએસની રાષ્ટ્રીય એકતા શિબિરનો શુભારંભ કરાવીને પરત રાજભવન ગાંધીનગર જઈ રહ્યા હતા ત્યારે તેમણે બાળકોને ઉભેલા જોયા. તેમણે તરત પોતાની કાર ઉભી રખાવી, બાળકોને નજીક બોલાવ્યા અને ગાડીમાંથી કાઢીને તેમને બિસ્કીટ્સ આપ્યા. તેઓ શું ભણે છે તેની પૃચ્છા કરી અને બાળકો ભણીગણીને હોશિયાર થાય, જીવનમાં ખૂબ આગળ વધે, પ્રગતિ કરે અને સમૃદ્ધ થાય એ માટે ઉચ્ચ અભ્યાસ કરવાની પ્રેરણા આપીને આશીર્વાદ આપ્યા હતા. રાજ્યપાલે બાળક સાથે સંવાદ કર્યો તે વિહાન મંગલભાઈ રાજપુત રાણીપની સ્વામિનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલમાં ધોરણ પાંચમાં સી.બી.એસ.સી. અભ્યાસક્રમ સાથે ભણી રહ્યો છે. વિહાનનો પરિવાર જુના વાડજ સ્મશાન પાસે દશામાના મંદિર પાસે, રિવરફ્રન્ટ રોડ પાસે, સામાન્ય વસાહતમાં રહે છે.

# ધ્રબ મુન્દ્રા જીઆઇડીસી : ઉદ્યોગો માટે મજબૂત સુવિધા સાથે માળખું માંગતી ગાંધીધામ ચેમ્બર

**ધ્રબ-મુન્દ્રા જીઆઈડીસી ખાતે માળખાકીય સુવિધાના અભાવે ઔદ્યોગિક સંકટ વરસાદી પાણી નિકાલની સમસ્યા, પાણી ભરાવો, રોડ, લાઇટ, ડ્રેનેજ જેવા મુદ્દે રાજ્યના ઉદ્યોગ મંત્રીશ્રી તેમજ કચ્છના લોક પ્રતિનિધિઓને અપીલ કરાઇ**

ગાંધીધામ : ધ્રબ, મુન્દ્રા-કચ્છ સ્થિત જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં છેલ્લા ઘણા સમયથી માળખાકીય વ્યવસ્થાઓની ખરાબ હાલત સામે આવતાં, સ્થાનિક ઉદ્યોગકારો અકળાયા છે. તે પૈકી ખાસ તો, જથ્થાબંધ વરસાદી પાણીનો ભરાવો, રસ્તાઓની દયનીય હાલત અને સ્ટ્રીટ લાઈટિંગના અભાવે ઉદ્યોગોને ભારે આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. આ અંગે "ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી" ને સ્થાનિકે રજૂઆત કરાતાં ચેમ્બર તરફથી રાજ્યના ઉદ્યોગ મંત્રી બળવંતસિંહ રાજપૂતને, સ્મૃતિ પત્ર પાઠવી તાત્કાલિક પગલાં ભરવા આહવાન કરવામાં આવ્યું છે.

આ અંગે ગાંધીધામ ચેમ્બરના પ્રમુખ મહેશ પુજે જણાવ્યુ હતું કે, "ધ્રબ-મુન્દ્રા જીઆઈડીસી એસ્ટેટ નજીક અદાણી પોર્ટ વિકસિત થયેલ હોઈ આ વિસ્તાર ઔદ્યોગિક દ્રષ્ટિએ ખુબજ વ્યૂહાત્મક મહત્વ ધરાવે છે. પરંતુ વરસાદના સમયમાં હંમેશા પાણી ભરાવા અને રસ્તાઓની ખરાબ હાલતના કારણે ઉત્પાદન અને પરિવહન બંનેમાં ખલેલ પડે છે. આ સમસ્યાને હવે તો વીમા કંપનીઓએ પણ ગંભીરતાથી જોવી શરૂ કરી છે અને વીમા કવરેજ આપવાની અનિચ્છા દર્શાવી છે. ત્યારે જો સરકાર સત્વરે કાર્યવાહી કરે તો, ઔદ્યોગિક વૃદ્ધિને પાંખો મળી શકે તેમ છે." તેવો આશાવાદ વ્યક્ત કરેલ.

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, "સ્થાનિક ઉદ્યોગોને અસુરક્ષિત વાતાવરણમાં કામગીરી કરવી પડી રહી છે. રસ્તાઓમાં પાણી ભરાતાં ઉત્પાદકતા ઘટે છે, માલ નષ્ટ થાય છે અને મશીનરી પણ ખરાબ થાય છે. આ એસ્ટેટનો વ્યવસ્થિત વિકાસ થવો જરૂરી છે. અમે રાજ્ય સરકાર અને જીઆઈડીસીને વિનંતી કરીએ છીએ કે, તાત્કાલિક સ્ટ્રીટ લાઈટ, પાણી નિકાલની સુવિધા અને માર્ગોની મરામત માટે ઉચિત જરૂરી પગલાં લે."

ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ વધુમાં ઉલ્લેખ કરતાં તેમના જણાવ્યા અનુસાર, ધ્રબ-મુન્દ્રા જીઆઈડીસી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં ભારે વરસાદના કારણે ઔદ્યોગિક શેડમાં પાણી ભરાવાની સમસ્યા સતાવી રહી છે, જેને કારણે ઘણી વાર ઉત્પાદન બંધ થવાની નોબત આવતી હોય છે. અપર્યાપ્ત ડ્રેનેજ સિસ્ટમ અને જાળવણીના અભાવે, વાતાવરણ અસુરક્ષિત બને છે. કાચા માલની આવક અને તૈયાર માલની નિકાસમાં વિલંબથી પરિવહન ખર્ચમાં પણ વધારો થયો છે. આ બાબતે અગાઉ પણ આવેદન પાઠવાયેલ છે અને હાલે વરસાદની ઋતુ ઉપર આવતી હોઈ, આ બાબતે તાત્કાલિક સમસ્યાનો ઉકેલ લાવવા માટે કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા તેમજ કચ્છના તમામ ધારાસભ્યશ્રીઓને ઉદેશીને આ વ્યાજબી માંગ પુનઃ ઉચ્ચારાઈ છે.

આવક અને નિકાસ પ્રભાવિત થવાથી નાનાં-મધ્યમ ઉદ્યોગો મોટું નુકસાન વેઠી રહ્યા છે. ત્યારે, ગાંધીધામ ચેમ્બરે રાજ્ય સરકારને વિનંતી કરી છે કે, તાત્કાલિક એક જીઆઈડીસી વિભાગ દ્વારા સંયુક્ત સર્વે કરીને ધ્રબ સહિત કચ્છની અન્ય જીઆઈડીસીઓની પણ સ્થિતિની સમીક્ષા કરી, તપાસ કરે અને યોગ્ય સુધારાં માટે સુચારુ રૂપ રેખા ઘડે.આ ઉપરાંત, ચેમ્બરે ગાંધીધામ ચેમ્બર ભવન ખાતે, સરકારી અધિકારીઓ અને ઉદ્યોગકારો વચ્ચે ખુલ્લા સંવાદ માટે એક સંવાદ સત્રનું આયોજન કરવાની માંગણી પણ રાજ્ય સરકાર સમક્ષ કરી છે. ચેમ્બરના મતે, આવા સંવાદ સત્રો થકી જમીની સ્તરની સમસ્યાઓ પ્રશાસન તેમજ ઉધ્યોગકારો સુધી સ્પષ્ટ રીતે પહોંચી શકે છે અને સમાધાન માટે ત્વરિત પ્રયત્નો શક્ય બને છે. ઉલ્લેખનીય છે કે,ધ્રબ-મુન્દ્રા વિસ્તારનો ઔદ્યોગિક વિકાસ કેવો ઝડપથી વિકસે છે તે હવે, રાજ્યના જીઆઈડીસી ના વહીવટી તંત્ર તેમજ કચ્છના લોક પ્રતિનિધિઓની પણ આ બાબતે સબળ રજૂઆત અને સજાગતા ઉપર આધાર રાખે છે. ચેમ્બરના પત્ર પછી, હવે જીઆઈડીસી વિભાગ કેવી ઝડપે કાર્યવાહી કરે છે,તેની સ્થાનિક ઉધ્યોગકારો તરફથી રાહ જોવાઈ રહી છે તેવું અખબારી યાદીના માધ્યમથી ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું.

# સામખિયાળીમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



ભચાઉના સામખિયાળી ખાતે ગેલેન્ટ ઈસ્પાત લિમિટેડના ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ વેળાએ રિજિયોનલ ઓફિસર શ્રી મોદી, વાઈસ પ્રેસિડેન્ટ રાજેશ અગ્રવાલ, ડેપ્યુટી જનરલ મેનેજર સુશિલ ઓઝા, ડી.ડી.સિંઘ, સેફ્ટી મેનેજર શ્રી દાસ વગેરે ઉપરાંત સ્ટાફના અધિકારીઓ-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# નમો ભારત ટ્રેનને આદિપુરમાં સ્ટોપ આપવા માંગ

**પૂર્વ ધારાસભ્યએ રેલમંત્રીને કરી લેખિતમાં રજૂઆત**

ગાંધીધામ : અમદાવાદ - ભુજ વચ્ચે શરૂ થયેલ નમો ભારત ટ્રેનનું આદિપુર ખાતે સ્ટોપ આપવા અનેક સામાજિક સંસ્થાઓ, રાજકિય આગેવાનો વગેરેએ દિલ્હી સુધી અનેક લેખિત રજૂઆતો કરવા છતાં માંગણી સંતોષાઈ નથી. આ બાબતે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય વાલજીભાઇ દનિચાએ રેલવેમંત્રી અશ્વિનીકુમાર વૈષ્ણવને અનેક જરૂરી મુદ્દાઓની છણાવટ સાથે લેખિત રજૂઆત કરી છે.

વાલજીભાઈએ રજૂઆતમાં જણાવ્યું છે કે, આદિપુર આસપાસના બેથી ચાર લાખની વસ્તી ધરાવતા ગામો સંકળાયેલા છે. આદિપુરમાં શૈક્ષણિક કોલેજોના લીધે ગુજરાત અને સમસ્ત દેશ સાથે સંકળાયેલ શિક્ષણનું વડુ મથક છે, આદિપુરની હરિયાળીના કારણે રહેણાંકોની વધારે માત્ર છે. ઉધોગોના કારણે હજારો મજૂરો, કર્મચારીઓનો વસવાટ છે. આદિપુર રેલવેનું જંકશન છે તેથી પણ સ્ટોપ માટે હક્કદાર છે. ઉપરાંત અનેક કારણો બતાવી આદિપુર અને આસપાસના લોકોની ઘણા સમયની માંગણી પ્રમાણે કાયમી ધોરણે સ્ટોપ આપવા લોકોના હિતમાં માંગણી સ્વીકારવા અનુરોધ કર્યો છે. રજૂઆતની નકલો સાંસદ વિનોદભાઈ ચાવડા, રેલવે સચિવ નવી દિલ્હી, રેલવે બોર્ડના ચેરમેન નવી દિલ્હી, જનરલ મેનેજર મુંબઈ, રેલ ફરિયાદ વિભાગના ડિરેક્ટર લોકેશકુમાર અમદાવાદ, મદદનીશ રેલ્વે મેનેજર ગાંધીધામને લોકોના હિતમાં તાત્કાલિક નિર્ણય લેવા વિનંતી કરી છે.

# ભુજીયા ડુંગરની તળેટીમાં એમડી ડ્રગ્સ સાથે યુવક ઝડપાયો

**સતત બીજા દિવસે ભુજમાં એસઓજીની કાર્યવાહી**

ભુજ : શહેરમાં ટીનસિટી ગ્રાઉન્ડ જતા રસ્તે ડિપ્લોમાનો અભ્યાસ કરતા વિદ્યાર્થીને બે કિલો ગાંજા સાથે ઝડપી લીધા બાદ સતત બીજા દિવસે ડ્રગ્સનો કેસ કરવામાં આવ્યો હતો. ભુજીયા ડુંગરની તળેટીમાં અમરનાથ મહાદેવ મંદિરની સામે ખુલ્લી જગ્યામાં રાત્રીના સમયે એસઓજીએ દરોડો પાડી કેમ્પ એરિયાના ઈકબાલ આમદ માંજોઠીને ઝડપી લીધો હતો. તેની પાસેથી ૩.૫ ગ્રામ એમડી ડ્રગ્સ કિ.રૂા. ૩૫ હજારનું ડ્રગ્સ કબ્જે કરવામાં આવ્યું હતું. આ સાથે ૫૦ હજારની એક્ટિવા અને મોબાઈલ પણ કબ્જે કરાયો હતો. પુછપરછ કરતાં કેમ્પ એરિયાના વસીમ આમદ જુણેજા પાસેથી બે દિવસ પહેલા ૩ હજારમાં માલ લીધો હોવાની કબૂલાત આપવામાં આવી હતી. પોલીસે ઈકબાલને ઝડપી લીધો હતો. જયારે વસીમ હાજર મળી આવ્યો ન હતો. બંને સામે એસઓજી દ્વારા બી ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# પહેલા પાનાથી...

### મણિપુરમાં ફરી તણાવ

અને સાંપ્રદાયિક તણાવ ફેલાઈ શકે છે. તેથી, મોબાઇલ ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા એપ્સ, ફ્દ્ર, ડોંગલ જેવી સેવાઓ રાત્રે ૧૧:૪૫ વાગ્યાથી બંધ કરી દેવામાં આવી છે."મીડિયા રિપોર્ટ્સ અનુસાર શનિવારે મોડી રાત્રે મૈતેઇ નેતા અરંબાઈ ટેંગોલની ધરપકડ કરવામાં આવતા ઈમ્ફાલ પૂર્વ અને પશ્ચિમ જિલ્લામાં ભારે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા. આ પછી, વહીવટીતંત્રે પરિસ્થિતિને નિયંત્રણમાં લાવવા અને અફવાઓને કાબુમાં લેવા માટે ઈન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવાનો નિર્ણય લીધો. આ સાથે, વહીવટીતંત્રે જનતાને શાંતિ જાળવવા અને કોઈપણ ભ્રામક માહિતી પર વિશ્વાસ ન કરવા અપીલ કરી છે.

### રાજ્યની ૧૪૯

સ્થિતિ ગટર, પીવાના પાણી માટેની પાઈપલાઈન સહિતના કામો માટે રસ્તાઓના ખોદકામના કારણે પણ જો સારી ન હોય તો તેવા નગરોમાં ચોમાસા પૂર્વે રોડ રિપેરિંગ માટે સંબંધિત નગરપાલિકાઓની માંગણી અનુસાર રાજ્ય સરકાર નાણાં ફાળવણી કરે છે. મુખ્યમંત્રી એ રાજ્યની નગરપાલિકાઓને રોડ રિપેરીંગ-રિસરફેસિંગ માટેના આગોતરા આયોજનના ભાગરૂપે નગરપાલિકાઓના વર્ગ મુજબ ગ્રાન્ટ ફાળવવાની મંજૂરી આપી છે. તદઅનુસાર, 'અ' વર્ગની ૩૭ નગરપાલિકાઓને પ્રત્યેકને ૧ કરોડ પ્રમાણે કુલ ૩૭ કરોડ, 'બ' વર્ગની ૩૪ નગરપાલિકાઓને દરેકને ૮૦ લાખ મુજબ ૨૭ કરોડ, 'ક' વર્ગની ૬૧ નગરપાલિકાઓને નગરપાલિકાદીઠ ૬૦ લાખ પ્રમાણે કુલ ૩૬ કરોડ તેમજ 'ડ' વર્ગની ૧૭ નગરપાલિકાઓને પ્રતિ નગરપાલિકા ૪૦ લાખ પ્રમાણે કુલ ૬.૮૦ કરોડ મળીને સમગ્રતયા ૧૦૭ કરોડ રૂપિયાની ગ્રાન્ટ મુખ્યમંત્રી શહેરી સડક યોજનામાંથી ગુજરાત અર્બન ડેવલપમેન્ટ મિશન દ્વારા સંબંધિત નગરપાલિકાઓને ફાળવવામાં આવશે. આ ઉપરાંત રાજ્યના નગરોમાં જો ચોમાસાં દરમિયાન ભારે વરસાદના કારણે માર્ગોને વધુ નુકસાન થાય તો તેમને ફાળવવામાં આવેલી આ રકમ ઉપરાંત નગરપાલિકાઓની વધુ જરૂરિયાત અને માંગણી મુજબ રોડ રિપેરિંગ માટે નાણાં ફાળવવાનો પ્રજાલક્ષી અભિગમ પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અપનાવ્યો છે.

### ચૂંટણી પ્રચાર

ગામમાં ગ્રુપ મીટીંગો અને નાની નાની જાહેર સભાઓ કરીને ભાજપ સરકારે કરેલા વિકાસ કામો સહિતની સિદ્ધિઓને ગણાવીને મતદારોને રીઝવવા માટેના ભરપૂર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વિસાવદર અને કડી વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીઓ આડે હવે માત્ર દસ દિવસ જેટલો જ સમય બાકી રહ્યો છે ત્યારે ભાજપે વિસાવદર બેઠક પર ધ્યાન કેન્દ્રિત કરીને આ બેઠક પર સિનિયર નેતાઓને જવાબદારી સોંપી ચૂંટણી પ્રચાર પૂર્ણ ન થાય ત્યાં સુધી આ વિસ્તારમાં ચૂંટણી પ્રચાર માટે રહેવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળે છે. ભાજપ ચૂંટણી પ્રચારમાં રાજ્ય સરકારે કરેલા વિકાસકામોને ગણાવીને વિસાવદર ના મતદારોને મનાવવા માટેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે અને વિસાવદર છે મક્કમ ભાજપ સાથે અઢીખમ નું સૂત્ર પણ ગુંજતું કરવામાં આવ્યું છે. બીજી બાજુ આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ વિસાવદરના સ્થાનિક પ્રશ્નોને ને ઉઠાવીને વિસાવદરની જનતાનો અવાજ બનવા માટેનો પ્રયાસ કરીને મતદારોને રીઝવવા માટેનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ત્યારે હવે એ જોવું રહ્યું કે વિસાવદરની જનતા ભાજપના વિકાસ સાથે રહે છે કે આપ અને કોંગ્રેસના વચનો પર ભરોસો મૂકે છે.

### ભરતી માટે સ્પોર્ટ

ડાયરેક્ટર ઉપરાંત વહીવટી અધિકારીઓ જિલ્લા રમત વિકાસ અધિકારીઓ તેમજ રાજ્યના તમામ ૨૫ જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ કોચની જગ્યાઓ સહિત કુલ વિવિધ સંવર્ગની ૧૬૩ જગ્યાઓની મંજૂરી આપી છે. વિભાગ દ્વારા ગુજરાત સ્પોર્ટ્સ ઓથોરિટીને રાજ્યમાં રમતગમત અધિકારીઓ સહિતના વહીવટી અધિકારીઓની ભરતી કરવા માટેની મંજૂરી આપવામાં આવતા હવે આગામી ટૂંક સમયમાં આ જગ્યાઓ ભરવા માટેની સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ભરતી અંગેની જાહેરાત બહાર પાડવામાં આવશે અને ૧૬૩ જગ્યાઓ ભરવામાં આવશે જેના કારણે આગામી ટૂંક સમયમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ કોચની સેવાઓ ઉપલબ્ધ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે ઘણા જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ કોચની જગ્યા માટેની મંજૂરી મળી નહીં હોવાના કારણે જિલ્લાઓમાં ડિસ્ટ્રિક્ટ કોચ ઉપલબ્ધ ન હતા. ગુજરાતમાં ઓલમ્પિક ગેમ્સ ની તૈયારીઓ કરવામાં આવી રહી છે ત્યારે રાજ્યના તમામ જિલ્લાઓમાં રમતગમત અધિકારીઓ અને ડિસ્ટ્રિક્ટ કોચ ઉપલબ્ધ થાય તે માટે રમતગમત વિભાગે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતને વહીવટી અધિકારીઓ રમતગમત અધિકારીઓ તેમજ ડિસ્ટ્રિક્ટ કોચની ભરતી કરવા માટેની મંજૂરી આપી છે.

### '૩૦ વર્ષમાં ભાજપ

જાય છે. લોકો વારંવાર ભાજપમાં પાછા ફરે છે કારણ કે તેમની પાસે કોઈ મજબૂત વિકલ્પ નથી." તેમણે ગુજરાતના લોકોને આ વખતે વિકલ્પને તક આપવા અને પરિવર્તનની શરૂઆત કરવાની અપીલ કરી.વાઘેલાએ વધુમાં કહ્યું, "અમે હંમેશા લોકોના હિતમાં કામ કર્યું છે, પછી ભલે તે ગુજરાત હોય કે દિલ્હી. અમારું કોઈ અંગત જીવન નથી, અમે સંપૂર્ણપણે જાહેર સેવા માટે સમર્પિત છીએ. વાસ્તવિક લોકશાહી 'લોકોના માટે, લોકો દ્વારા, લોકોનું' છે અને અમે એ જ વિચારસરણી સાથે રાજકારણમાં છીએ. હવે સમય આવી ગયો છે કે લોકોએ ભાજપમાંથી બહાર આવીને નવી દિશામાં વિચારવાની જરૂર છે."

### રશિયા ગમે ત્યારે યુક્રેન

વચ્ચે ૨૦૨૨થી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધમાં અત્યાર સુધીમાં હજારો લોકો માર્યા ગયા છે. લાખો લોકો પોતાના ઘરોમાંથી ભાગી ગયા છે. તાજેતરમાં યુક્રેને રશિયાના ઘણા લશ્કરી સ્થળો પર હુમલો કરતાં રશિયા નારાજ છે. તેમા પણ યુક્રેને અમેરિકા પાસેથી મળેલા લાંબા અંતરના મિસાઈલોનો ઉપયોગ રશિયાની જમીન પર કર્યો છે, જેને રશિયા પોતાની સામે મોટો પડકાર માને છે.

# 'અમે તોફાનીઓને કચડી નાખીશું.', ડોનાલ્ડ ટ્રમ્પે ઇમિગ્રેશન દરોડાના વિરોધમાં પ્રહારો કર્યા

નવી દીલ્હી : અમેરિકાનું બીજું સૌથી મોટું શહેર લોસ એન્જલસ અરાજકતાની આગમાં સળગી રહ્યું છે. અહીં બે દિવસથી ઈમિગ્રેશન દરોડાના વિરોધમાં વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. વિરોધીઓ અને ફેડરલ એજન્ટો વચ્ચે અથડામણ થઈ રહી છે.

શનિવારે તણાવ વધુ વધ્યો, ત્યારબાદ ટ્રમ્પ વહીવટીતંત્રે ૨,૦૦૦ નેશનલ ગાર્ડ સૈનિકો તૈનાત કરવાની જાહેરાત કરી છે.લોસ એન્જલસ એ કેલિફોર્નિયા રાજ્યનું સૌથી મોટું શહેર છે અને સમગ્ર દેશમાં બીજા ક્રમનું સૌથી મોટું શહેર માનવામાં આવે છે. વસ્તીની દ્રષ્ટિએ, લોસ એન્જલસ ન્યુ યોર્ક શહેર પછી આવે છે. તે હોલીવુડ અને અમેરિકન ફિલ્મ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર પણ છે. લોસ એન્જલસમાં સ્થાનિક વ્યવસાયિક સંસ્થાઓ પર હાલમાં ઈમિગ્રેશન દરોડા ચાલી રહ્યા છે. આ કાર્યવાહીનો વિરોધ વધી રહ્યો છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના હીવટીતંત્રે શનિવારે જણાવ્યું હતું કે લોસ એન્જલસમાં સતત બીજા દિવસે ફેડરલ એજન્ટો અને વિરોધીઓ વચ્ચે અથડામણ ચાલુ રહી. ત્યાં ૨,૦૦૦ નેશનલ ગાર્ડ સૈનિકો તૈનાત કરવામાં આવશે. ટ્રમ્પના સરહદ સલાહકાર ટોમ હોમને જણાવ્યું હતું કે, સૈનિકોની તૈનાતીનો હેતુ ભીડ નિયંત્રણ માટે પહેલાથી જ તૈનાત ફેડરલ દળોનું મનોબળ વધારવા અને મજબૂત બનાવવાનો છે. કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસોમે આ તૈનાતીને 'ઈરાદાપૂર્વક ઉશ્કેરણીજનક' ગણાવી હતી.

# શ્રી અંજાર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના સહયોગથી સમસ્ત બ્રહ્મ સમાજના વિદ્યાર્થીઓ માટે નોટબુકનું વિતરણ



અંજાર : શ્રી અંજાર તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજના સહયોગથી સમસ્ત બ્રહ્મ સમાજના વિદ્યાર્થીઓ માટે ક્લાસમેટ કંપનીની નોટબુકો નું ૫૦% ડિસ્કાઉન્ટ સાથે રાહત દરે નોટબુકનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

જે માટે દાતાઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો. તેમાં ફુલસ્કેપ નોટબુક રૂ.૨૮ અને જમ્બો નોટબુક રૂ.૩૩ની કિંમતે આપવામા આવી હતી.તા.૨૫મે થી તા.૨૮મે ૨૦૨૫ સુધી ૫૨૦૦ નોટબુકનું વિતરણ કરવામા આવ્યું હતું.જેમા પ્રમુખ હિરેનભાઈ ખાંડેકા, મહામંત્રીએ રોહિતભાઈ ખાંડેકા, ઉપપ્રમુખ રમેશભાઈ મઢવી,ભુપેન્દ્રભાઈ રાવલ,સંગઠનમંત્રી તુષારભાઈ પંડ્યા,મંત્રી મહેશભાઈ ભટ્ટ, ખજાનચી રવિભાઈ જોશી, તેજસભાઈ હર્ષ, કારોબારી સભ્ય હિતેશભાઈ વ્યાસ, મનોજભાઈ અબોટી,હરેશભાઈ મઢવી, રાજેશભાઈ ખાંડેકા, લાભ શંકરભાઈ સુંબડ, કેતનભાઈ ઉપાધ્યાય, મહિલા પાંખના પ્રમુખશ્રી રચનાબેન જોશી, ભારતીબેન ગામોટ, હીનાબેન ખોડીયા, સંતોકબેન મઢવી, વર્ષાબેન પંડ્યા, જશવંતીબેન પંડ્યા, પુનમબેન દેવધર, દિવ્યાબેન દેવધર વગેરેએ નોટબુક વિતરણની વ્યવસ્થા સંભાળી હતી.

# પતંજલિ યોગ સમિતિ કચ્છની જિલ્લા લેવલની પદાધિકારીઓની મીટીંગ યોજાઇ



આદિપુર : તાજેતરમા પતંજલિ યોગ સમિતિ કચ્છની જિલ્લા લેવલની પદાધિકારીઓની એક મીટીંગ મળેલ અને એમાં પતંજલિ યોગ સમિતિના ભરતભાઈ, લક્ષ્મણભાઈ, પંકજભાઈ, જીતુભાઈ, ઘનશ્યામભાઈ, મહેન્દ્રભાઈ, અંજારથી દિનેશભાઈ, જનારધનભાઈ, પ્રતાપભાઈ, ગિરધરભાઈ, કાંતિભાઈ, દાસ કિશનજી. ચંદ્રપ્રકાશ જુરાણી, નાયર સાહેબ યોગના કાર્ય વિસ્તૃતી માટે ચર્ચા કરેલ, જેમાં પતંજલિ યોગપીઠ હરિદ્વારથી યોગ ઋષિ સ્વામી રામદેવજી મહારાજે મુકેલ પ્રસાદરૂપી અંગ વસ્ત્ર કોટી કમઠ ત્થા વર્ષોથી યોગ સેવા કરતા યોગ શિક્ષકોને આપવામા આવેલ અંગવસ્ત્ર કેસરી કોટી પહેરીને સંકલ્પ લીધેલ કે યોગ ની નિશુલ્ક ક્લાસો વધારશું અને યોગ શિબરો કરશુ. વિનામૂલ્ય યોગ શિબિરમાં નવી નવી જાણકારી અને ખાનપાન અને એક્યુપ્રેશર જેવી બધી વાતોનો વિસ્તૃત થી જાણકારી આપશુ, કરો યોગ રહ્યો નિરોગના સૂત્રને સાર્થક કરવા બધાને યોગની સંપૂર્ણ જાણકારી આપશો સમિતિની બહેનોમાં ગીતાબેન, જયાબેન, નયનાબેન, મહિમાબેન, પૂજાબેને ખાસ હાજરી આપેલ હતી.

# અંજારમાં તાલુકા ભાજપની કાર્યશાળા યોજાઈ

**મોદી સરકારને ૧૧ વર્ષ પૂર્ણ થતાં કલ્યાણકારી યોજનાઓ લોકો સુધી પહોંચાડવામાં આવશે**



અંજાર : સેવા સુશાસન અને ગરીબ કલ્યાણ કરનાર નરેન્દ્ર મોદી સરકારને ૧૧ વર્ષની સંકલ્પથી સિદ્ધિ સુધીના કાર્યોના આયોજન માટે અંજાર તાલુકા ભાજપ દ્વારા કાર્યશાળા યોજાઈ હતી.

કાર્યશાળાના પ્રારંભે તાલુકા ભાજપના ઉપપ્રમુખ ગોપાલભાઈ ડાંગરે સાંધીક ગીતથી કરાવી હતી, ત્યારબાદ આગેવાનો દ્વારા ભારતમાતા, ડો. શ્યામાપ્રસાદ મુખર્જી, પંડિત દિન દયાલ ઉપાધ્યાયને પુષ્પાંજલિ આપવામાં આવી હતી. વંદે માતરમનું ગીત તાલુકા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ રચનાબેન જોષીએ ગાયું હતું. સ્વાગત પ્રવચન તાલુકા ભાજપ પ્રમુખ બી.એન. આહિરે જિલ્લા ભાજપે આપેલા તમામ કાર્યક્રમો સફળતાપૂર્વક પાર પાડીને જયાં અપેક્ષીત હોઈએ ત્યાં અવશ્ય હાજર રહેવા જણાવ્યું હતું.

તાલુકા ભાજપ મહામંત્રી કાનજીભાઈ આહિરે સંકલ્પથી સિદ્ધિ સુધી યોજનાર કાર્યક્રમો જેવા કે, ૧૪મી જુનના વરસામેડી મધ્યે તાલુકા કક્ષાની વિકસીત ભારત સંકલ્પ યાત્રા, ૧૫થી ૧૭ જુન સુધી શક્તિ કેન્દ્ર સહ ખાટલા બેઠકો કરવી, ૨૧મી જુનના મેઘપર મધ્યે તાલુકા કક્ષાનો યોગ ઉત્સવ, ૨૩મી જુનના ડો. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ નિમિતે બુથ સહ પુષ્પાંજલિ અને તેમના જીવન કવનની ચર્ચા કરવી, ૨૫મી જુનના કટોકટી દિવસ એટલે કે, બંધારણની હત્યા દિવસની વાત લોકો સુધી મુકવી સહિતની વાત કરી હતી.

સંકલ્પ સિદ્ધિ કાર્યક્રમના જિલ્લા સહ ઈન્ચાર્જ રવિભાઈ ત્રવાડીએ ૧૧ વર્ષની નૂતન ભારતનું કેવી રીતે નિર્માણ થઈ રહ્યું છે એ વિશે વાત કરી કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓના માધ્યમથી લોકોનું કલ્યાણ કેવી રીતે કરી શકાય એવું ઉત્તમ કાર્ય કર્યું છે. ત્યારે સૌની જવાબદારી બને છે કે, યોજનાઓનો છેવાડાના માંડવી સુધી પહોંચાડીએ.

# વાગડમાં પશુઓને 'ભેદી' ભુંસો ન ખવડાવવા પશુપાલકોને તાકીદ

**કંપનીમાં ભુંસાનું ઉત્પાદન અટકાવાયું : વાગડમાં ઝેરી ભૂંસાથી ૨૦ જેટલી ગાય - ભેંસના મોતથી પશુપાલકો પર આભ તૂટી પડ્યું**

રાપર : તાલુકા રાપર, નંદાસર, બાલાસર, બાદરગઢ, મૌવાણા અને વ્રજવાણી ગામોમાં આશરે ૨૦ જેટલી દુધાળી અને કેટલાક માળખા હેઠળના ગર્ભવતી ગાયો - ભેંસોના ઝેરી પશુઆહાર ખાવાને લીધે મૃત્યુ થયા છે, જેથી પશુપાલક પરિવારો પર આભ તુટી પડ્યું છે. પશુઓના મોતનો આંક ૨૦થી વધુ હોવાની પણ આશંકા સેવાઈ રહી છે.

આપત્તિરૂપ આ દુષિત પશુઆહાર 'વૃન્દાવન ગોપીનાથ એગ્રો ઈન્ડસ્ટ્રી'ના ઘાસચારા (ભૂંસા) તરીકે ખવડાવવામાં આવ્યો હતો. ચારો ખાસ કરીને દૂધ આપતી અને ગર્ભાવસ્થામાં રહેલ પશુઓ માટે આપતો હોવાનું માલધારીઓએ જણાવ્યું હતું. પરંતુ આ ભૂંસો ખાવાની સાથે જ પશુઓ અચાનક બિમાર પડતા ગયા અને એક પછી એક મોત થતા ગયા છે.

આ અંગે ઈન્ચાર્જ જિલ્લા પશુપાલન અધિકારી ડો. નુરૂદિન નાથાણીનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં ભુંસુ ખવડાવવાથી પશુઓને બિમારી થઈ હોવાનું જાણવા મળ્યું છે. હાલના તબક્કે આ ભુસાનું ઉત્પાદન બંધ કરાવવામાં આવ્યું છે, ઉપરાંત આ ભુસાનું વેચાણ ન કરવા અને પશુઓને ન ખવડાવવા સૂચના અપાઈ છે. હાલે કોઈ નવા કેસ સામે આવ્યા નથી. તંત્ર પુરતી ચોકસાઈ રાખી રહ્યું છે અને હાલે તેઓ અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાતે જઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું.

# સીઆઈએસએફના કર્મચારીઓના ખાતાઓનું સંચાલન કરશે એસબીઆઈ







ભુજ : સીઆઈએસએફએ ફોર્સ કર્મચારીઓના પગાર ખાતાઓનું સંચાલન કરવા માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે. ફોર્સના સભ્યોના કલ્યાણાર્થે વધુ એક મહત્વનું પગલું સેન્ટ્રલ ઈન્ડિસ્ટ્રીયલ સિક્યુરિટી ફોર્સ દ્વારા લેવાયું છે. સેન્ટ્રલ આર્મ્ડ પોલીસી સેલેરી પેકેજ હેઠળ સર્વિસિંગ અને નિવૃત્ત સીઆઈએસએફ કર્મચારીઓના પગાર ખાતાઓનું સંચાન કરવા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા સાથે સમજૂતી કરાર કરાયો છે. સેવક નિવૃત્ત ફોર્સ સભ્યો અને પરિવારોને મફતમાં રૂા. ૧ કરોડનો અકસ્માત વીમો અને અન્ય લાભ મળશે.

સીઆઈએસએફના નવી દિલ્હી સ્થિત મુખ્યાલય ખાતે ડીઆઈજી એડમિનિસ્ટ્રેશન રેખા નામ્બિયાર અને એસબીઆઈના જનરલ મેનેજર રંજનાસિંહાએ એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. એબબીઆઈ દ્વારા સીઆઈએસએફ કેમ્પસ અને નજીકની શાખાઓમાં નવીનતમ ટેકનોલોજી સાથે સેવાઓ પ્રદાન કરશે. બેંકના ઉત્પાદનો અને રોકાણની તકો વિશે ફોર્સના કર્મચારીઓને માહિતી આપવા બેંક દ્વારા સીઆઈએસએફ સંસ્થાઓમાં જાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે.

# ભુજમાં નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો





**સર્વ સેવા સંઘ, ભુજ માકપટ જૈન પરિવાર અને કે.ડી. હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે આયોજન : ખેંચ, વાઈ, આંચકીના દર્દીઓએ લીધો લાભ**

ભુજ : સર્વ સેવા સંઘ, ભુજ માકપટ જૈન પરિવાર અને કે.ડી. હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે ભુજના માતૃશ્રી પ્રેમિલાબેન પ્રેમચંદ સંઘવી વિવિધલક્ષી સંકુલ ખાતે ખેંચ, વાઈ, આંચકીના નિઃશુલ્ક તપાસ શિબિર અને પરિસંવાદનું આયોજન કરાયું હતું. નિષ્ણાંત કન્સલ્ટન્ટ ન્યુરોલોજીસ્ટ અને એપિલેપ્ટોલોજીસ્ટ ડો. અભિષેક ગોહેલે સેવાઓ આપી હતી.

આ કાર્યક્રમમાં દર્દીઓને નિઃશુલ્ક તપાસનો લાભ અપાયો હતો. ઉપરાંત ખેંચ, વાઈ, આંચકીના રોગના લક્ષણો અંગે માર્ગદર્શન અપાયું હતું. શરીરમાં અચાનક કંપન અથવા ઝટકાનો અનુભવ થાય, આંખો સમક્ષ અંધારૂં છવાઈ જાય, અચાનક બેહોશી સહિતના લક્ષણો જોવા મળે તો સત્વરે નિદાન કરાવવા તજજ્ઞોએ સમજ આપી હતી.

સર્વ સેવા સંઘના પ્રમુખ જીગરભાઈ છેડાના માર્ગદર્શન હેઠળ આયોજન કરાયું હતું. કે.ડી. હોસ્પિટલ, અમદાવાદના તબીબો, પેટા મેડિકલ સ્ટાફે સેવાઓ આપી હતી. હરનીશ મહેતા, જીતેન્દ્ર ચાવડા વગેરે આયોજનમાં સહયોગી રહ્યા હતા. મોટી સંખ્યામાં દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

# બન્ની વિસ્તારમાં ગેરકાયદેસર વાડાઓની કામગીરી અટકાવો

**શેરવા, છછલા, ભગાડિયા વિસ્તારમાં ફોરેસ્ટ વિભાગ દ્વારા થતી કામગીરી સામે સ્થાનિકોમાં આક્રોશ**

ભુજ : નખત્રાણા ફોરેસ્ટ વિભાગ દ્વારા નિરોણા ગામના નામથી બન્ની વિસ્તારના શેરવા, છછલા, ભગાડિયાની હદમાં ગેરકાયદેસર વાડાઓ બનાવવામાં આવ્યા છે. છછલા જૂથ ગ્રામ પંચાયત અને શેરવા ગ્રામ પંચાયત દ્વારા નાયબ કલેક્ટર, નખત્રાણાને આવેદનપત્ર પાઠવી ગેરકાયદેસર વાડાઓ બનાવવાની કામગીરી અટકાવવા માંગ કરી હતી.

ગ્રામ પંચાયતો દ્વારા પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ભુજ તાલુકાના બન્ની પ્રોટેક્ટેડ ફોરેસ્ટ હેઠળ આવતા શેરવા સહિતના ગામોની સીમ જે બન્નીની હદમાં આવેલ છે. તેમાં નખત્રાણા-નિરોણા રેન્જ ફોરેસ્ટે મનસ્વી વલણ અપનાવી બન્નીની હદમાં પ્લોટ બનાવેલ છે. આ જગ્યાઓ બન્નીના શેરવા, છછલા, ભગાડિયા વગેરે ગામોના પશુઓના ચરિયાણ માટે અનામત છે. આ જગ્યામાં નખત્રાણા ફોરેસ્ટ ખાતા દ્વારા ગેરકાયદેસર વાડાઓ બનાવવામાં આવેલ છે જે દૂર કરવા માંગ કરી હતી. આ અંગે તટસ્થ તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવા અનુરોધ કર્યો હતો.

# હિન્દ કેસરી સેના દ્વારા વિવિધ જગ્યાએ હનુમાન ચાલીસા કેન્દ્ર તેમજ સુંદર કાંડના પાઠનું આયોજન કરાયું



ભુજ : હિન્દ કેસરી સેના દ્વારા શ્રીરામ સેતુ અભિયાન અંતર્ગત કચ્છ, વલસાડ, સુરત તેમજ દાહોદ જિલ્લામાં હનુમાન ચાલીસા કેન્દ્ર તેમજ સુંદર કાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત સુરત જિલ્લામાં મહિલા મોરચાની બહેનો દ્વારા સુંદર કાંડ પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. અભિયાનમાં પ્રદેશ ધર્મ જાગરણ સંયોજીકા અરુણાબેન બારોટ, પ્રીતિબેન, હેતલબેન, ઈલાંક્ષીબેન, મમતાબેન દ્વારા સમરસતા જાગરણ મંચ અંતર્ગત સમસ્ત સમાજને સંગઠિત કરીને સંગઠનનું નેતૃત્વ કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લા સંયોજીકા નયનાબેન ભાનુશાલી દ્વારા હનુમાન ચાલીસા કેન્દ્રનું આયોજન કરીને ધર્મ જાગરણની દિશામાં પોતાનું યોગદાન આપવામાં આવ્યું હતું. દાહોદ જિલ્લામાં વિનોદભાઈ ઉપાધ્યાય તેમજ રાજેશભાઈ કાલરાના માર્ગ દર્શનમાં હનુમાન દાદાનું લોટ કરીને ચાલીસા કેન્દ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. કચ્છ જિલ્લામાં માંડવી મુકામે આવેલ સંગઠનના કાર્યાલયમાં હનુમાન ચાલીસાનું પાઠ કરીને તાલુકાના કાર્યકર્તાઓ દ્વારા હિન્દુઓ ને સંગઠિત કરવાના ઉદ્દેશ્ય સાથે ધર્મ જાગરણની દિશામાં પોતાનો સમય તેમજ શક્તિનું યોગદાન અપાયું હતું. મહિલા મોરચા સંગઠન સંયોજીકા જયશ્રીબેન ભાનુશાલી, સંગઠન મહામંત્રી પ્રભાબેન કટારીયા, પ્રદેશ મહામંત્રી અંકિતાબેન ગોર, પ્રદેશ મંત્રી તિક્ષણાબેન જૈન તેમજ સંગઠનની મુખ્ય બોડીના પ્રદેશ મહામંત્રી રાજેશભાઈ કાલરા તેમજ પ્રદેશ મંત્રી વિનોદભાઈ ઉપાધ્યાયના મજબૂત મનોબળ, દ્રઢ સંકલ્પ તથા તેમના દ્વારા કરાઈ રહેલી વ્યવસ્થાઓને કારણે આજે સંગઠન ખુબજ સફળતા પૂર્વક હિન્દુ સમાજને સંગઠિત કરવામાં વિજયી થયું છે. દર શનિવારના હિન્દુ સંપર્ક યાત્રા દ્વારા સમરસતાના માર્ગ ઉપર ચાલી સંગઠન ગુજરાતના ૧૦થી વધારે જિલ્લાઓમાં હનુમાન ચાલીસા કેન્દ્રોને સ્થાપિત કરવામાં સફળ થઈ શક્યું છે.

# ડૉ. મધુકાંત આચાર્યની નવલિકા 'મકરંદ ઈસ્માઈલી'ને સાહિત્ય પરિષદની પસંદગી

ભુજ : અમદાવાદ ગુજરાતી સાહિત્ય પરિષદ - ગોવર્ધન ભવન દ્વારા આયોજિત નવલિકા પસંદગી કાર્યક્રમ અંતર્ગત ભુજના કવિ, લેખક અને સાહિત્યકાર ડૉ. મધુકાંત આચાર્યની નવલિકા 'મકરંદ ઈસ્માઈલી' પસંદ કરવામાં આવી છે. ઈ.સ. ૧૯૦૫માં સ્થાપિત આઝાદી કાળ પહેલાંના ગુજરાતી ભાષાના ઊર્જાવાન પ્રવાહને વધારતી આ સંસ્થા આજે પણ ગદ્યસાહિત્યના ઉન્નત સર્જનોને વિખેરતી રહી છે. આવા ગૌરવસભર ક્ષેત્રમાં ભુજના સાહિત્યકારની કૃતિને સ્થાન મળવું પંખાવટપુર્ણ સિદ્ધિ ગણાય છે. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદી, મહામંત્રી સમીર ભટ્ટ, ઉપપ્રમુખ યોગેશ જોશી તથા દર્શન આચાર્ય દ્વારા ડૉ. આચાર્યને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ ઉપરાંત ભુજ અને આસપાસની સંસ્થાઓ તેમજ સાહિત્યમંડળીઓએ પણ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ યૂથ ડેવલોપમેન્ટના પ્રમુખ રસનિધિ અંતાણી, હરેશભાઈ, દર્શનાબેન અને વિ.આર.ટી.આઈ. ના ગોરધન પટેલે પણ ડૉ. મધુકાંત આચાર્યની આ સિદ્ધિને બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, આવા સર્જનાત્મક કાર્યોથી કચ્છનું ગૌરવ સમગ્ર ગુજરાતમાં ઊભરશે.

# ઈદના દિવસે અલૈયાવાંઢમાં ગાયની કત્તલ કરાઈ, એક ગાયને પોલીસે બચાવી

**એલસીબીની ટીમને જોઈ બે ઈસમો ભાગી ગયા : સ્થળ પરથી મુદ્દામાલ કબજે કરાયો**

ભુજ : શુક્રવારે ઈદના દિવસે જિલ્લામાં અનિચ્છનીય બનાવ ન બને તે માટે એલસીબી દ્વારા કુલ આઠ ટીમ બનાવાઈ હતી. એક ટીમ ખાવડા વિસ્તારમાં હતી ત્યારે બાતમી મળી કે, અલૈયાવાંઢ ગામની પાછળ આવેલ તળાવની બાજુમાં બાવળોની ઝાડીમાં નાના દિનારાના સાલેમામદ જાકબ સમા અને હકીમ કાસમ સમા બાવળની ઝાડીમાં ગાયને બાંધી ગેરકાયદે રીતે કત્તલ કરી રહ્યા છે. જેથી દરોડો પાડતા એક ગાય બાંધેલી હાલતમાં જીવીત જોવા મળી હતી. તેની બાજુમાં કત્તલ કરેલી હાલતમાં ગાયના માંસનો જથ્થો મળી આવ્યો હતો. વેટરનરી ડોક્ટરે આવી ગૌમાસ હોવાનું જાહેર કર્યું હતું. જીવીત ગાયને છોડાવી પાંજરાપોળ મુકવામાં આવી હતી. સ્થળ પરથી ૫૦ કિલો ગૌમાંસ તેમજ છરી, કૂહાડી, તપેલુ, રસ્સી, કતાન સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. બન્ને ઈસમો ભાગી જવામાં સફળ રહ્યા હતા. આરોપીઓ સામે ખાવડા પોલીસમાં પશુ પ્રત્યે ઘાતકીપણુ અટકાવવાની કલમ અંતર્ગત ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# કપાસમાં વાવેતર નિકપાળાં પદ્ધતિથી કરવું ફાયદાકારક

ભુજ : કપાસમાં જોવા મળતાં વિવિધ પ્રકારના રોગની રોકથામ માટે ખેડૂતો વાવણી પહેલાં કે વાવણી સમયે સંકલિત વ્યવસ્થાપન કરીને પાકને નુકસાન થતું બચાવી શકે છે. કપાસના પાકમાં થતાં રોગોના સંકલિત વ્યવસ્થાપનના જરૂરી પગલા જેવા કે, લાંબા ગાળે પાકની ફેરબદલી કરવી. નાઈટ્રોજન, ફોસ્ફરસ અને પોટાશનું સપ્રમાણ જાળવી વપરાશ કરવો. લીલો પડવાશ, છાણિયું ખાતર હેકટરે ૧૦ ટન અથવા પ્રેસમડ અથવા મરઘાનું ખાતર ૨ ટન/ હે અથવા એરંડીના ૫૦૦ કિગ્રા ખોળમાં ૪ કિગ્રા ટ્રાઈકોડર્મા હારજીયાનમનું મિશ્રણ અથવા ટ્રાયકોડર્મા વિરીડી ૨.૫ કિલોગ્રામ પ્રતિ હેક્ટરે ૧૦૦ કિલોગ્રામ છાણીયા ખાતર સાથે મિશ્ર કરી વાવણી સમયે ચાસમાં જમીનમાં ભેજ હોય ત્યારે આપવાની ભલામણ છે. કપાસમાં નવો સુકારો અથવા પેરાવિલ્ટના આગોતરા નિયંત્રણ માટે હલકી જમીનમાં કપાસનું વાવેતર નિકપાળાં પદ્ધતિથી પાળા ઉપર કરવું તથા જમીનમાં સેન્દ્રીય ખાતરો પૂરતા પ્રમાણમાં આપવા જોઈએ. આંતર પાક તરીકે મઠ અથવા અડદનું વાવેતર કરવું તેમજ સુકારાના નિયંત્રણ માટે મકાઈને આંતર પાક તરીકે વાવવો જરૂરી છે. કપાસમાં સુકારાના અસરકારક નિયંત્રણ માટે મકાઈ, જુવાર, રાઈડો અથવા બાજરીની ફેરબદલી કરવી. વાવણી સમયે બીજને ટ્રાયકોડર્મા હારજીયાનમ અથવા ટ્રાયકોડર્મા વિરીડી જેવા જૈવિક ફુગ નિયંત્રકનો પટ આપી વાવેતર કરવું અથવા બીજને કાર્બોક્ઝીન ૩૭.૫% + થાઈરમ ૩૭.૫% ડીએસનાં મિશ્રણનો ૩.૫ ગ્રામ/કિલો બીજ મુજબ પટ આપી વાવેતર કરવું. વધુ જાણકારી ગ્રામસેવક / વિસ્તરણ અધિકારી / ખેતી અધિકારી / તાલુકા અમલીકરણ અધિકારી / મદદનીશ ખેતી નિયામક / જિલ્લા ખેતીવાડી અધિકારી / નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), નાયબ ખેતી નિયામક (તાલીમ)નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીની યાદીમાં જણાવાયું છે.

# નાના કપાયામાં વીજલાઈનના કામ વખતે કરંટ લાગતા આધેડનો જીવ ગયો

મુન્દ્રા : તાલુકાના નાના કપાયામાં શાંતિવન કોલોનીવાળા રસ્તે મારુતિ કોમ્પ્લેક્સ પાસે ૧૧ કેવીની વીજલાઈન પર કરંટ લાગતા આધેડનું મોત થયું હતું. પંચમહાલના મોરવાહડફ તાલુકાના અને હાલે શિરાચાની ઓરડીમાં રહેતા ૫૧ વર્ષિય વજેસિંહ બલાભાઈ બારિયા ૧૧ કેવીની વીજ લાઈનમાં જુના વાયર કાઢી નવા વાયર નાખવાનું કામ કરતા હતા ત્યારે કરંટ લાગતા સારવાર નશીબ થાય તે પહેલા મોત થયું હતું. જે અંગે મુન્દ્રા પોલીસે એડી દાખલ કરી છે.

# કોટડા (જ) અને ભુજમાં પરીણિતાને ત્રાસ અપાયો

ભુજ : નખત્રાણા તાલુકાના કોટડા (જડોદર) અને ભુજમાં પરીણિતાને ત્રાસ આપવામાં આવ્યો હતો. ફરિયાદી જયાબેને નખત્રાણા પોલીસમાં તેના પતિ નારાયણ દેવજી મેરિયા સામે ગુનો દાખલ કરાવ્યો હતો. જે બાબતે મળતી વિગતો મુજબ ફરિયાદીને સંતાનમાં ચાર પુત્રી હોવાથી ફરિયાદીને સંતાનમાં પુત્ર પ્રાપ્તી માટે અવાર-નવાર મેણા ટોણા મારી પતિ દ્વારા મારકૂટ કરી ત્રાસ આપવામાં આવતો હતો. તેમજ માર મારવામાં આવતા નખત્રાણા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જ્યારે ભુજના સુરલભીટ્ટ રોડ પર આવેલ અનિશા પાર્કમાં રહેતા સાનિયાબેને તેના પતિ ઈરફાનભાઈ યુનુસભાઈ મેમણ, સાસુ મેમુનાબેન યુનુસભાઈ મેમણ, નણંદ અક્શાબેન રેહાનભાઈ મેમણ સામે ગુનો દાખલ કરાવ્યો હતો. આરોપીઓ દ્વારા દહેજની માંગણી કરી ઘરની નાની-નાની બાબતોમાં ત્રાસ આપવામા આવતા ફરીયાદ થઈ હતી.

# નખત્રાણામાં ભીમ એકાદશી નિમિતે વિશાળ શોભાયાત્રા નિકળી



**જય રામાપીરના નાદથી સમીયાણો ગુંજી ઉઠ્યો : રાત્રે પાટકોરી યોજાઈ : રાસ ગરબાની રમઝટ જામી**

નખત્રાણા : ભીમ એકાદસી નિમિતે દર વર્ષની પરંપરા મુજબ ડો. ભીમરાવ આંબેડકર મિત્ર મંડળના ઉપક્રમે વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. રાત્રે રામાપીરની પાટકોરી, આરાધી ભજનો તથા સવારે આંબેડકર ચોકથી નિકળેલી વિશાળ શોભાયાત્રામાં નરનારી સાથે સામાજિક, ધાર્મિક, રાજકીય અગ્રણીઓ જોડાયા હતા. જય રામાપીર, જય ત્રિકમ સાહેબના નાદ સાથે ડીજે સંગે નિકળેલી શોભાયાત્રા મેઈન બજાર, વથાણ ચોક વિસ્તારમાંથી પસાર થઈ હતી. રાસ ગરબાની રમઝટ જામી હતી. ત્યારબાદ બપોરે ડો. સાહેબની પ્રતિમા પાસે સમૂહ ભોજન મહાપ્રસાદ યોજાયો હતો.

શોભાયાત્રામાં તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશભાઈ કેસરાણી, ટ્રાન્સપોર્ટર અગ્રણી અને પ્રમુખ નરસીહભાઈ વાઘેલા, મયુરભાઈ વાઘેલા, દેવજીભાઈ ચાવડા, પ્રકાશભાઈ જયંતીભાઈ દવે, બાબુભાઈ ગરવા, નવીનભાઈ નરેસભાઈ ચાવડા, હરિભાઈ, રમેશભાઈ લોચા સહિત સમાજના અગ્રણીઓ જોડાયા હતા. ટ્રાફિક પોલીસ નિકુંજદાન ગઢવી, પ્રવીણભાઈ ગરવા, શ્રી સરવૈયા વગેરે પોલીસ બંદોબસ્ત જાળવ્યો હતો.

# કચ્છ મચ્છોયા આહિર સમાજ વાઘુરા વઈના હોદ્દેદારો વરાયા

મુન્દ્રા : કચ્છ મચ્છોયા આહિર સમાજની મુન્દ્રા તાલુકાની વાઘુરા વઈના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. જેમાં પ્રમુખ પદે ચેતનભાઈ ગાગાભાઈ ચાવડા (છસરા), ઉપપ્રમુખ પદે બુધિયાભાઈ મજાભાઈ ચાવડા (વરલી), રામજીભાઈ કાનાભાઈ ચાવડા, મંત્રી પદે જિજ્ઞેશભાઈ કરસનભાઈ હુંબલ (મોખા), સહમંત્રી પદે નારાણભાઈ સુરાભાઈ મ્યાત્રા (દેશલપર કંઠી) અને ખજાનચી તરીકે વાલાભાઈ કાનાભાઈ મક્વાણા (વરલી) ની વરણી કરવામાં આવી છે. નવનિયુક્ત હોદ્દેદારોને સમાજના આગેવાનો, વડિલોએ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભુજના પ્રશાંત પાર્ક-૨ મા જુગાર રમતા છ ખેલી પકડાયા

ભુજ : શહેરના મહાવીનગરમાં આવેલ પ્રશાંત પાર્ક -૨ મા જુગાર રમતા છ ખેલી પકડાયા હતા. જેમાં પ્રેમબાબુ પ્રતાપબાબુ સોની, નવીન કરણ સીજલી, અમન માનબહાદુર ખત્રી, કુલેન્દ્ર રતન બીકે, રોશન લાલબહાદુર કામી, ધર્મેશ પદમસિંહ સોનીને ઝડપી રોકડા રૂા.૧૪,૬૦૦ તેમજ ૨૦ હજારના ચાર મોબાઈલ કબજે કરવામાં આવ્યા હતા.

# નખત્રાણા પાટીદાર સમાજ દ્વારા ગાયો માટે બે લાખનું દાન અપાયું



નખત્રાણા : નવાવાસ કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ દ્વારા યોજાયેલ ત્રિવેણી સંગમ મહોત્સવ પ્રસંગે ઉપજેલ રકમમાંથી નખત્રાણા ગૌસેવા કેન્દ્રને ગાયોના લીલા ઘાસચારના નીરણ માટે રૂપિયા બે લાખ આઠ હજાર સંસ્થાને દાન આપવામાં આવ્યું હતું. સમાજના પ્રવીણભાઈ ધનાણી, મણીલાલ સુરાણી, નિલેશ ગોસાણી, બાબુલાલ ધનાણી, ડાયાભાઈ સેઘાણી સહિતના ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રના મોહનભાઈ લીંબાણી, લાલજીભાઈ રામાણી, રવજીભાઈ લીમાણી, હરિભાઈ ધોળું, રતિલાલ લીંબાણી ટ્રસ્ટીઓ દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



અખિલ કચ્છ ગર્ગવંશી ગરવા-ગુરૂ બ્રાહ્મણ સમાજ (પશ્ચિમ વિભાગ) દ્વારા આયોજિત ૧૮માં સમૂહ લગ્નોત્સવ - ૨૦૨૫માં સહયોગ બદલ અનશનવ્રતધારી જૈન સમાજરત્ન તારાચંદભાઈ જગશીભાઈ છેડા પરિવારવતી તેમના પુત્ર અને ક.વી.ઓ. જૈન મહાજન ભુજ અને સર્વ સેવા સંઘ કચ્છ ભુજના પ્રમુખ જીગર તારાચંદભાઈ છેડાનું શાલ ઓઢાડી પાઘડી પહેરાવી મોમેન્ટો આપી અભિવાદન સમાજના પ્રમુખ નરશીભાઈ શેખા, ઉપપ્રમુખ બાબુભાઈ શેખા, મહામંત્રી અશોકભાઈ રૂપાણી, સામાજિક આગેવાન સુરેશભાઈ મુછડીયા સહિતે કર્યું હતું.

કોટડા (જડોદર) ખાતે ઈદ ઉલ અઝહાની નમાજ મૌલાના ભદ્રે આલમે પઢાવી હતી. દુઆ ખેર સૈયદ પીર મોહમદશા બાવાપીરે માંગ કરી હતી. જમાતના મુતવલી હુસેન ખમીશા લુહાર સહિતના સભ્યોને મુબારક બાદી આપી હતી. તેવું જાગોરા ઓસમાણ ખમીશાએ જણાવ્યું હતું.





લેકવ્યુ વોક-વે પર આવેલ છતરડી તળાવ સાઈડે લાગેલી ગ્રીલમાં પટ્ટી લાગેલ છે જેથી ઘણી જગ્યા રહી જાય છે, નાનું બાળક, નાના જનાવર પડી જવાની સંભાવના છે તેવું ભૂપેન્દ્રભાઈ એચ. મહેતાએ નગરપાલીકાને ધ્યાન દોરતા જણાવ્યું છે.

# લાખોંદ ખાતે રાધા કૃષ્ણ મંદિરનો પાટોત્સવ ઉજવાયો

ભુજ : તાલુકાના લાખોંદ મધ્યે શ્રી રાધા કૃષ્ણ મંદિરનો ૨૩મા પાટોત્સવની ભક્તિ ભાવથી ઉજવણી કરવામાં આવી હતી. સાંજે મહાઆરતી અને પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય દાતા અશોક સામતભાઈ બરાડીયા, કાનજી નારણભાઈ બરાડીયા રહ્યાં હતા. હર્ષદભાઈ ગોર, આરતીબેન આહીર અને કનૈયા સાઉન્ડની સંગાથે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સર્વે ગ્રામજનો ઉત્સાહ ભક્તિ ભાવથી ઉપસ્થિત રહ્યા હતા. તેવું મંદિરના પૂજારી હરેન્દ્ર મહારાજે જણાવ્યું હતું.

# શિરાચામાં કાર હડફેટે એક્ટિવા પર જતા માતા-પુત્રી ઘવાયા

મુન્દ્રા : તાલુકાના શિરાચા ગામે અદાણી પાવર પ્લાન્ટના રસ્તા પર કાર હડફેટે એક્ટિવા પર જતા માતા-પુત્રી ઘવાયા હતા. મોટી ભુજપુરમાં રહેતા ગોપાલ ભચુ મહેશ્વરીના જણાવ્યા મુજબ તેઓ એક્ટિવા નં.જીજે૧૨ - ડીએલ - ૪૦૮૭ લઈને જતા હતા ત્યારે પાછળથી પુર ઝડપે આવતી ફોરવ્હીલર ચાલકે ટક્કર મારતા ફરિયાદીના પત્ની અને દીકરી નીચે પટકાતા ગંભીર પ્રકારની ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જી ચાલક ભાગી ગયો હતો. જેથી મુન્દ્રા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

# ભચાઉમાં ફિલ્મી ઢબે પ્રેમલગ્ન કરનાર દીકરીને ઘરે લઈ જવાઈ

ભચાઉ : યુવતીએ પરિવારની મરજી વગર મુન્દ્રાના વવારના યુવક સાથે જામનગરની કોર્ટમાં લગ્ન કર્યા હતા. આ પતિ-પત્ની જતા હતા ત્યારે તેમની કારને ફિલ્મી ઢબે આંતરીતે દીકરીને ઘરે લઈ જવાઈ હતી. જે મામલે ભચાઉ પોલીસમાં મારામારી-અપહરણ સહિતની કલમો તળે ફરિયાદ થઈ છે.

આ બાબતે ફરિયાદી ભીમજીભાઈ નોંધાવેલી ફરિયાદ મુજબ ગામમાં રહેતી ભૂમિ નામની યુવતી સાથે પ્રેમ હોવાથી બન્નેએ એક જૂનના ભાગીને જામનગરની કોર્ટમાં લગ્ન કર્યા હતા. મુન્દ્રાના પ્રાગપર પોલીસ મથકે ગુમ નોંધ દાખલ થઈ હોવાથી તેનું નિવેદન આપવા માટે કચ્છ આવતા હતા ત્યારે ભચાઉ નેશનલ હાઈવે પાસે રંગલા પંજાબ હોટલ નજીક ફરિયાદીની કારને પાછળથી થાર ગાડીએ ડીપર મારી રોકાવી હતી. થાર અને ઈનોવા ગાડીમાં ફરિયાદીની પત્ની ભૂમિના પિતા પ્રતાપભાઈ, કાકા લક્ષ્મણભાઈ, મેઘરાજભાઈ, ફઈ દેવલબેન તથા ચાર અજાણ્યા ઈસમો આવ્યા હતા.

ચાર અજાણ્યા માણસોએ લાકડાના ધોકા ગાડી અલ્ટો ગાડીમાં નુકસાન કર્યું હતું. ફરિયાદીના પત્ની ભૂમિને માથાના વાળ પકડી બળઝબરીથી ઈનોવા ગાડીમાં બેસાડી ગયા અને ફરિયાદીના નાના ભાઈને લાકડાના ધોકા વડે માર માર્યો હતો. બીજાની દીકરીને ભગાડીને જાઓ છો. તેમ કહી ગાળો આપી ધમકી આપી આરોપીઓ ભૂમિને લઈને નીકળી ગયા હતા. જેથી ભચાઉ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

# બાર..બાર..દિન યે આયે..બાર બાર દિન યે ગાયે...! : હેપ્પી બર્થ ડે...કચ્છઉદય...!













કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુંના હદયનો ધબકાર એવુ કચ્છઉદય દૈનિક વાંચકોના અપાર સ્નેહના પગલે ૩૨માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી ચૂકયું છે. કચ્છઉદય ભવન ગાંધીધામ મધ્યે તથા કચ્છઉદય ભુજ કાર્યાલય મધ્યે પણ સમગ્ર કચ્છઉદય પરીવાર સાથે કેક કટીંગ કરી અને આ મંગળવેળાને અનોખી રીતે વધાવાઈ હતી અને પરસ્પર શુભકામનાઓની આપલે કરવામાં આવી હતી. તે વેળાની તસવીરમાં ગાંધીધામ કચ્છઉદય ભવન મધ્યે પરીવારના શીર્ષસ્થ મોભી ગંગારામભાઈ ભાનુશાલી, પ્રકાશભાઈ ભાનુશાલી,મોહિતભાઈ ભાનુશાલી, હેરશભાઇ વિધાણી, આઇટી વિભાગના વાઘેલા સાહેબ, રમેશભાઇ (સત્યમ ફૂડવાળા), દીપુભાઈ ભદ્રા,દિપકભાઇ (જીમી બેકરીવાળા), સંજુભાઈ મંગે, સુનિલભાઈ દયારામાણી, સતિષભાઈ ભાનુશાલી, સુનિલભાઈ ભાનુશાલી, કારાભાઇ નંદા, ભાવેશભાઇ ખીમાણી, કમલેશભાઇ ભાનુશાલી, પ્રદીપ મુરજાણી, દીપુભાઇ ચાંદ્રા, કિશોરભાઈ લખ્યાણી, અશોકભાઈ ડાભી, રાજેશભાઈ મહેશ્વરી, ચિરાગભાઈ ભાનુશાલી, અંકુરભાઈ ખત્રી,ઋત્વિક પરમાર, હરેશ ઠકકર, કૈલાશ ચારણ, ધીરજ, મમતાબેન કારીયા, મુળજી મહેશ્વરી, રમેશ પ્રજાપતી તથા ભુજ કાર્યાલય મધ્યે મનોજભાઈ ભાનુશાલી, માનવ ભાનુશાલી, રાજેશ ભટ્ટ બીપીન ગોર, શંભુ ભાનુશાલી, શિવરામ પટેલ, લાલજી કબીરા, સાગર પુરબીયા, છગન ભાનુશાલી, ભારતીબેન મોર, ધર્મિષ્ઠા વણકર, મહેશ મારવાડા, સોહિલ ચૌહાણ, રાખી અંજારિયા, ધીરેન ભાટિયા સહિતનાઓ ઉપરોકત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

## નમો ભારત રૈપિડ રેલનો કેટલાક સ્ટેશનો પર સમયમાં આંશિક પરિવર્તન

**૯ જૂનથી અમદાવાદ - ભુજ નમો ભારત રૈપિડ રેલનો સાણંદ તથા આંબલી રોડ સ્ટેશન પર વધારાના સ્ટોપેજ**

ગાંધીધામ : પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા માટે પ્રતિષ્ઠિત ટ્રેન સંખ્યા ૯૪૮૦૧ / ૯૪૮૦૨ અમદાવાદ- ભુજ- અમદાવાદ નમો ભારત રૈપીડ રેલને ૯મી જૂનથી આંબલી રોડ અને સાણંદ સ્ટેશનો પર પ્રાયોગિક આધાર પર વધારાના સ્ટોપેજ આપવામાં આવી રહ્યા છે. વધારાના સ્ટોપેજ ને કારણે આ ટ્રેનના કેટલાક સ્ટેશનો પર આગમન / પ્રસ્થાનના સમયમાં પરિવર્તન થશે. જેમાં ૯ જૂનથી ટ્રેન સંખ્યા ૯૪૮૦૧ અમદાવાદ - ભુજ નમો ભારત રૈપીડ રેલ અમદાવાદથી ૧૭.૩૦ કલાકને બદલે ૧૭.૨૫ કલાકે ઉપડશે તથા આગમન/પ્રસ્થાનનો સમય સાબરમતી સ્ટેશન પર ૧૭.૩૫ / ૧૭.૩૭ કલાકે, ચાંદલોડિયા સ્ટેશન પર ૧૭.૪૦ -૧૭.૪૨ કલાકે, આંબલી રોડ સ્ટેશન પર ૧૭.૪૭/૧૭.૪૯ કલાકે, સાણંદ સ્ટેશન પર ૧૭.૫૯ / ૧૮.૦૧ કલાકે, વિરમગામ સ્ટેશન પર ૧૮.૨૭ / ૧૮.૨૯ કલાકે, ધ્રાંગધ્રા સ્ટેશન પર ૧૯.૧૪ / ૧૯.૧૬ કલાકે તથા હળવદ સ્ટેશન પર ૧૯.૪૧ / ૧૯.૪૩ કલાકનો રહેશે તથા અન્ય સ્ટેશનો પર સમયમાં કોઈ ફેરફાર નહીં થાય. એ જ રીતે ટ્રેન સંખ્યા ૯૪૮૦૨ ભુજ - અમદાવાદ નમો ભારત રૈપીડ રેલનો આગમન - પ્રસ્થાનનો સમય સાણંદ સ્ટેશન પર ૯:૪૮થી ૦૯.૫૦ કલાકે, આંબલી રોડ સ્ટેશન પર ૯:૫૯પી ૧૦:૦૧ કલાકે, ચાંદલોડિયા સ્ટેશન પર ૧૦:૦૮થી ૧૦:૧૦ કલાકે, સાબરમતી સ્ટેશન પર ૧૦:૨૦/૧૦:૨૨ કલાકનો રહેશે તથા અન્ય સ્ટેશનો પર સમયમાં કોઈ ફેરફાર નહીં થાય તેમ યાદીમાં જણાવ્યું છે.

## કચ્છમાં તાપમાનનો પારો ઉંચકાયો : ગરમીનું વધ્યું પ્રમાણ

ભુજ : ચોમાસાની સિઝનના આગમન પૂર્વે કચ્છ જિલ્લામાં ગરમી અને બફારાનું પ્રમાણ વધ્યું છે. મહત્તમ તાપમાનનો પારો ૩૯થી ૪૧ ડિગ્રીની આસપાસ પહોંચતા પ્રખર ગરમીથી કચ્છવાસીઓ બેહાલ થયા છે. પૂર્વ કચ્છના ગાંધીધામ અને અંજારમાં મહત્તમ તાપમાન ૪૧.૮ ડિગ્રીએ પહોંચ્યું છે. જે રાજ્યમાં સૌથી વધુ નોંધાયું છે. જુન મહિનાના પ્રથમ સપ્તાહના અંતે પ્રખર ગરમીએ પક્કડ મજબૂત બનાવી છે. કચ્છવાસીઓ વરસાદની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે ત્યારે ગરમી અને બફારાનું પ્રમાણ વધ્યું છે. હવામાન વિભાગના વર્તારા અનુસાર જુન મહિનાના અંત ભાગે કચ્છમાં ચોમાસુ વરસાદ શરૂ થશે. આગામી અઠવાડિયા દરમિયાન વાતાવરણમાં મોટા ફેરફારની સંભાવના નહીંવત હોવાથી હાલ કચ્છવાસીઓને ગરમી અને ઉકળાટની રાહત મળે તેવી શક્યતા નથી. છેલ્લા થોડા દિવસોથી પવનની ઝડપમાં ઘટાડો થતા તાપનો પ્રભાવ વધ્યો છે.

## કચ્છ જિલ્લા રજીસ્ટાર સહકાર મંડળી કચેરીના ઓડિટર વયનિવૃત્ત થતાં વિદાય અપાઈ




ભુજ : જિલ્લા રજીસ્ટાર સહકાર મંડળીના કચેરી ઓડિટર ગ્રેડ -૧ના વિશ્રામભાઈ ચૌહાણ વય મર્યાદાના કારણે નિવૃત્ત થતાં વિદાયમાન સમારોહ જિલ્લા રજીસ્ટાર પ્રમુખ મેઘાબેન અગ્રવાલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. માનકૂવાના વિશ્રામભાઈએ તા. ૧૯-૨-૧૯૮૭ના પ્રથમ કલેકટર કચેરીએ કલાર્ક તરીકે નોકરીની શરૂઆત કરી, બાદમાં પાણી પુરવઠા વિભાગમાં હતા. ત્યાંથી ૧-૮-૧૯૮૮થી સહકાર વિભાગમાં જોડાયા, ૨૦૦૩-૦૪માં રાજકોટ કલાર્ક લગત ઓડિટર હતા. તા. ૩૦-૬-૨૦૦૬માં મદદનીશ સહકારી અધિકારી તરીકે ભુજમાં બઢતી મળી, તા. ૧-૯-૨૦૦૭થી ૧૯ સુધી તેમણે સબ ઓડિટર તરીકે અંજારમાં ફરજ બજાવી હતી. તા. ૭-૩-૨૦૧૯માં સહકારી અધિકારી ગ્રાહક તરીકે પ્રમોશન, તા. ૨૮-૧૦-૨૦૨૩ ઓડિટર ગ્રેડ -૧ તરીકે બઢતી મળતા તેઓ જિલ્લા સંઘ, તાલુકા સંઘ, માર્કેટયાર્ડ, ચૂંટણી અધિકારી તરીકે ફરજ બજાવેલ છે. વિશ્રામભાઈ સહકારી મંડળીઓને કેમ આગળ કાર્યશીલ થાય તેવા તેમના પ્રયત્નો રહ્યા છે. નિવૃત્ત થતાં ભુજ એપીએમસીના ચેરમેન હઠુભા જાડેજા, ભુજ કેડીસીસી બેંકના ચેરમેન દેવરાજ ગઢવી, દુધ ઉ.સ. જિલ્લા સંઘના વલમજીભાઈ હુંબલ, સ્ટાફના મોતીલાલ, હર્ષાબેન, મયુરીબેન, ધર્મેન્દ્રસિંહ, અંક્તિાબેન, તરૂણસિંહ વાઘેલા, દિલીપ ચૌધરી તેમજ જિલ્લા રજીસ્ટાર મેઘાબેન અગ્રવાલે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. વિશ્રામભાઈના પત્ની ગંગાબેન ઉપસ્થિત રહેતા હર્ષાબેને સન્માન કર્યું હતું. સંચાલન સમા ઉમર શેરમામદે કર્યું હતું.

## મોથાળાભાનુશાલીસમાજનું ગૌરવ



**મૂળ અબડાસાના હાલે અમેરિકામાં રહેતા ડો. ગોવિંદભાઈ કરમશીના પુત્ર ડો. ધવલને પ્રખ્યાત એએડી એવોર્ડ એનાયત કરાયો**

ભુજ : મૂળ કચ્છના અબડાસા તાલુકાના મોથાળા ગામના અને છેલ્લા ૪૫ વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલા ડો. ગોવિંદભાઈ કરમશીભાઈ ભાનુશાલીના પુત્ર ડો. ધવલ ભાનુશાલીને અમેરિકાનો પ્રતિષ્ઠીત એએડી એવોર્ડ એનાયત કરાયો છે.

મોથાળાના ગુણવતીબેન અને ડો. ગોવિંદભાઈના પુત્ર ડો. ધવલ ભાનુશાલી અમેરિકામાં વિખ્યાત છે. અમેરિકન ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં તેમણે ખુબ નામના મેળવી છે. તેમણે દુનિયાને વધુ સારી બનાવવાની આશામાં અનેક ડિજીટલ હેલ્થ કંપનીઓ બનાવી છે. ડો. ધવલ ભાનુશાલીએ લોન્ચ કરેલ હેલ્થ ડીજીટલ માટે ફોર્બ્સે કહ્યું હતું કે, આરોગ્ય સંભાળવામાં નવનીતમ ક્રાંતિ લાવી શકે છે. તેમના મુખ્ય પ્રોજેકટ હેર સ્કીમ લેબ્સ, સ્ક મેડિસિનેલ્સ, એઆઈઆરઈ હેલ્થ લોકપ્રિય બન્યા છે. તેમની ગૌરવશાળી સિદ્ધિ બદલ ઠેરઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

## નવા સત્રના એડમિશન પ્રશ્ને લોકોને પુરતુ માર્ગ અને નિયમ મુજબ કાર્યવાહી માટે તંત્રને રજૂઆત

**ઘણા શાળા સંચાલકો જગ્યા હોવા છતાંય વારમવાર ધક્કા ખાવા મજબૂર કરે છે : તો અલગ અલગ નિયમો હેઠળ લોકો પરેશન થાય છે**

ભુજ : શિક્ષણ ક્ષેત્રે નવા સત્રના પ્રારંભે એડમિશન પ્રશ્ને લોકોને પુરતો સહયોગ અને નિયમ મુજબ કાર્યવાહી માટે જિલ્લા સમાહર્તા અને શિક્ષણ સબંધીત તંત્રોને પત્ર લખી તાલુકા પંચાયતના પૂર્વ વિપક્ષીનેતા અશ્વિનભાઈ રૂપારેલે રજૂઆત કરી છે. શ્રી રૂપારેલના જણાવ્યા અનુસાર નવા સત્રના પ્રારંભે શાળા, કોલેજોમાં એડમિશનના નામે તેમજ મેરીટ હેઠળ લોકોને ભારે મુશ્કેલી અને શાળા સંચાલકો અને તંત્ર દ્વારા જગ્યાઓ હોવા છતાંય વારંવાર ધક્કા ખવડાવવામાં આવે છે. અનેક જગ્યાઓ શાળા પરિવાર એડમિશનના નામે સ્થાનિક પ્રાયોરીટીને લાગતા વળગતા નીતિ નિયમથી કવોલિફાઈડ વિદ્યાર્થીઓને લાંબા સમય સુધી રાહ જોવાની ફરજ પડે છે. ત્યારે સરકાર શિક્ષણ ક્ષેત્રે તમામને અધિકાર હોવા છતાંય ખાનગી સ્કૂલ ધારકોને ઘી કેળા માટે સરકારી શાળામાં જગ્યાઓ હોવા છતાંય યોગ્ય જવાબો અપાતા નથી. અલગ અલગ નિયમો હેઠળ એડમિશનો માટે મુશ્કેલી ઉભી ન થાય તેવા પગલાં અને કાર્યવાહી હાથ ધરવા પત્રમાં રજૂઆત કરાઈ છે.

## જખણિયા વીરાયતનમાં સાયબર ક્રાઈમ સુરક્ષા અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

માંડવી : વીરાયતન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસી ખાતે આવેલા ફાર્મસી કોલેજમાં સાયબર ક્રાઈમ અને સાયબર સુરક્ષાની જાગૃતિ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

સાયબર ક્રાઈમ સેલ, ભુજના પીએસઆઈ હર્ષભાઈ દેવમણિ ઉપસ્થિત રહી વિવિધ વિભાગોના વિદ્યાર્થીઓ અને સ્ટાફને સાયબર છેતરપિંડી, મોબાઈલ અને ઈન્ટરનેટથી થતી ઠગાઈ વિશે માહિતગાર કર્યા અને સાવચેતીના માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિરાયતનનાં ફાર્મસી, એન્જિનિયરિંગ, બીબીએ, બીસીએ અને વિદ્યાપીઠના આચાર્ય, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ સક્રિય રીતે આ સેમિનારમાં ભાગ લીધો હતો.

સ્થાપક આચાર્ય પદ્મશ્રી ચંદનાજી અને વડા સાધ્વી શિલાપીજી મહારાજાના દિશાનિર્દેશ હેઠળ પ્રોફેસર ડૉ. મહેશ સેંઘાણી દ્વારા કોલેજના એનએસએસ યુનિટ દ્વારા જહેમત ઉઠાવી હતી. સંચાલન રવિભાઈ વૈષ્ણવે કર્યું હતું.

## કચ્છના વતની ધર્માંશુ ઠક્કર ગુજરાત સરકારમાં સચિવ પદે નિમાયા

ભુજ : ગુજરાત સરકાર દ્વારા જળસંપત્તિ વિભાગના ત્રણ ચીફ એન્જિનિયરોને બઢતી આપીને સચિવ પદે નિમણૂક આપતા અધિકૃત હુકમ બહાર પાડાયા છે. આ યાદીમાં ભુજના વતની અને કચ્છની ભૂમિ પર નર્મદાના નીર લાવવા મહત્ત્વનું યોગદાન આપનાર ઈજનેર ધર્માંશુ ઠક્કરનો પણ સમાવેશ થયો છે.ધર્માંશુ ઠક્કરે તેમના ઈજનેર તરીકેના કારકિર્દીમાં અનેક મહત્વના વિકાસ કાર્યોમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેઓએ સરદાર સરોવર નર્મદાપ્રોજેક્ટના ચીફ એન્જિનિયર તરીકે કચ્છ ખાતે ફરજ બજાવી હતી અને કચ્છના સુકાત વિસ્તારો સુધી નર્મદાનું પાણી પહોંચાડવામાં પ્રયાનું યોગદાન આપ્યું હતું. તેમની કાર્યશૈલીમાં સ્પષ્ટતા, વ્યવસ્થિતતા અને પ્રતિબદ્ધતાનું અનોખું સમન્વય જોવા મળ્યો છે.

કચ્છથી ગાંધીનગર અને હવે સચિવાલય સુધીનો સફર કચ્છમાં સફળ કાર્યકાળ બાદ શ્રી ઠક્કરની નિમણૂક ગાંધીનગર ખાતે સચિવાલયના કલ્પસર વિભાગમાં ચીફ એન્જિનિયર તથા એડિશનલ સેક્રેટરી તરીકે કરવામાં આવી હતી. હવે તેમને જળસંપત્તિ વિભાગના સચિવ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે, જે તેમના કાર્યપ્રતિનો ન્યાયસભર માન હોવાનું માનવામાં આવે છે. અદ્યતન યોગ્યતા અને પ્રામાણિકતા માટે ઓળખાતા અધિકારી શ્રી ધર્માંશુ ઠક્કર તેમના કુશળ ટેકનિકલ જ્ઞાન, સંસ્થાગત નીતિ અનુસંધાન અને પ્રતિબદ્ધ કાર્યશૈલી માટે ઓળખાતા છે.તેઓ ભુજના જાણીતા શિક્ષક અને શિક્ષણ ક્ષેત્રે સમર્પિત રહેલા સ્વ. સી.એચ. ઠક્કરના પુત્ર છે. તેમના સાદા સ્વભાવ અને કડક શિસ્તબદ્ધ વલણને લીધે તેઓ તંત્રમાં વિશ્વાસુ અધિકારી તરીકે ઓળખાય છે.

## ભારત-પાક સરહદે ૨.૫ની તીવ્રતાનું કંપન નોંધાયું

ભુજ : ભૂકંપ સંભવિત ક્ષેત્ર ઝોન પાંચમાં સમાવિષ્ટ કચ્છ જિલ્લામાં અનેક સક્રિય ફોલ્ટલાઈન આવેલ હોવાથી ભૂકંપના નાના-મોટા આંચકાઓ સમયાંતરે આવતા રહે છે ત્યારે શનિવારે સાંજે ૭.૨૪ કલાકે ભારત-પાક સરહદ સમીપે ૨.૫ની તીવ્રતાનું કંપન અનુભવાયું હતું. આ અંગે ઈન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટર દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર તા.૭/૬ ના સાંજે ૭.૨૪ કલાકે કચ્છના લખપતથી ૬૮ કિલોમીટર ઉત્તર-પૂર્વ દિશાએ ૨૪.૩૧૧ અક્ષાંસ અને ૬૯.૧૮૭ રેખાંશ પર ૨.૫ તીવ્રતાનો આંચકો આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ લખપતથી ૬૮ કિલોમીટર દૂર નોંધાયું હતું. જમીનથી ૫.૩ કિલોમીટરની ઉંડાઈએ આંચકો આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૨.૫ અંકિત થઈ હતી.

## કચ્છમાં કોરોનાના વધુ ચાર કેસ નોંધાયા

**ભુજમાં ત્રણ અને નખત્રાણામાં એક સંક્રમિત : એક્ટિવ કેસનો આંક ૧૪**

ભુજ : કચ્છમાં જિલ્લામાં એક દિવસ કોરોનાના કેસ વિહોણો રહ્યા બાદ શનિવારે ફરી કોરોનાના ચાર નવા કેસ નોંધાયા હતા. કચ્છમાં કોરોનાના કુલ કેસનો આંક ૨૩ પર પહોંચ્યો છે. જે પૈકી ૯ દર્દીઓનો ક્વોરેન્ટાઈન સમય પૂર્ણ થયો છે, જ્યારે હાલે સક્રિય કેસનો આંક ૧૪ થયો છે.

આ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર શનિવારે કચ્છમાં ચાર દર્દીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેમાં ૩ દર્દીઓ ભુજ અને એક નખત્રાણામાં નોંધાયા હતા. ભુજમાં ૮૨ વર્ષિય વૃદ્ધા, ૬૩ અને ૩૫ વર્ષના પુરુષો અને નખત્રાણાના ૨૫ વર્ષિય યુવાનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. કચ્છમાં હાલે ૧૪ સક્રિય દર્દીઓ પૈકી મુન્દ્રાના એક દર્દીને હોસ્પિટલમાં સારવાર અપાઈ રહી છે, જ્યારે બાકીના ૧૩ દર્દીઓને હોમ આઈસોલેશનમાં રખાયા છે. જિલ્લા આરોગ્ય તંત્રએ કોઈપણ લક્ષણો જણાય તો ગભરાટમાં આવ્યા વિના ત્વરીત નિદાન કરાવી લેવા અનુરોધ કર્યો છે.

ખાતમુહૂર્ત સમારોહ
માન. સરકારશ્રીના માર્ગ-મકાન (પં.) વિભાગ હસ્તકના નખત્રાણા તાલુકાના વિવિધ માર્ગોનું નીચે જણાવેલ સમય અને સ્થળે માનવંતા મહેમાનોના વરદ હસ્તે ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.
તા.૦૯/૦૬/૨૦૨૫, સોમવારે
(૧) ચાવડકા-લાખીયારવીરા રોડનું રૂપિયા ૩૦૦.૦૯ લાખના ખર્ચે નિર્માણ થનાર કામનું ખાતમુહૂર્ત
સમય-સ્થળ : સવારે ૧૦.૦૦ વાગ્યે, ચાવડકા ગામે
(૨) ભીમસર-હીરાપર-રતામીયા-ઉલટ રોડનું રૂપિયા ૧૯૯.૪૯ લાખના ખર્ચે નિર્માણ થનાર કામનું ખાતમુહૂર્ત
સમય-સ્થળ : સવારે ૧૧.૩૦ વાગ્યે, હીરાપર ગામે
મુખ્ય મહેમાનશ્રી શ્રી પ્રદ્યુમનસિંહ એમ. જાડેજા (માન.ધારાસભ્યશ્રી, અબડાસા)
અતિવિશેષશ્રીઓ
• શ્રીમતી ભાવનાબેન પટેલ (માન. પ્રમુખશ્રી, નખત્રાણા તા.પં.)
• શ્રી રાજેન્દ્રસિંહ બી.જાડેજા (માન.ચેરમેનશ્રી, આરો., સમિ.જિ.પં.કચ્છ)
• શ્રી કરશનજી બી. જાડેજા (માન.સદસ્યશ્રી, જિ.પં.કચ્છ)
• શ્રીમતી દક્ષાબેન બારૂ (માન.ઉપપ્રમુખશ્રી, નખત્રાણા, તા.પંચાયત)
• શ્રી ઉત્પલસિંહ જાડેજા (માન.ચેરમેનશ્રી, કા.સમિતિ, તા.પં. નખત્રાણા)
• શ્રીમતી લીલાબેન મહેશ્વરી (માન.ચેરમેનશ્રી, સા.ન્યા.નખત્રાણા તા.પં.)
• શ્રી મહેન્દ્રસિંહ સોઢા (માન.સદસ્યશ્રી, નખત્રાણા તા.પં.)
• શ્રીમતી જયાબેન ચોપડા (માન.સદસ્યાશ્રી, જિ.પં.કચ્છ)
• શ્રીમતી નયનાબેન પટેલ (માન.સદસ્યાશ્રી, જિ.પં.કચ્છ)
• શ્રીમતી સ્વાતીબેન ગોસ્વામી (માન.નેતાશ્રી, શા.પક્ષ નખત્રાણા તા.પં.)
• શ્રીમતી શારદાબેન આહિર (માન.દંડકશ્રી, નખત્રાણા તા.પં.)
• શ્રી જયસુખભાઈ પટેલ (માન.સદસ્યશ્રી, નખત્રાણા તા.પંચાયત)
• શ્રી ગોરધનભાઈ રૂડાણી (માન.સદસ્યશ્રી, નખત્રાણા તા.પંચાયત)
નિમંત્રક
શ્રી હરિસિંહ રાઠોડ (માન.મહામંત્રીશ્રી, નખત્રાણા તાલુકા ભાજપ)
શ્રી ધર્મેશભાઈ કેશરાણી (માન.પ્રમુખશ્રી, નખત્રાણા તાલુકા ભાજપ)
શ્રી અશ્વિનભાઈ સોની (માન.મહામંત્રીશ્રી, નખત્રાણા તાલુકા ભાજપ)
તથા નખત્રાણા તાલુકા ભારતીય જનતા પાર્ટી પરિવાર

K.K.PATEL SUPER SPECIALITY HOSPITAL
Managed by Marengo CIMS Hospital
Marengo CIMS Hospital
મૈરિંગો સિમ્સ હોસ્પિટલ, અમદાવાદ
નિષ્ણાંત ડોકટર્સ દ્વારા મલ્ટિસ્પેશિયાલિટી ઓપીડી
ભુજ (કચ્છમાં) (દર મહિનાના બીજા ગુરૂવારે)
શ્રી કચ્છી લેઉવા પટેલ એજ્યુકેશન અને મેડિકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત
કે.કે.પટેલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ, મુન્દ્રા રોડ, ભુજ
૧૨ જૂન, ૨૦૨૫ (ગુરૂવાર) સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ સુધી
ડૉ કૌમિલ પટેલ કન્સલ્ટન્ટ હેમોટોલોજીસ્ટ, હેમોટો-ઓન્કોલોજીસ્ટ અને BMT ફિઝિશીયન
• તમામ પ્રકારના બ્લડ (લોહી) કેન્સર
• રક્ત સ્ત્રાવને લગતા પ્રોબ્લેમ
• થેલેસેમીયા, સિકલસેલ એનેમીયા
• અનિયમિત રક્ત કણો, શ્વેત કણો અને પ્લેટલેટ
• બોનમેરો (સ્ટેમસેલ) ટ્રાન્સપ્લાન્ટ
• એસ્પિરેશન અને બાયોપ્સી
• રક્ત-વાહિનીમાં લોહીની ગાંઠ
ડૉ નિલેશ ટોકે કન્સલટન્ટ ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ
પેટ, લીવર, સ્વાદુપિંડ (પેન્ક્રિયાસ) આંતરડા સંબંધિત રોગોના વિશેષજ્ઞ
વધુ જાણકારી અને રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો
91043 12022 98253 76321 70690 33596
પહેલેથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
મૈરિંગો સિમ્સ હોસ્પિટલ
ઑફ સાઈન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ - 380060.

## સરપંચ પદ પ્રાપ્ત કરવા મુરતિયાઓમાં થનગનાટ

# નખત્રાણા તાલુકામાં ગ્રામ પંચાયતોની ચૂંટણીએ ગરમી પકડી

**ખીરસરા (રોહા), નારાણપર (રોહા) બિનહરીફ ભણી અગ્રેસર : ફોર્મ ભરવાની પ્રક્રિયા તેજ બની : મેળા જેવો માહોલ**

**સોમવારે ફોર્મ ભરવા અંતિમ દિવસે ઉમેદવારોનો રાફડો ફાટશે : ઉમેદવારોને ફોર્મ ભરવાની પ્રક્રિયા સાત કોઠા વિંધવા સમાન : સાંયરા (યક્ષ), વિથોણ, સુખપર (રોહા), કોટડા (રોહા), રોહા (સુમરી), વંગ, ડાડોર, ખારડિયા, મોટા અંગિયા, નાના - મોટા કાદિયા, નારાણપર (રોહા) સહિત ૧૦ ગામને મળશે નવા સરપંચો : મોટાભાગના ગામોમાં ચૂંટણી જંગ જામવાના એંધાણ : ૩૭ બેઠકો પર પેટા ચૂંટણી યોજાશે**

નખત્રાણા : પશ્ચિમ કચ્છના મુખ્યત્વે પાટીદાર સમાજની વસતી ધરાવતા નત્રાણા તાલુકામાં રાજકારણની પા.. પા.. પગલી ગણતી અને રાજકારણ ક્ષેત્રે પગ પેસારો કરાવતી ગામ પંચાયતની ચૂંટણી માટે આમ તો બીજી જુનથી ઉમેદવારી પત્રો ભરવાનું શરૂ થયું છે, પરંતુ શાંતિ પ્રિય નખત્રાણા તાલુકામાં છેલ્લા ૪ દિવસ શાંતિ રહ્યા બાદ શુક્રવારે સાંજે ફોર્મ ઉપાડવાનું ટપોટપ ચાલુ થતાં ફોર્મ ભરવાના અંતિમ દિવસે સોમવારે ઉમેદવારી ફોર્મ ભરવાનો રાફડો ફાટે તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. આગામી ૨૨મી જુનના યોજાનારી ગ્રામ પંચાયતોની ચૂંટણીનું વાતાવરણ હવે જમાવટ કરશે.

તાલુકામાં ૧૦ ગ્રામ પંચાયતમાં સામાન્ય અને અન્ય પંચાયતોમાં ૩૭ બેઠકો પર વોર્ડ વાઈઝની ખાલી જગ્યા પર ચૂંટણી થશે. તાલુકા મથકે તાલુકા પંચાયત કચેરીમાં અને મામલતદાર કચેરીમાં ગામે ગામથી આવતા ઉમેદવારો ફોર્મ ભરવાની પ્રક્રિયા અને જરૂરી આધાર - પુરાવા સાથે ડોક્યુમેન્ટ લેવા પસીનો પાડી રહ્યા છે.

**ગ્રામ સ્વરાજ્યનો જંગ ૨૦૨૫**

તાલુકાના વિથોણ ગામે પાંચ જેટલા ઉમેદવારોએ ફોર્મ ઉપાડ્યા છે, ત્યાં ચૂંટણી યોજાય તે નક્કી છે. વિથોણમાં અનુસૂચિત જાતિ મહિલા અનામ બેઠકનું રોટેશન છે. ત્યાં જનરલ ગ્રામસભા યોજાઈ ગઈ પરંતુ કોઈ સમરસ થયાનું જાણવા મળેલ નથી. ત્યાં લોચા વાલબાઈ દાનજીભાઈ ચાવડા, મગીબેન ખેંગાર, લક્ષ્મીબેન વિઠ્ઠલભાઈ મહેશ્વરી, પાયણ રતનબેન શિવજીભાઈ દ્વારા ચૂંટણી ફોર્મ ભરાય તેવી વકી છે. અન્ય ઉમેદવારો પણ ઝંપલાવશે. તો સાંયરા (યક્ષ) બિનઅનામત સામાન્ય બેઠક પર પૂર્વ સરપંચ ધીરજલાલ રામજી પટેલ તથા જયંતીલાલ નાકરાણી વચ્ચે જંગ જામે તેવા એંધાણ છે. સાંસદના ગામ સુખપર (રોહા)માં વિક્રમભાઈ ગરવા, મુળજીભાઈ ચાવડા, પ્રેમજીભાઈ ભુડિયા સહિત ઉમેદવારો સરપંચની રેસમાં ઝંપલાવશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. રોહા (સુમરી) ગ્રામ પંચાયતમાં ત્રિ-પાંખિયો જંગ જામે તેવું ચિત્ર ઉપસ્યું છે. માંજોઠી સાલેમામદ, ગોસ્વામી ધવલગિરિના નામો ચર્ચાઈ રહ્યા છે, ત્યાં બક્ષીપંચ અનામત બેઠક છે. તો કોટડા (રોહા)માં બક્ષીપંચ સ્ત્રી અનામત બેઠક પર રોશનબાનુ સૌક્તઅલી હિંગોરાએ ઉમેદવારી નોંધાવે તેવી વકી છે. મોટા અંગિયામાં સરપંચ પદે અ.જા. અનામત બેઠક પર સરપંચ આરૂઢ થશે. કાદિયા નાના - મોટામાં પણ ચૂંટણી યોજાઈ રહી છે. વિભાપર, નારાણપર (રોહા), ખીરસરા ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે. વંગ, ખારડિયા, ડાડોરમાં પણ પ્રથમ વખત ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાશે. અન્ય ૩૭ ગ્રામ પંચાયતના વોર્ડની ખાલી બેઠકો પર ચૂંટણી યોજાશે.

બીજીતરફ ઉમેદવારોનું જાતિ પ્રમાણપત્રના દાખલા તથા ૧૩ પાનાના ઉમેદવારી ફોર્મમાં મિલકત સબંધી વિગતો, ગુનાખોરીનો ઈતિહાસ, બાકી લેણાનો વેરાની વિગતો સહિતની અટપટી બિનજરૂરી માહિતી આપવા જતા ઉમેદવારને નાકે દમ આવી જાય છે. આ પડોજણના લીધે ઉમેદવારો ચૂંટણીમાં ઝંપલાવવાનું માંડી વાળે તેવી વાત પણ સપાટી પર છે. ગામડામાં ચૂંટણીને લઈ મેળા જેવો માહોલ છવાયો છે.

## નખત્રાણા નગરપાલિકાની ચૂંટણી જાહેર ન થતાં નગરજનો નિરાસ

**નખત્રાણા નગરપાલિકામાંથી વહિવટદારના રાજમાંથી ક્યારે મુક્તિ મળશે ? : રોટેશન જાહેર થયું, વોર્ડની રચના થઈ છતાં ચૂંટણી જાહેર ન થઈ : પ્રમુખનું રોટેશન બદલવા તથા વિરાણી ગામને નગરપાલિકામાં જોડવાના મુદા ચૂંટણી ન થવાના કારણો લોકમુખે ચર્ચાઈ રહ્યા છે**

નખત્રાણા : ચૂંટણીપંચ દ્વારા તાલુકાના મોટાભાગની ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર કરીને વહિવટદારના શાસનનો અંત આણ્યો છે, પરંતુ સૌથી મોટી ગ્રામ પંચાયતમાંથી નગરપાલિકા બનેલ નખત્રીાણા નગરપાલિકાની ચૂંટણી જાહેર ન થતાં નગરજનો નિરાસ થયા છે અને અહીં વહિવટદારના શાસનનો અંત ન આવતા લોકોની પીડામાં વધારો થયો છે. ચૂંટણી જાહેર ન થવા પાછળના કારણોમાં એક પ્રમુખ પદનું અને બીજું વિરાણી ગામને નગરપાલિકામાં સમાવેશ કરી અને ઉચ્ચ કક્ષાનો દરજ્જો મળે તથા વોર્ડ વાઈઝનની પુન રચનજા થાય તે માટે પણ રજૂઆત થઈ છે. અને તે પ્રક્રિયાના વિલંબમાં ચૂંટણી હજુ એક વર્ષ નહીં થાય તેવા સંજોગો ઉભા થયા છે તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

# સરાસરી હાજરીના નિયમથી કચ્છની ગ્રાન્ટેડ શાળાઓનો વાગી જશે મૃત્યુઘંટ

**શહેરમાં ૩૬ અને ગ્રામ્યમાં ૨૪ની સંખ્યા ન જળવાય તો વર્ગ બંધ કરવાની જોગવાઈ બની મુસીબત : કોઈ એક વર્ષ હાજરી ઘટે તો ગ્રાન્ટ ન લેવાની શરતે વર્ગ ચાલુ રાખી, ત્રણ વર્ષ સરાસરી ન જળવાય તો વર્ગ બંધ કરવાની જોગવાઈ કરવા સંચાલકોની લાગણી**

ભુજ : શિક્ષણ ક્ષેત્રે અનેકવિધ પડકારોથી સતત ઝઝૂમતા રહેતા કચ્છ જિલ્લામાં સરાસરી હાજરીનો ઠરાવ ગ્રાન્ટેડ શાળાઓ માટે મુસીબત બન્યો છે. શહેરની શાળાઓમાં ૩૬ અને ગ્રામ્ય શાળાઓમાં ૨૪ વિદ્યાર્થીઓની સંખ્યા ન જળવાય તો વર્ગ બંધ કરી દેવાની જોગવાઈથી કચ્છમાં કેટલીક ગ્રાન્ટેડ શાળાઓ બંધ થવાની ભીતિ સર્જાઈ છે. જો નિયમમાં છૂટછાટ નહીં અપાય તો કચ્છ સહિત રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલો ટપોટપ બંધ થવા લાગશે અને ધીમે-ધીમે ગ્રાન્ટેડ શાળાઓનું અસ્તિત્વ જ મટી જશે તેવી ભીતિ સંચાલકો વ્યક્ત કરી રહ્યા છે. ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકોએ સરાસરી હાજરીના નિયમમાં કેટલીક છૂટછાટ આપવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરી છે.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ કચ્છ સહિત રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોમાં સરાસરી હાજરી માટે વર્ષ ૨૦૨૩માં એક ઠરાવ કરવામાં આવ્યો હતો, જેમાં શહેરી વિસ્તારમાં ૩૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૪ વિદ્યાર્થીઓની સંખ્યા ન જળવાય તો સીધા જ વર્ગ બંધ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. અગાઉ વર્ષ ૨૦૧૧માં થયેલ ઠરાવમાં સરાસરી હાજરી ન જળાવય તો અમુક ટકા ગ્રાન્ટ કાપ આપીને વર્ગો ચાલુ રાખવાની જોગવાઈ હતી, જેથી ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકો દ્વારા કોઈ એક વર્ષ સરાસરી હાજરી ઘટે તો ગ્રાન્ટ ન લેવાની શરતે વર્ગ ચાલુ રાખી જો સતત ત્રણ વર્ષ સરાસરી ન જળવાય તો જ વર્ગ બંધ કરવાની જોગવાઈનો અમલ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

કચ્છમાં ગ્રાન્ટેડ સ્કૂલોના સરાસરી હાજરીના નિયમોને લઈ શાળાઓની સ્થિતિ કફોળી બની હોવાની વિગતો સામે આવી છે. સરકાર દ્વારા ૭ ડિસેમ્બર, ૨૦૨૩ના ઠરાવ બહાર પાડી શહેરી વિસ્તારની શાળામાં ૩૬ અને ગ્રામ્ય વિસ્તારની શાળામાં ૨૪થી ઓછી સંખ્યા થાય તો સીધા જ ક્રમીક વર્ગો બંધ કરી દેવાનો નિયમ અમલી બનાવાયો છે. આ નિયમના કારણે ગ્રાન્ટેડ શાળાઓનો મૃત્યુઘંટ વાગી જશે તેવું સંચાલકો માની રહ્યા છે. સરકારી શાળાઓમાં સરાસરી હાજજરીનો નિયમ નથી, પરંતુ માત્ર ગ્રાન્ટેડ સ્કૂલો માટે જ આ નિયમ લાગુ કરવામાં આવતો હોવાથી ગ્રાન્ટેડ શાળાઓ મુશ્કેલીમાં મૂકાઈ છે. સરાસરી હાજજરી માટે ૮મી માર્ચ, ૨૦૧૧ના થયેલા ઠરાવમાં જો સ્કૂલોમાં સરાસરી હાજરી ઘટે તો ગ્રાન્ટ ન લેવાની શરતે વર્ગો ચાલુ રાખવાનું નક્કી કરાયું હતું. આમ જે પણ શાળામાં સરાસરી હાજરી નક્કી કરેલી વિદ્યાર્થી સંખ્યા કરતા ઓછી હોય તો સ્કૂલો ગ્રાન્ટન લેવાની શરતે વર્ગ ચાલુ રાખી શકતી હતી, પરંતુ વર્ષ ૨૦૨૩માં થયેલા ઠરાવમાં આ જોગવાઈ રદ કરી સરાસરી હાજરી ન જળવાય તો વર્ગ બંધ કરી દેવાનું નક્કી કરાયેલું છે. ગ્રાન્ટેડ હાઈસ્કૂલોમાં ક્રમિક વર્ગો એટલે કે ધો.૧૦ અથવા ધો.૧૨ના વર્ગો પણ બંધ કરી દેવાની જોગવાઈ કરવામાં આવી છે. આ નિયમને લીધે અનેક શાળાઓ બંધ થવાની ભીતિ સર્જાઈ છે. શાળા સંચાલકો એક વર્ષ સરકરી હાજરી ઘટે તો ગ્રાન્ટ ન લેવાની શરતે અને સતત ૩ વર્ષ હાજરી ન જળવાય તો જ વર્ગ બંધ કરવાની જોગવાઈ ચાલુ કરવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરી રહ્યા છે.


प्रार्थनासभा

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥



स्व. श्री सज्जनकुमार गुगनराम अग्रवाल
उम्र वर्ष 57
बड़े दुख के साथ कहना पड़ रहा है कि हमारे प्रिय पिताश्री का आकस्मिक निधन दिनांक 2.6.2025, सोमवार को हो गया है ।
सद्गत की प्रार्थना सभा दिनांक - 09.06.2025 (सोमवार)
समय : सांय 4:30 से 5:30 बजे तक
स्थल : अंबे माँ मंदिर हॉल, ओस्लो, सेक्टर-4, गांधीधाम (कच्छ)
शोकाकुल परिवार
रामकुमार, विनोदकुमार, राकेश कुमार (भ्राता)
सौरभ अग्रवाल, पार्थ अग्रवाल (पुत्र)
मुकेशकुमार, राहुलकुमार, ऋषभ (भतीजे)
एवं समस्त गोल्यान परिवार, नावां सिटी
: फर्म :
श्री केम फूड प्राइवेट लिमिटेड, गांधीधाम
भगवती साल्ट कंपनी, नावां सिटी



ઝાયડસ હૉસ્પિટલ, અમદાવાદ દ્વારા
ભુજમાં સ્વાદુપિંડ, આંતરડા અને લીવરના રોગોની ઓપીડી
LNM LIONS HOSPITAL | zydus Hospitals



સ્વાદુપિંડ, આંતરડા અને લીવરના રોગોના નિષ્ણાંત
ડૉ. અજય ચોક્સી
MD, DM
પેટ, આંતરડા અને લીવરના રોગના લક્ષણો
• કમળો • લીવરના રોગો • લીવર સીરોસીસ • પેટમાં પાણી ભરાવુ • પેટમાં દુ:ખાવો • સ્વાદુપિંડમાં સોજો અથવા ઈન્ફેક્શન (પેન્ક્રિયાટાઈટિસ) • ઝાડામાં અથવા ઉલ્ટીમાં પડતુ લોહી • લાંબા સમયથી ઝાડા • આંતરડા અને જઠરમાં ચાંદા • અલ્સરેટિવ કોલાઈટિસ • આંતરડાનો ટીબી
10-06-2025 (મંગળવાર) સવારે 10:00 થી 02:00
LNM ગ્રુપ લાયન્સ હૉસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર
રાવલવાડી રીલોકેશન સાઈટ, રઘુવંશી ચોકડી પાસે, ભુજ
રજીસ્ટ્રેશન માટે સંપર્ક: 78744 01212
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.
ઝાયડસ હૉસ્પિટલ રોડ, એસ.જી. હાઈવે, થલતેજ, અમદાવાદ - 54. 079 6619 0300



દ્વિતીય વાર્ષિક ભાવાંજલિ



સ્વ. શ્રી સાવજસિંહજી વખતસિંહજી જાડેજા
જન્મ તા. ૨૪/૦૯/૧૯૫૦, સ્વ. તા. ૦૮/૦૬/૨૦૨૩
ગામ : વિંઝાણ, હાલે : ભુજ-કચ્છ, ઉ.વ. ૭૩

અમારા પરિવારના મોભી વડીલ માર્ગદર્શક, કચ્છ ક્ષત્રિય સમાજના પૂર્વ ઉપપ્રમુખ, કચ્છ ઈતિહાસ પરિષદના પ્રમુખશ્રી, સમાજપ્રેમી કોમી એકતાના પ્રખર હિમાયતી કચ્છ ક્ષત્રિય સમાજની એકતાના હિમાયતી, પરોપકારી સ્વભાવ, અતિથિ સત્કારની ઉત્તમ ભાવનાવાળા, દિલાવર દિલના દાતા તેમજ કચ્છ ઈતિહાસ અને ભૌગોલિક સંશોધનોમાં કુનેહશક્તિ તથા વિચક્ષણ બુદ્ધિનું ખુબજ અનેરું યોગદાન રહ્યું હતું જે ક્યારે નહીં ભુલાય. મા આશાપુરા આપની દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે અને આપના આશીર્વાદ પરિવાર ઉપર હંમેશાં અવિરત રહે તેવી પ્રાર્થના...

:::: શોકમગ્ન ::::

પુત્ર : • જાડેજા વિરભદ્રસિંહજી સાવજસિંહજી (અધ્યક્ષશ્રી, રાજપૂત કરણી સેના ગુજરાત પ્રદેશ) (ઉપપ્રમુખશ્રી, કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સભા)
પુત્ર : • જાડેજા શિવભદ્રસિંહજી સાવજસિંહજી (Admin Senior Manager D.P. World Mundra Port)
ભાઈઓ : • જાડેજા કિશોરસિંહજી વખતસિંહજી (પૂર્વ બાંધકામ ચેરમેન, કચ્છ જિલ્લા પંચાયત)
• જાડેજા સજ્જનસિંહજી વખતસિંહજી (સરપંચશ્રી, વિંઝાણ ગ્રામ પંચાયત)
• સ્વ. જાડેજા પ્રાગજીભા અમરસિંહજી
• જાડેજા હરિશચંદ્રસિંહજી અમરસિંહજી (પ્રમુખશ્રી, રાજપૂત ક્ષત્રિય સમાજ અબડાસા તાલુકા)
• જાડેજા રઘુવીરસિંહજી અમરસિંહજી (નર્મદા એસ્ટેટ-રાજકોટ)
• જાડેજા વિક્રમસિંહજી અમરસિંહજી (સ્થાપક પ્રમુખશ્રી, કચ્છ જિલ્લા સરપંચ સંગઠન)
પૌત્ર : • જાડેજા હર્દીપસિંહ વિરભદ્રસિંહજી • જાડેજા ધર્મદીપસિંહ વિરભદ્રસિંહજી
• જાડેજા મહિપાલસિંહ શિવભદ્રસિંહજી
ભત્રીજા : • જાડેજા જસરાજસિંહ કિશોરસિંહજી • જાડેજા દેવદત્તસિંહ કિશોરસિંહજી • જાડેજા સત્યજીતસિંહ સજ્જનસિંહજી
• જાડેજા કુમારસિંહ સજ્જનસિંહજી • જાડેજા મહાવીરસિંહ પ્રાગજીભા • જાડેજા હકુમતસિંહ પ્રાગજીભા (પ્રમુખશ્રી,
• જાડેજા રામદેવસિંહ પ્રાગજીભા • જાડેજા હનુમંતસિંહ હરિશચંદ્રસિંહ રાજપૂત કરણી સેના અબડાસા તાલુકા)
• જાડેજા હરપાલસિંહ હરિશચંદ્રસિંહ • જાડેજા વિરમદેવસિંહ રઘુવીરસિંહ
• જાડેજા જશપાલસિંહ રઘુવીરસિંહ (એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ) • જાડેજા યુવરાજસિંહ વિક્રમસિંહ
પૌત્ર : • જાડેજા તીર્થરાજસિંહ મહાવીરસિંહ (કેપ્ટન સૌરાષ્ટ્ર ક્રિકેટ અન્ડર ૧૯ ટીમ) • જાડેજા પાર્થરાજસિંહ હકુમતસિંહ
• જાડેજા ધર્મરાજસિંહ હકૂમતસિંહ • જાડેજા હર્ષરાજસિંહ રામદેવસિંહ • જાડેજા યશવીરસિંહ વિરમદેવસિંહ
બનેવી સાહેબશ્રી : • મહાવીરસિંહ તખુભા ઝાલા (કોંઢ) • દાનુભા બાલુભા ગોહિલ (ત્રાપજ)
• સુરેન્દ્રસિંહ વરસુભા ગોહિલ (ગાંધીધામ) • ભુપેન્દ્રસિંહ કિરીટસિંહ ગોહિલ (ત્રાપજ)
જમાઈ શ્રી : • સિદ્ધરાજસિંહ હરિશચંદ્રસિંહ ઝાલા (ઈસનપુર-હળવદ) • જીતેન્દ્રસિંહ સજુભા સાહેબ ઝાલા (સૌકા-લીંબડી)
• કર્મરાજસિંહ વિરભદ્રસિંહ ચુડાસમા (કાદીપુર, હાલે-USA)
• અજયસિંહ ગિરિરાજસિંહ સરવૈયા (ન્યુ ભારત સ્ટીલ, સિહોર)
• ડૉ. હરપાલસિંહ મહેન્દ્રસિંહ વાઘેલા (મહર્ષિ હોસ્પિટલ, સુરેન્દ્રનગર)
• રાજદીપસિંહ કિશોરસિંહ ગોહિલ (આર. કે. ગાર્ડન હોટલ, વરતેજ)
સાળા શ્રી : • વાઘેલા ધર્મેન્દ્રસિંહ કલ્યાણસિંહ • વાઘેલા દિલીપસિંહ કલ્યાણસિંહ • વાઘેલા શૈલેન્દ્રસિંહ કલ્યાણસિંહ
(વાસણા ઈયાવા) • વાઘેલા પ્રતાપસિંહ ભાવુભા • વાઘેલા ગજેન્દ્રસિંહ ભાવુભા
• શ્રી વખતસિંહ ભારાજી પરિવાર • શ્રી અમરસિંહ ભારાજી પરિવાર (વિંઝાણ-કચ્છ)